પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૩-૦૪-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૦૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# હોર્મુઝ પર અમેરિકાએ નાકાબંધી કરતા ફરી યુદ્ધના ભણકારા

## ઈરાનને મદદ નહીં કરવા ચીનને ટ્રમ્પે ખુલ્લી ચેતવણી આપી : આખાતમાં પુનઃ યુદ્ધના વાદળા ઘેરાતા ક્રૂડ ઓઈલના ભાવોમાં વધારો

નવી દિલ્હી, તા. ૧૩

અમેરિકા આજથી હોર્મુઝ સ્ટ્રેટ પર નાકાબંધી લાગુ કરવા જઈ રહ્યું છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ અનુસાર ભારતીય સમય અનુસાર સાંજે ૭:૩૦ વાગ્યાથી ઈરાનના બંદરો તરફ આવતા-જતા જહાજોને રોકવામાં આવશે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે નાકાબંધીનો હેતુ ઈરાનનું તેલ વેચાણ રોકવાનો છે. ટ્રમ્પ અનુસાર અન્ય ઘણા દેશો પણ આ પ્રયાસમાં અમેરિકાનો સાથ આપી રહ્યા છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનની સૈન્ય તાકાતને ભારે નુકસાન થયું છે અને તેમનું નૌકાદળ લગભગ ખતમ થઈ ગયું છે. તેમણે કહ્યું કે ૧૫૮ જહાજો તબાહ કરવામાં આવ્યા છે.આ દરમિયાન વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાનમાં થયેલી વાટાઘાટો નિષ્ફળ થયા પછી અમેરિકા ઈરાન પર ફરીથી સૈન્ય હુમલા કરવા પર પણ વિચાર કરી રહ્યું છે. વ્હાઈટ હાઉસે સ્પષ્ટ કર્યું છે કે બધા વિકલ્પો ખુલ્લા છે અને પરિસ્થિતિ અનુસાર આગળનો નિર્ણય લેવામાં આવશે.અમેરિકા આજથી હોર્મુઝ સ્ટ્રેટ પર નાકાબંધી લાગુ કરવા જઈ રહ્યું છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ અનુસાર, ભારતીય સમય અનુસાર સાંજે ૭:૩૦ વાગ્યાથી ઈરાનના બંદરો તરફ આવતા-જતા જહાજોને રોકવામાં આવશે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે નાકાબંધીનો હેતુ ઈરાનના ઓઈલ વેચાણને રોકવાનો છે. ટ્રમ્પ



અનુસાર, અન્ય ઘણા દેશો પણ આ પ્રયાસમાં અમેરિકાનો સાથ આપી રહ્યા છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનની સૈન્ય તાકાતને ભારે નુકસાન થયું છે અને તેની નૌકાદળ લગભગ ખતમ થઈ ગયું છે. તેમણે કહ્યું કે ૧૫૮ જહાજો નષ્ટ કરવામાં આવ્યા છે.નાકાબંધીની જાહેરાત પછી વૈશ્વિક ઓઈલ કિંમતોમાં તીવ્ર ઊછાળો આવ્યો છે. વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ૧૦૪ ડોલર પ્રતિ બેરલ અને બ્રેન્ટ ક્રૂડ ૧૦૨ ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે.આ દરમિયાન વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાનમાં થયેલી વાટાઘાટો નિષ્ફળ થયા પછી અમેરિકા ઈરાન પર ફરીથી સૈન્ય હુમલા કરવાની પણ વિચારણા કરી રહ્યું છે. વ્હાઈટ હાઉસે સ્પષ્ટ કર્યું છે કે બધા વિકલ્પો ખુલ્લા છે અને પરિસ્થિતિ અનુસાર આગળનો નિર્ણય લેવામાં આવશે.ઈરાનમાં હુમલાઓને કારણે ખોરવાયેલી રેલ સેવાઓ હવે પુનઃસ્થાપિત કરવામાં આવી છે. તેહરાન, તબરીઝ અને મશહદ વચ્ચેની ટ્રેન સેવાઓ ૪-૫ દિવસ પછી ફરી શરૂ થઈ ગઈ છે. ઈરાની મીડિયા અનુસાર, ક્ષતિગ્રસ્ત રેલ લાઈનોના સમારકામ બાદ આ રૂટ પર ટ્રેનોની અવરજવર પુનઃસ્થાપિત કરવામાં આવી છે.આ પહેલા ૭ એપ્રિલની આસપાસ સુરક્ષા કારણો અને હુમલાઓને કારણે ઘણા મુખ્ય રેલ માર્ગો પર સેવાઓ રોકી દેવામાં આવી હતી. તેહરાન-તબરીઝ-વાન (તુર્કીયે) રૂટની ટ્રેન પણ ફરીથી શરૂ થઈ ગઈ છે, જે પુનઃસ્થાપિત ટ્રેક પરથી પસાર થઈ રહી છે.હુમલામાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું હતું, ત્યારબાદ સમારકામનું કામ ઝડપથી કરવામાં આવ્યું અને હવે સેવાઓ સામાન્ય થવા લાગી છે.

# મધ્ય પૂર્વમાં યુદ્ધનું સંકટ ઘેરાતા સેન્સેક્સ ૧૮૦૦ પોઈન્ટ તૂટયો

### સોનામાં ૮૦૦ તથા ચાંદીમાં ૫૦૦૦ રૂપિયાનું ગાબડું : રૂપિયો ૬૨ પૈસા ધોવાયો

નવી દિલ્હી, તા. ૧૩

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુધ્ધમાં સીઝફાયર બાદ યોજાયેલી શાંતિ મંત્રાણા નિષ્ફળ જવાના પગલે ફરી વખત યુધ્ધના વાદળો ઘેરાવવા લાગતા અને હોર્મુઝ સ્ટ્રેટ પર સંકટ સર્જાયાના એંધાણ વચ્ચે આજે ફરી એક વખત શેર બજારથી માંડીને તમામ માર્કેટોમાં ગભરાટ સર્જાયો હતો અને મોટી ઉથલપાથલ વચ્ચે મંદીનું મોજુ ફરી વળ્યું હતું.સેન્સેક્સ ઈન્ટ્રા-ડે ૧૮૦૦ પોઈન્ટ ગગડ્યો હતો. સોના-ચાંદીમાં પણ ગાબડા પડ્યા હતા, બીજી તરફ ક્રૂડતેલમાં ૮ ટકાનો જોરદાર ઉછાળો નોંધાયો હતો. જ્યારે ડોલર સામે રૂપિયો પણ ધરાશાયી થઈ ગયો હતો.અમેરિકા-ઈરાન વચ્ચેની શાંતિ વાટાઘાટો નિષ્ફળ ગયાના અને



બંનેએ ફરી વખત હાકલા-પડકારા શરૂ કરી દીધાના સંકેતોના પગલે શેરબજાર શરૂઆતમાં જ ગેપડાઉન ખુલ્યું હતું અને ગભરાટફરી વેચવાલીનો મારો ચાલુ રહેવાના પગલે માર્કેટ સતત નીચે સરકવા લાગ્યું હતું. વાટાઘાટો નિષ્ફળ જવાના પગલે ફરી વખત મધ્ય પૂર્વમાં યુધ્ધ ભડકશે અને આ વખતે આર...યા પાર જેવી લડાઈ જામવાનો ભય વ્યક્ત થવા લાગ્યો હતો.ઈરાને હોર્મુઝ ખાડી બંધ કરી દેતા હવે અમેરિકાએ પણ ચારેતરફ નાકાબંધી જાહેર કરતાં ક્રુડની સપ્લાઈ ચેઈન સંપૂર્ણ ખોરવાઈ જવાની ભીતિ વ્યક્ત થવા લાગી છે

અનુસંધાન પાના ૭ પર

# ન્યૂઝીલેન્ડના આઈલેન્ડમાં ૧૨૦ કીમીની ઝડપે વાવાઝોડું ફુંકાયું

### ૧૧નાં મોત અને જાનમાલને વ્યાપક નુકશાન

નવી દિલ્હી, તા. ૧૩

ન્યૂઝીલેન્ડના ઉત્તરના ટાપુ (નોર્થ આઈલેન્ડ) ઉપર રવિવારે પ્રચંડ ચક્રવાત ત્રાટક્યો હતો. તેથી અનેક વૃક્ષો ધરાશાયી થયાં હતાં. વીજળીના થાંભલાઓ પણ પડી ગયા હતા. પરિણામે સેંકડો ઘરોમાં વીજળી ડૂલ થઈ ગઈ હતી.

સૌથી વધુ ભયજનક બાબત તો તે છે કે ન્યૂઝીલેન્ડના હવામાન વિભાગે જાહેર કર્યું છે કે, સંભવતઃ હજી પણ વધુ પ્રબળ તોફાન આવવાની ભીતિ છે. તેથી હજ્જારો નાગરિકોને ઉંચાઈવાળા સ્થળોએ લઈ જવાયા હતા.

ચક્રવાતનું નામ વૈયાનુ આપવામાં આવ્યું છે. કેટલાંક વિસ્તારોમાં રેડ-લેવલ-વૉર્નિંગ જાહેર કરાઈ છે. ન્યૂઝીલેન્ડના ઈમર્જન્સી મેનેજમેન્ટ મિનિસ્ટર માર્ક માઈકેલે પણ જણાવ્યું હતું કે તટપ્રદેશનાં વિસ્તારોમાં તો ભારે તબાહી થઈ ગઈ હતી. કારણ કે પ્રચંડ વેગ (કલાકના ૧૩૦ કિ.મી.ની ઝડપે) ફુંકાતા પવનોને લીધે સમુદ્રનાં મોજાં પણ ઘણાં ઊંચા ઉછળ્યાં હતાં.

આ ચક્રવાતની સૌથી વધુ ખરાબ અસર વ્હાનગરી શહેર ઉપર થઈ હતી. એ શહેર ઉપર ૨૦૨૩માં પણ ચક્રવાત ગેબ્રિયલ ત્રાટક્યો હતો. જેથી ૧૧નાં મૃત્યું થયાં હતાં અને હજ્જારોને સ્થળાંતરિત કરવા પડયા હતા. આ સદીમાં હજી સુધીમાં થયેલી આ સૌથી ભયાવહ કુદરતી આપત્તિ હતી.

# સાઉદી અને કતાર પાકિસ્તાનને રૂ. ૪૬,૫૦૦ કરોડની મદદ કરશે

### સાઉદી અને કતારની આર્થિક મદદથી પાક. યુએઈનું દેવું ચૂકવશે

નવી દિલ્હી, તા. ૧૩

પાકિસ્તાનને સાઉદી અરેબિયા અને કતાર પાસેથી ૫ અબજ ડોલર (લગભગ ૪૬,૫૦૦ કરોડ રૂપિયા)ની નાણાકીય સહાય મળશે. આ મદદ એવા સમયે આવી રહી છે જ્યારે દેશે આ મહિનાના અંત સુધીમાં UAEને ૩.૫ અબજ ડોલર (લગભગ ૨૯,૦૦૦ કરોડ રૂપિયા) ચૂકવવાના છે.

ડોન અખબારના અહેવાલ મુજબ, પાકિસ્તાનની નબળી વિદેશી મુદ્રાની સ્થિતિને સંભાળવા માટે આ મદદ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. UAEએ તાજેતરમાં લોન રોલઓવરની નીતિમાં ફેરફાર કર્યા હતા. ત્યારબાદ પાકિસ્તાને એપ્રિલ સુધીમાં UAEની ૩.૫ અબજ ડોલરની લોન ચૂકવવાનો નિર્ણય કર્યો.

નિર્ધારિત શેડ્યૂલ મુજબ, ૨૩ એપ્રિલ સુધીમાં પાકિસ્તાને આ લોનનો છેલ્લો હપ્તો ચૂકવવાનો છે. એનો અર્થ એ છે કે લોન ચૂકવવા માટે માત્ર ૧૧ દિવસનો સમય બાકી છે. આ ઉપરાંત, એપ્રિલમાં પાકિસ્તાને કુલ લગભગ ૪.૮ અબજ ડોલર ચૂકવવાના છે, જેમાં એક મોટો બોન્ડ પણ સામેલ છે.IMFએ પાકિસ્તાનની ખરાબ આર્થિક સ્થિતિને સંભાળવા માટે ૩ વર્ષનો કાર્યક્રમ શરૂ કર્યો છે, જેના હેઠળ તેને લગભગ ૭ અબજ ડોલરની મદદ મળશે.તેના બદલામાં IMFએ શરત મૂકી છે કે પાકિસ્તાનના મોટા દેણદારો સાઉદી અરેબિયા, ચીન અને UAE તેમના દેવાના પૈસા ૩ વર્ષ સુધી પાકિસ્તાનમાં જ રાખશે, એટલે કે તેઓ પૈસા પાછા નહીં ખેંચે. રિપોર્ટ્સ અનુસાર, આગળ જતાં કતાર, UAEનું સ્થાન લઈ શકે છે.UAE એ તાજેતરમાં દેવું રોલઓવર કરવાની નીતિ બદલીને શોર્ટ-ટર્મ એક્સટેન્શન શરૂ કર્યું છે, જેનાથી પાકિસ્તાન પર વહેલી ચુકવણીનું દબાણ વધ્યું છે. આ પછી, પાકિસ્તાને UAEનું ૩.૫ અબજ ડોલર એટલે કે લગભગ ૨૯,૦૦૦ કરોડ રૂપિયાનું દેવું ૧૧, ૧૭ અને ૨૩ એપ્રિલે અલગ-અલગ હપ્તામાં પરત કરવાનો નિર્ણય લીધો.

અનુસંધાન પાના ૭ પર

# નોઈડામાં કામદારોનું તોફાન ભારે પથ્થર મારો, આગજની

### કામદારોએ ૧૦ ગાડીઓ ફુંકી મારતા પોલીસે ટીયર ગેસના શેલ છોડયા

નવી દિલ્હી, તા. ૧૩

નોઈડામાં પગાર વધારાની માંગણીને લઈને પ્રદર્શન કરી રહેલા મધરસન કર્મચારીઓનું પ્રદર્શન સોમવારે સવારે હિંસક બન્યું. કર્મચારીઓ ૩ દિવસથી પ્રદર્શન કરી રહ્યા હતા.સુનાવણી ન થતા કર્મચારીઓ સવારે ઉગ્ર બન્યા. તેઓ રસ્તા પર ઉતરી આવ્યા. ત્યાં પથ્થરમારો શરૂ કરી દીધો. ઘણી ગાડીઓ અને બસોને આગ લગાડી દીધી. પોલીસે રોકવાનો પ્રયાસ કર્યો તો પોલીસની ગાડી પલટાવી દીધી.પરિસ્થિતિ વણસતા જિલ્લાના અનેક પોલીસ સ્ટેશનોનો ફોર્સ ઘટનાસ્થળે પહોંચ્યો. પોલીસે કર્મચારીઓને રોકવાનો પ્રયાસ કર્યો તો તેમના પર પથ્થરમારો કર્યો. પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા. ઘટના નોઈડા ફેઝ-૨ની છે.નોઈડાના ફેઝ ૨ વિસ્તારમાં સ્ટેટ મધરસન કંપનીની બહાર કર્મચારીઓએ કારમાં આગ લગાવી દીધી. સેક્ટર ૧૫ અને ૬૨માં પણ કર્મચારીઓએ વિરોધ પ્રદર્શન કર્યું. ગઈકાલે જ, શ્રમ વિભાગના મુખ્ય સચિવ એમકેએસ સુંદરમે જિલ્લા વહીવટીતંત્ર અને ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી અને કર્મચારીઓને તેમની માંગણીઓ પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

અનુસંધાન પાના ૭ પર

# મહિલા અનામત બિલ પાસ કરી સંસદ નવો ઈતિહાસ રચશે : વડાપ્રધાન મોદી

### દિલ્હી ખાતે રાષ્ટ્રીય મહિલા સંમેલનને સંબોધતા પ્રધાનમંત્રી મોદી

નવી દિલ્હી, તા. ૧૩

પીએમ નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું, હું ખૂબ જ જવાબદારી સાથે કહી રહ્યો છું કે આ ૨૧મી સદીના મહત્વપૂર્ણ નિર્ણયોમાંનો એક છે, જે મહિલા શક્તિને સમર્પિત છે. મહિલા શક્તિ પૂજા માટે સમર્પિત છે. આપણા દેશની સંસદ એક નવો ઈતિહાસ રચવાની નજીક છે. દિલ્હી ખાતે આયોજીત રાષ્ટ્રીય મહિલા સમ્મેલનને સંબોધતા

મોદીએ કહ્યું, એક નવો ઈતિહાસ જે ભૂતકાળના દ્રષ્ટિકોણોને સાકાર કરશે, જે ભવિષ્યના



સંકલ્પોને પૂર્ણ કરશે. એક એવા ભારત માટેનો સંકલ્પ જે સમાનતાવાદી હોય, જ્યાં સામાજિક ન્યાય માત્ર એક સૂત્ર ન હોય, પરંતુ આપણી કાર્ય સંસ્કૃતિ અને નિર્ણય લેવાની પ્રક્રિયાઓનો એક સ્વાભાવિક ભાગ હોય.

પીએમ મોદીએ કહ્યું, "હું અહીં કોઈને ઉપદેશ આપવા કે જગાડવા આવ્યો નથી. હું અહીં તમારા આશીર્વાદ લેવા આવ્યો છું. તમે દેશના ખૂણે ખૂણેથી આવ્યા છો. તમારી હાજરી અને આ કાર્ય માટે તમે જે સમય કાઢ્યો છે તે બદલ હું તમને અભિનંદન આપું છું."

હું ભારતની તમામ મહિલાઓને નવા યુગના આગમન પર અભિનંદન આપું છું. લોકશાહી માળખામાં મહિલાઓ માટે અનામતની જરૂરિયાત દાયકાઓથી અનુભવાઈ રહી છે. મહિલા અનામત બિલની ચર્ચા થયાને લગભગ ચાલીસ વર્ષ વીતી ગયા છે.

અનુસંધાન પાના ૭ પર

# નેતાજી સુભાષ ચંદ્ર બોઝના પૌત્ર ટીએમસીમાં જોડાયા

### ભાજપ ભાગલાવાદી રાજનીતિ કરે છે: ચંદ્ર કુમારનું નિવેદન

નવી દિલ્હી, તા. ૧૩

સુભાષચંદ્ર બોઝના પૌત્ર અને પૂર્વ ભાજપ નેતા ચંદ્ર કુમાર બોઝ રવિવારે ટીએમસીમાં જોડાયા. બોઝે રાજ્ય મંત્રી બ્રાત્ય બસુ અને ટીએમસી સાંસદ કીર્તિ આઝાદની હાજરીમાં સત્તાધારી પક્ષમાં જોડાયા.

ટીએમસીમાં જોડાયા બાદ ચંદ્ર કુમારે કહ્યું- આજે આપણે જોઈ રહ્યા છીએ કે ભાજપ ભાગલાવાદી રાજનીતિ કરે છે અને સાંપ્રદાયિક નફરત ફેલાવે છે. હવે આપણે ભારતને બચાવવા અને ભાગલાવાદી રાજનીતિનો વિરોધ કરવા માટે લડવું પડશે.

ચંદ્ર બોઝ ૨૦૧૬માં ભાજપમાં જોડાયા હતા અને તે જ વર્ષે ભવાનીપુરથી મુખ્યમંત્રી મમતા બેનર્જી સામે વિધાનસભા ચૂંટણી લડ્યા હતા, પરંતુ તેઓ હારી ગયા. બાદમાં તેમણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી કોલકાતા દક્ષિણથી લડી હતી પરંતુ તેમને ફરીથી હારનો સામનો કરવો પડ્યો હતો. ૨૦૨૩માં તેમણે ભાજપ છોડી દીધું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે સાંજે ૪ વાગ્યે 'મારો બૂથ-સૌથી મજબૂત સંવાદ' કાર્યક્રમ દ્વારા તમિલનાડુના ભાજપ કાર્યકર્તાઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કરશે.

તમિલનાડુમાં ચૂંટણી પ્રચાર દરમિયાન, નાગપટ્ટિનમમાં નામ તમિલાર કાચીના ઉમેદવાર

અનુસંધાન પાના ૭ પર

### સુરેન્દ્રનગર હાઈ-વે પર ભાસ્કર પરા પાટીયા નજીક

# પદયાત્રી સંઘ પર ટ્રક ફરી વળતા સાતનાં મોત

### કાળમુખા ટ્રકે મુંધવા પરિવારનાં પાંચ મહિલા અને બે પુરુષોને કચડી માર્યા : ચાર શ્રદ્ધાળુઓ ઘાયલ

સુરેન્દ્રનગર, તા. ૧૩

સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે તાજેતરમાં સુરેન્દ્રનગર જિલ્લામાં જે બ્લેક સ્પોટ જાહેર કરવામાં આવ્યા છે જેમાં હવે ૦૬ વધી અને બ્લેક સ્પોટ સંખ્યા ૦૯ થઈ ગઈ છે આજે સુરેન્દ્રનગર જિલ્લાના સુરેન્દ્રનગર વિરમગામ હાઈવે ઉપર આવેલા ભાસ્કર પરાના પાટીયા નજીક અકસ્માત સર્જાયો છે.ગમ્મખવાર અકસ્માતમાં ઘટના સ્થળે સાત લોકોના મોત નીપજવામાં પામ્યા છે ત્યારે આ બાબત ની જાણ લખતર પોલીસને થતા તાત્કાલિક લખતર પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ



છે અને આ સંદર્ભે તપાસ શરૂ કરવામાં આવી છે બેફામ દોડતા ટ્રક ચાલક દ્વારા ૧૦ લોકોને હડફેટે લેવામાં આવ્યા છે જે પૈકી ૦૭ લોકોના મોત થયા છે.લખતર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી રહી અને આ મુદ્દે તપાસ શરૂ કરવામાં આવતા રાજકોટના ગઢકા ગામેથી દેકાવાડા ખાતે મહાદેવજીના મંદિરે સંઘ લઈને જતા હતા તે દરમિયાન બેફામ દોડતા ટ્રક ચાલક દ્વારા ભાસ્કર પરા ગામના પાટીયા નજીક યાત્રાળુઓને હડફેટે લેવામાં આવ્યા છે.અકસ્માતમાં પાંચ મહિલા અને બે પુરુષોના મોત નીપજવા પામ્યા છે હજુ પણ અન્ય ત્રણ લોકોની હાલત ગંભીર છે અને તપાસ કરવામાં આવતા ભરવાડ સમાજના મૂંધવા પરિવાર હોવાનું પણ સામે આવ્યું છે ત્યારે હાલમાં મૃતકોની ઓળખ શરૂ કરવામાં આવી છે.અકસ્માત એટલો ગમખ્વાર હતો કે જે મૃતદેહ છે તેને પાવડાથી હાઈવે ઉપરથી ભરવામાં આવ્યા છે અને હાલ લખતર પોલીસે ટ્રાફિક હળવો કરવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો છે. હાલના તબક્કામાં તમામ મૃતદેહોને સુરેન્દ્રનગરની લખતર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે ઈજા ગ્રસ્તોને વિરમગામ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી અને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.ત્યારે મૃતક રાજકોટના જિલ્લના હોવાના કારણે તેમના પરિવારજનો પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા છે અને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળવા પામ્યું છે લખતર પોલીસે આ મુદ્દે ગુનો દાખલ કરી અને વધુ તપાસ શરૂ કરી છેઆ દુર્ઘટનામાં મસાભાઈ કરશનભાઈ મુંધવા,

અનુસંધાન પાના ૭ પર

# યુગાન્ડાના આર્મી ચીફે લગ્ન માટે તુર્કી પાસે સૌથી સુંદર મહિલા માંગી

### તુર્કી સુંદર યુવતી અને એક અબજ ડોલર નહીં આપે તો ડિપ્લોમેટિક સંબંધો તોડી નાખવા ધમકી

નવી દિલ્હી, તા. ૧૩

યુગાન્ડાના આર્મી ચીફ અને રાષ્ટ્રપતિના પુત્ર મુહુજી કૈનેરુગાબાએ તુર્કી પાસેથી ૧ અબજ ડોલર (?૯૦૦૦ કરોડ) અને દેશની 'સૌથી સુંદર મહિલા'ને પોતાની પત્ની બનાવવાની માંગ કરી. તેમણે ચેતવણી આપી કે જો માંગ પૂરી નહી થાય તો તુર્કી સાથેના રાજદ્વારી સંબંધો તોડી નાખવામાં આવશે અને ટર્કિશ એરલાઈન પર પ્રતિબંધ લાગી શકે છે. કૈનેરુગાબાએ ઠ પર લખ્યું કે જો તુર્કીએ અમારી સમસ્યાઓનું સમાધાન ન કર્યું, તો ૩૦ દિવસમાં સંબંધો તોડી નાખવામાં આવશે. તેમણે કહ્યું કે કાં તો તેઓ અમારી માંગ કરે અથવા અમે તેમનો દૂતાવાસ બંધ કરી દઈશું. તેમણે યુગાન્ડાવાસીઓને તુર્કીની યાત્રા ટાળવાની સલાહ આપી અને ઈઝરાયેલના સમર્થનમાં ૧ લાખ સૈનિકો મોકલવાની ઓફર કરી. જોકે, આ અંગે તુર્કી તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. કૈનેરુગાબાએ પોસ્ટમાં તુર્કીયે પર આરોપ લગાવ્યો કે તેણે સોમાલિયામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પોર્ટ અને એરપોર્ટ પ્રોજેક્ટ્સથી ફાયદો ઉઠાવ્યો, જ્યારે યુગાન્ડાએ અલ-શબાબ જેવા આતંકી સંગઠનો સામે લડવાનો બોજ ઉઠાવ્યો. આ જ આધારે તેણે ૧ અબજ ડોલરની માંગ કરી. હાલમાં પણ કૈનેરુગાબાએ સોશિયલ મીડિયા પર ઘણી વિવાદાસ્પદ પોસ્ટ કરી છે. તેણે વિપક્ષ નેતા બોબી વાઈનને લઈને માથું કાપી નાખવા જેવી ધમકી આપી, જેના પર ઘણો વિવાદ થયો. જોકે, બાદમાં તેણે તેને મજાક ગણાવ્યો અને માફી માંગી લીધી. આ દરમિયાન, કૈનેરુગાબાએ થોડા દિવસો પહેલા ઠ એકાઉન્ટ હટાવી દીધું હતું. પછી તેણે 'આઈ એમ બેક' લખીને વાપસીની જાહેરાત કરી અને કહ્યું હતું કે તે દુનિયાને હચમચાવી દેશે. પરત ફર્યા બાદ તેમણે સુરક્ષા એજન્સીઓને આદેશ આપ્યો કે જે પણ વ્યક્તિ સેના જેવા યુનિફોર્મમાં દેખાય, તેને તરત જ પકડી લેવામાં આવે. તેમણે એક અમેરિકી રાજદ્વારીને પકડવાની ધમકી આપી, જો તે તેમને સલામ ન કરે.

# તીઘરામાં શારદાબેન દેસાઈના ૧૦૩ જન્મ દિવસની ઉજવણી

## ૧૦૩ વર્ષે સ્વસ્થ જીવન જીવતા માજીનાં જન્મ દિને ધામધૂમ




વાપી, તા.૧૩

વાપી નજીક તીઘરા ગામ માં વસવાટ કરતા માજી ગ. સ્વ. શારદા બેન ભીખુ ભાઈ દેસાઈ ની પરિવાર દ્વારા ૧૦૩.વર્ષ સ્વસ્થ અને સરસ રીતે પુરા કરવા બદલ એમના જન્મ દિવસ ઉપર પરિવારો દ્વારા સગા સબન્ધી ઓ ને બોલાવી જન્મ દિન ની ધામ ધૂમથી વાજીંત્રો વગાડી એક ઉત્સવ ના રૂપે કેક કાપી આનંદ માણ્યો હતો. ખૂબ મોટી સંખ્યા માં દેસાઈ પરિવાર ના લોકો એ આવી માજી ને શુભેચ્છા પાઠવી માજી ના આશીર્વાદ લીધા હતા. ૨૦૨૦માં આવેલા કોરોના જેવા મહામારી માં કેટલાક લોકો એ કોરોના જેવા જીવલેણ રોગ માં મોત ને વ્હાલા કર્યા હતા. જયારે ઉપર વાળા ના આશીર્વાદ એવા લોકો ને પણ મળ્યા છે કે?જેઓ આટલા વર્ષો સારી રીતે જીવી સમાજ અને પરિવાર ઉપયોગી કાર્યો કર્યા છે. જે ખરેખર સરાહનીય કહી શકાય.

તેમના જન્મ દિન ના પરિવાર ના લોકો એ દિવસે માજી ના ૧૦૩ વર્ષ પુરા કરવા સાથે ૧૦૩ દીપ પ્રજવલિત કરી જન્મ દિન ને યાદગાર બનાવ્યો હતો. હાલ ના ભેળસેળ અને કેમિકલ યુક્ત ખોરાક ને લઇ જીવન માં લાંબુ જીવવું થોડું કઠિન બન્યું છે.ત્યારે આ માજી ૧૦૩.વર્ષ ખુબજ સ્વસ્થ અને સારી અવસ્થા માં પૂર્ણ કર્યા છે. તેમના જન્મ દિન ઉપર મળવા આવેલ તમામ સગા સબન્ધી તથા પરિવાર ને આશીર્વાદ આપી કેમેરા માં તસ્વિર ખેંચાવી જીવન ને યાદગાર બનાવ્યું હતું. અને આનંદ અનુભવ્યો હતો. જે દેસાઈ સમાજ માટે ગૌરવ ની વાત કહી શકાય.

# ઇમોરલ ટ્રાફિકિંગના ગુનામાં નાસતો ફરતો આરોપી પકડાયો

## સુરત ગ્રામ્ય એસ.ઓ.જી.પોલીસે બાતમીના આધારે આરોપીની ધરપકડ કરી

સુરત, તા.૧૩

સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે ધી ઈમોરલ ટ્રાફિકીંગ એકટ ગુનામાં નાસતા- ફરતા આરોપીને ઓલપાડ બસ સ્ટેન્ડ પાસેથી દબોચી લીધો હતો. ગત શુક્રવાર,તા.૧૦ ના રોજ સુરત જિલ્લા એસ.ઓ.જી.શાખાની પોલીસ ટીમ ઓલપાડ પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી.તે દરમ્યાન એ.એસ.આઈ.ભુપેન્દ્ર અંબિકા પ્રસાદ તથા અ.હે.કો. પ્રકાશ વાલજીને સંયુક્ત બાતમી મળી હતી કે,ઓલપાડ પોલીસ મથકમાં સને: ૨૦૨૫ માં વિવિધ ફોજદારી કલમો તથા ધી ઈમોરલ ટ્રાફિક(પ્રિવેંશન)એકટ-૧૯૫૬ ની કલમ-૩ અને ૪ મુજબ નોંધાયેલ ગુનામાં નાસતો-ફરતો વોન્ટેડ આરોપી રાકેશ રમેશ વસાવા(ઉ.વ.૩૨)હાલ રહે:અક્ષય રિસોર્ટ, તળાદ પાટીયા પાસે,તા.ઓલપાડ (મુળ રહે:ધનસેરા,નિશાળ ફળિયું,તા.સાગબારા,જિ. નર્મદા)હાલમાં ઓલપાડ ટાઉનમાં બસ સ્ટેન્ડ પાસે ઉભો છે.જે બાતમીના પગલે પોલીસ ટીમે છાપો મારી આરોપીને દબોચી લીધો હતો.પોલીસે ઝડપાયેલ આરોપીની પૂછપરછ કરતા તેણે ગુનાની કબુલાત કરી હતી.જેથી પોલીસે આરોપી વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી માટે તેનો કબજો ઓલપાડ પોલીસને હવાલે કર્યો હતો.

# ટેક સન બાયો દ્વારા 'ધ ગ્રીન મીટઅપ'નું સફળ આયોજન

## સ્વચ્છ ઊર્જા અને સસ્ટેનેબલ મોબિલિટી માટે અનોખી પહેલ



સુરત, તા.૧૩

સસ્ટેનેબિલિટી અને ગ્રીન એનર્જીના પ્રસાર માટે મહત્વપૂર્ણ પગલું ભરતા ટેક સન બાયોએ ''ધ ગ્રીન મીટઅપ'' નામે એક અનોખું અને ઉદ્દેશ્યપૂર્ણ આયોજન સફળતાપૂર્વક કર્યું હતું. આ પહેલનો મુખ્ય હેતુ સોલાર એનર્જી, ક્લીન મોબિલિટી અને ઝીરો-એમિશન ભવિષ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

આ કાર્યક્રમમાં સુરતના જાણીતા ઈન્ફ્લુએન્સર્સ જેમ કે જગદીશ પુરોહિત, પ્રતિમા દેવનાણી, કોમલ શાહ, પૂજા વ્યાસ, અંકિતા વાલંદ, ઉષ્મા દેસાઈ, મેહંગ દેસાઈ, નિરાળી નાયક, નીતિ ખરવર, ગરિમા કંધારી પટેલ, લોકેશ જાંગીર, ધીરલ ધામી અને અક્ષત બગરેચા હાજર રહ્યા હતા. સાથે જ ''ટેક સન બાયો'', ''શ્રીજી ઓટોમાર્ટ'', તથા ''ધ અર્થિસ્ટ'' અને ''વનફોરઓલ'' ની ટીમે પણ સક્રિય સહભાગ લીધો હતો. આ ગ્રીન મીટઅપ ની પહેલ સુરતની અગ્રણી સોલાર લગાવતી કંપની ''ટેક સન બાયો'' ના ડાયરેક્ટર શ્રી તેજસ ભાઈ પટેલની પ્રેરણાથી શ્રીજી ઓટોમાર્ટના ટાટા ઈફ શોરૂમથી થઈ હતી. જ્યાં ઈલેક્ટ્રિક વાહનો માટે ખાસ સમર્પિત ફ્લોર બનાવવામાં આવ્યો છે. તમામ સહભાગીઓએ ટાટા ઈફ કારમાં મુસાફરી કરી, જે ઝીરો કાર્બન ઉત્સર્જન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ત્યારબાદ કાફલો વ્યારા ખાતે સ્થિત ટેક સન બાયોના ગ્રાઉન્ડ-માઉન્ટેડ સોલાર પ્લાન્ટ સુધી પહોંચ્યો હતો. ''ધ ગ્રીન મીટઅપ''નો મુખ્ય હેતુ સ્વચ્છ ઊર્જાના વાસ્તવિક ઉપયોગને પ્રદર્શિત કરવાનો હતો, જેમાં સોલાર એનર્જી અને ઈલેક્ટ્રિક મોબિલિટી સાથે મળીને કેવી રીતે સસ્ટેનેબલ અને કાર્યક્ષમ ઈકોસિસ્ટમ બનાવી શકે તે બતાવવામાં આવ્યું. આ પહેલ દ્વારા ઉદ્યોગો અને રહેણાંક ક્ષેત્ર માટે સોલાર એનર્જીના ફાયદાઓ જેમ કે વીજળીના ખર્ચમાં ઘટાડો, ઊર્જા સ્વતંત્રતા અને લાંબા ગાળાના પર્યાવરણલક્ષી ફાયદાઓ અંગે માહિતી આપવામાં આવી.

# એઆઈ ડ્રિવન 'સ્પીડ બિઝનેસ નેટવર્કિંગ કોન્કલેવ'નું આયોજન

## તા.૧૮મીએ પ્લેટિનમ હોલમાં કોન્કલેવ યોજાશે



સુરત, તા.૧૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા તા. ૧૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૮:૩૦થી બપોરે ૧:૦૦ કલાક દરમિયાન પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે AI ડ્રિવન 'સ્પીડ બિઝનેસ નેટવર્કિંગ કોન્કલેવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, SGCCI બિઝનેસ કનેકટ દ્વારા સમગ્ર દેશમાં પ્રથમ વખત એક અનોખા કોન્કલેવનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે સંપૂર્ણપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડ્રિવન હશે તેમજ તેમાં અસરકારક નેટવર્કિંગ માટે ફેસ ટુ ફેસના ત્રણ રાઉન્ડ કરવામાં આવશે. આ છૈં ડ્રિવન 'સ્પીડ બિઝનેસ નેટવર્કિંગ કોન્કલેવ' આયોજિત કરવાનો મુખ્ય હેતુ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને ઝડપી અને અસરકારક રીતે નવા બિઝનેસ કનેકશન બનાવવાની તક પ્રદાન કરવાનો છે. આ પ્લેટફોર્મ દ્વારા ભાગ લેનારાઓને નવી ભાગીદારી, સહકાર અને વિકાસના માર્ગો શોધવામાં સહાય મળશે. ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આ અનોખા કોન્કલેવમાં વિવિધ ક્ષેત્રના ૫૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો તથા પ્રોફેશનલ્સને એકત્રિત કરવામાં આવશે. વિવિધ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોને એક જ પ્લેટફોર્મ પર આવી ફેસ ટુ ફેસ બિઝનેસ મિટિંગ્સ દ્વારા નવા વ્યવસાયિક સંબંધો ઉભા કરવાની, વિચારોનું આદાન–પ્રદાન કરવાની અને તેના થકી બિઝનેસ વધારવાની તકો મળશે. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, ભારતમાં પ્રથમ વખત આ પ્રકારનો છૈં આધારિત સ્પીડ બિઝનેસ નેટવર્કિંગ કોન્કલેવ આયોજિત થવા જઇ રહ્યો છે. આ કોન્કલેવમાં સુરતની ૧૦થી વધુ પ્રતિષ્ઠિત સંસ્થાઓના પ્રતિનિધિઓને એક જ છત નીચે લાવવામાં આવશે, જેના કારણે ઉદ્યોગ જગતમાં

અનુસંધાન પાના ૭ પર



# ખેરગામમાં રાતેબ-એ-રિફાઈનો ભવ્યાતીભવ્ય જલસો યોજાયો

## કોમી એખલાસના માહોલમાં કાર્યક્રમ યોજાયો

ખેરગામ, તા.૧૩

ખેરગામ ખાતે શનિવારના રાત્રે રાતેબ-એ-રિફાઈનો શાનદાર અને નુરાની જલસો ધર્મપ્રેમી જમીર અહમદ ગુલામ મુસ્તફા શેખના નિવાસસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે વડોદરાથી પધારેલા મુસ્લિમ ધર્મગુરુ હઝરત સૈયેદ કમાલુદ્દીન મઝહરુલ્લાહ રિફાઈ સાહેબે હાજરી આપી કાર્યક્રમને ધર્મમય બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન જમીરભાઈ શેખ અને તેમના પરિવાર દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.જેમાં ગામના અગ્રણી અરવિંદભાઈ પટેલ,હર્ષદભાઈ આહીર, શૈલેષભાઈ ટેલર,જીગ્નેશભાઈ પટેલ (ઉપસરપંચ),સમસ્ત આદિવાસી સમાજના જિલ્લા પ્રમુખ ડો. નિરવભાઈ પટેલ દીપકભાઈ પટેલ,કાર્તિકભાઈ,અનિલભાઈ કાપડિયા, દીપકભાઈ, યોગેશ જોશી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે હર્ષદભાઈ આહિર અને અરવિદભાઈ પટેલે પોતાના પ્રવચનમાં જમીરભાઇ શેખના સમગ્ર આયોજનને બિરદાવી વર્ષોથી આ કાર્યક્રમને કોમી એખલાસ અને ભાઇચારાની અનોખી મિશાલ ગણાવ્યો હતો.સૈયદ કમાલુદ્દીન મઝહરુલ્લાહ રિફાઈ સાહેબે તમામ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરી આશીર્વાદ આપ્યા હતા. તેમણે પોતાના પ્રવચનમાં મુસ્લિમ સમાજને ધર્મ અને દેશ પ્રત્યે વફાદાર રહેવા તેમજ સર્વધર્મ સમભાવ સાથે પરસ્પર પ્રેમ, લાગણી, સહકાર અને ભાઈચારાથી જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો.આ ભવ્ય જલસામાં હજારો મુસ્લિમ ભાઈઓની ઉપસ્થિતિથી સમગ્ર વિસ્તાર ધાર્મિક અને એકતા ભર્યા માહોલથી ગૂંજી ઉઠ્યો હતો.

# હેપ્પીનેશ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ



સુરત, તા.૧૩

પાલ વિસ્તાર માં આવેલ હેપ્પીનેશ સોસાયટી માં ઉત્સવ કમીટી દ્વારા ભાઈઓ ની કુલ ૬ ટીમોએ ભાગ લીધો હતો. જયારે બહેનોની કુલ ૩ ટીમોએ ભાગ લીઘો હતો. જેમાં બહેનોની નિઘી'સ નિજાસ ટીમ વિજેતા બની હતી. દરેક મેચો ખુબ મુશ્કેલ અને અંતિમ ક્ષણ સુધી રસાકસી રહી હતી. બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગ માં બહેનોએ ઉત્તમ પ્રદર્શન આપ્યું હતું. બોલિંગ માં કિષ્નાબેને વિકેટ લઈ ટીમને વિજેતા બનાવી ટ્રોફી ના હકદાર બનાવ્યા. ક્રિકેટ ટુર્નામેન્ટ ના આયોજન નો હેતુ સોસાયટીના રહેવાસી ઓમાં પરસ્પર સૌહાર્દ, એકતા, અને મિત્રતા ને વધુ મજબૂત બનાવવાનો હતો.

# પદ્મશાલી સમાજ દ્વારા મફત સ્તન કેન્સર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન



## ગુજરાત પ્રાંત પદ્મશાલી યુવાજના સંગમ દ્વારા કેમ્પ યોજાયો

સુરત, તા.૧૩

સમાજમાં આરોગ્ય અંગે જાગૃતિ લાવવા અને સ્ત્રીઓમાં વધતા સ્તન કેન્સર અંગે સમયસર તપાસ અને સારવાર સુનિશ્ચિત કરવા હેતુસર ગુજરાત પ્રાંથ પદ્મશાલી યુવજના સંગમ દ્વારા મફત સ્તન કેન્સર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તારીખ ૧૨ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે.કેમ્પનું સ્થળ અંબેમાતા મંદિર, સહજાનંદ સોસાયટી, ગોડાદરા, સુરત ખાતે રાખવામાં આવેલ છે અને આ કેમ્પમાં અનુભવી તબીબ ડૉ. અમિત આર. ગુપ્તા દ્વારા નિષ્ણાત માર્ગદર્શન અને મફત ચકાસણી કરવામાં આવેલ છે અને સદર કેમ્પ માં લાભાર્થીઓને મફત તપાસનો લાભ આપવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં શ્રીમતી હેમાલી બોઘાવાલા (ભૂતપૂર્વ મેયર, સુરત)ની વિશેષ ઉપસ્થિતિ માં રાખવામાં આવેલ છે.તેઓએ સૌ મહિલાઓને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કર્યો છે. સંગઠન તરફથી જણાવવામાં આવ્યું છે કે ''આરોગ્ય જ સાચું ધન છે'' અને સમયસરની તપાસ જીવન બચાવી શકે છે. તેથી વધુમાં વધુ મહિલાઓએ આ મફત કેમ્પમાં હાજરી આપી આરોગ્ય ચકાસણી કરાવવી જરૂરી છે. સદર કાર્યક્રમ માં ગુજરાત પદ્માશાળી યુવજાના સંગમ ના પ્રમુખ નાગરાજુ સમન્તુલા, મહામંત્રી વેણુ મારા ખજાનચી અંબાદાસ આડેમ, દાસારી શ્રીનિવાસ, નાગેશ એલિગેટ, સતીશ બાલને, શ્રીનિવાસ કોદુનુરી, પ્રભાકર કુરપાટી,મહિલા મંડળ ના આગેવાનો બેતું લાવન્યા, કોન્ડલે ત્રિવેણી, રાજીતા કોટા, અમ્મુ આપ્પાકાયાળા, અરુણા વેમુલા વોર્ડ નંબર ૨૫ ના બીજેપીના ઉમેદવારો કવિતા બેન એનાગંદુલા, સુષ્મા પાટીલ, સંજય પાટીલ, જયેશ ચાંદેકર હાજરી આપેલ છે.સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાપોલું ભૂચીરામુલું ધ્વારા કરવામાં આવેલ હતું.

# ચેમ્બર દ્વારા ગોલ્ડન જ્યુબિલી એવોર્ડથી વિવિધ પ્રતિભાઓનું સન્માન

## વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૧૫ કેટેગરીઓમાં વિવિધ મહાનુભવોને એવોર્ડ અપાયા




સુરત, તા.૧૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI ગોલ્ડન જયુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા રવિવાર, તા. ૧૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે SGCCI ગોલ્ડન જયુબિલી એવોર્ડ ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં GCCIના પ્રમુખ અને એસ્ટ્રલ લિમિટેડના સ્થાપક, ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર શ્રી સંદીપ એન્જિનિયરે મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સમારોહમાં સર્વેને આવકારી સ્વાગત સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રજનીકાંત મારફતિયાને તેમના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમ્યાન ઉદ્યોગની સાથે સમાજના ઉત્થાન માટે જે વ્યકિતઓ અને સંસ્થાઓ મહત્વનું કામ કરે છે તેઓને બિરદાવવાના હેતુથી SGCCI ગોલ્ડન જયુબીલી મેમોરીયલ ટ્રસ્ટ અને ગોલ્ડન જયુબીલી એવોર્ડની શરૂઆત કરી હતી. આ એવોર્ડ દ્વારા સમાજને એક સારો સંદેશો આપી શકાય છે કે, જો તમે ઈન્ડસ્ટ્રી અને સમાજ માટે નોંધનીય કાર્ય કરો તો સમાજ તમારી

અનુસંધાન પાના ૭ પર

# ટેકનિકલ ટેક્સટાઈલ સૌથી ઝડપથી વિકસતુ સેક્ટર છે : કિશનકુમાર ડાગા

## ઉદ્યોગ સાહસિકોને ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ, એમએમએફ અને સ્પોર્ટટેક ક્ષેત્રમાં સુરત માટે રહેલી નવી તકો વિષે માર્ગદર્શન અપાયું

સુરત, તા.૧૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ભારત સરકારના ટેક્ષ્ટાઈલ મંત્રાલય, ઓફિસ ઓફ ધ ટેક્ષ્ટાઈલ કમિશનર, ITADC, સુરત તથા કોન્સેપ્ટ્સ એન સ્ટ્રેટેજિસના સહયોગથી ગુરૂવાર, તા. ૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે સમૃદ્ધિ, નાનપુરા ખાતે સુરત માટે ટેકિનકલ ટેક્ષ્ટાઈલ્સ, એમએમએફ, સ્પોર્ટટેક અને એકિટવવેર ક્ષેત્રમાં રહેલી તકો વિષે સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાંત વક્તાઓએ ઉદ્યોગકારોને ટેકિનકલ ટેક્ષ્ટાઈલ્સ, એમએમએફ અને સ્પોર્ટટેક જેવા ક્ષેત્રોમાં નવી તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ માટે ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ અને સ્પોર્ટટેક જેવા નવા ક્ષેત્રોમાં ઊભી થતી તકો વિશે માહિતી આપી હતી અને ઉદ્યોગકારોને આ ક્ષેત્રમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. ITADC, સુરતના અસિસ્ટન્ટ ડિરેકટર અને ઓફિસર ઈન્ચાર્જ શ્રી નિલય પંડયા દ્વારા કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી. તેમણે ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ અને એમએમએફ (મેન મેડ ફાયબર) ક્ષેત્રમાં સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ યોજનાઓ, સહાય અને નીતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

નિષ્ણાંત વકતા તરીકે કોન્સેપ્ટ્સ એન સ્ટ્રેટેજિસના એન્કર ફાઉન્ડર શ્રી કિશન કુમાર ડાગા દ્વારા ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ અને સ્પોર્ટટેક ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે ઉભી થતી તકો અને સુરત માટે તેની શકયતાઓ વિષે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ખાસ કરીને એકિટવવેર ક્ષેત્રમાં વધતી માંગ, નવી ટેકનોલોજી અને માર્કેટ ટ્રેન્ડ્સ અંગે ઉદ્યોગકારોને માહિતગાર કર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ અને સ્પોર્ટટેક ક્ષેત્ર ભવિષ્યમાં અત્યંત ઝડપથી વિકાસ પામનાર સેકટર તરીકે ઉભરી રહ્યા છે અને તેમાં સુરતના ઉદ્યોગકારો માટે વિશાળ તકો ઉપલબ્ધ છે. ખાસ કરીને ઈનોવેશન, ગુણવત્તા અને વૈશ્વિક

અનુસંધાન પાના ૭ પર



# કૈલાશબેન વૃદ્ધાશ્રમનો ધાર્મિક યાત્રા પ્રવાસ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૩

શ્રી સુરતી મોઢ વણિક નાનપરા પંચ દ્વારા સંચાલિત કૈલાસબેન વૃધ્ધાશ્રમનો ધાર્મિક પ્રવાસ સુરત થી સારંગપુર વિરપુર, ખોડલધામ સોમનાથ, દ્વારકા, બેટ દ્વારકા, નાગેશ્વર, ડાકોર વગેરેના ધાર્મિક સ્થળોએ વૃદ્ધોને એ સી લક્ઝરી બસ માં પ્રવાસ કરાવી બે ટાઈમ સ્વીટ ફરસાણ સહિત નું ભોજન કરાવી એસી રૂમમાં પૂરી સગવડતા સાથે રાખવામાં આવ્યા અને જરૂર જણાય તેવા વૃદ્ધોને વ્હીલ ચેરની સગવડ આપી દર્શન કરાવવામાં આવ્યા. મંદિરના સંચાલકો તરફથી પણ વૃધ્ધો ને અને આવકાર આપવામાં આવ્યો અને દર્શન માટે પ્રાયોરિટી આપવામાં આવી. આ સેવામાં પ્રમુખ શ્રી મનહરભાઈ લાપસીવાળા સાથે તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી આ ધાર્મિક પ્રવાસ યાત્રા સુખરૂપ આનંદપૂર્વક પૂર્ણ કરી. આ દરમિયાન પ્રવાસ દરમિયાન રહેવા જમવાની સુંદર સગવડ ભરત ભાઈ ગાંધી (રામદેવ સ્ટીલ), મનહરભાઈ લાપસીવાલા એ ધાર્મિક કથા કરી અને હસમુખભાઈ નાયક એ કાર્યકર નું યાત્રાનું સંચાલન અને જરૂરી પ્રવચન કર્યો હતો. પરેશ ભાટિયા અને પંકજ માંજરાવાળા ગીત સંગીત રજૂ કરી મનોરંજન પૂરું પાડ્યું હતું.

# અંકલેશ્વર યુપીએલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું

અંકલેશ્વર, તા.૧૩

યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેકનોલોજી દ્વારા ૮ એપ્રિલ ૨૦૨૬ ના રોજ "PAIR Learning Initiative" અને "PEER Learning Initiative" હેઠળ વિદ્યાર્થીઓનું સન્માન કરવામા આવ્યું હતું. આ પ્રસંગે રોટરી ક્લબ, અંકલેશ્વરના પ્રમુખ શ્રી પંકજ ભરવાડા અને હિન્દુસ્તાન બેકલાઇટના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આર. ડી. માને રોટરી ક્લબના સચિવ શ્રી વિપિન નાયર, યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. શ્રીકાંત વાઘ, રજિસ્ટ્રાર શ્રી ધર્મેશ પટેલ, પરીક્ષા નિયંત્રક ડૉ. પૂર્વી નાયક, ડીન એન્જિનિયરિંગ ડૉ. ઓમપ્રકાશ મહાદવાડ, ડીન આર એન્ડ ડી ડૉ. આલોક ગૌતમ તથા ડીન સાયન્સ ડૉ. સ્નેહલ લોખંડવાલા સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા। PAIR Learning Initiative હેઠળ કુલ ૨૩૬ વિદ્યાર્થીઓને ૪૧૫ વિષયો માટે પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં કુલ રૂ ૨,૦૭,૫૦૦ નો રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા। PEER Learning Initiative હેઠળ કુલ ૨૦૦ વિદ્યાર્થીઓને ૪૩૨ PLI પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં કુલ રૂ ૮૬,૪૦૦ નો રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્રો આપવામાં આવ્યા.

# ઈશ્વર સમયથી પહેલાં નથી આપતો ધીરજ ધરવી પડે




'વાત વિજાણી' જેવો એક શબ્દ પ્રયોગ કચ્છીમાં થતો હોય છે. અહીં 'વાત'નો અર્થ થાય છે ઝઘડો કરવો પણ મૂળ અર્થ થાય છે કોઈને બચકાં ભરવાં ! કોઈ કાર્યનો પ્રારંભ થતો હોય ત્યારે ઝઘડો થાય કે, કોઈને 'તોડી પડાય' ત્યારે પ્રયોજાતી એક ચોવક છે : 'અચેતી રાત, ને વિજેતી વાત' હવે આ આખી ચોવકનાં બંધારણને સમજીએ.

ગુજરાતીમાં કહેવું હોય તો એમ કહેવાય કે, 'રાત પડી નથી ને (તેણે) ઝઘડો શરૂ કર્યો નથી.' હવે અહીં 'તેણે'ની જગ્યાએ પત્ની શબ્દ મૂકીને આખી ચોવક ફરીથી વાંચો! કેન્દ્રમાં સ્ત્રીને રાખીને ચોવક બની: 'અચેતી રાત, ને વિજેતી વાત.' 'અચેતી' એટલે આવે છે અને 'વિજેતી' એટલે કરે છે, નાખે છે. પ્રેમ કરવો તો કોરાણે રહ્યો પણ રાત પડે અને મિલન થાય કે ઝઘડાની શરૂઆત થાય. હવે અહીં 'રાત'ની જગ્યાએ કોઈ 'મહત્ત્વની વાત' કે 'મહત્ત્વનું કામ' એ શબ્દોનો પ્રયોગ પણ કરી શકાય. એમ કરતાં 'પત્ની' ચોવકમાંથી નીકળી જાય અને અન્ય કોઈ વ્યક્તિ તેનું સ્થાન લઈ લે!

હવે, આવા કજિયા કે કટુવેણનું પરિણામ તો સારું ન જ આવે, એટલે એવી ચોવક બની કે, 'કજિયેમેં લડું નવે' મતલબ કે, કજિયામાં કે ઝઘડામાં કે કટુવેણમાં મિઠાસ તો ન જ હોયને? 'લડું' મિઠાસની જગ્યાએ મુકાયેલો શબ્દ છે, ગુજરાતીમાં આપણે 'લાડું' કહીએ છીએ. અહીં સંબંધોમાંથી મિઠાસની વિદાય અને કંકાસના પ્રવેશની વાત બેખૂબીથી વણાઈ ગઈ છે!


આવા કજિયા-કંકાસ અટકે કઈ રીતે? બેમાંથી એક જણે તો નમતું જોખવું જ પડેને? વાતનો નિવેડો તો લાવવો જ પડેને? એવો નિવેડો લાવવાની વાતને વણી લેતી એક ચોવક પણ પ્રચલિત છે: 'કાં રબ ડે ને કાં રજા ડે' સમાધાનનો માર્ગ છે. અર્થ થાય છે: કાં તો રાબ (મિઠાસ) આપ અને કાં તો મને રજા આપ. રજા આપ એ છૂટા પડવાની વાત નથી પરંતુ 'તારી કડવી જબાન હવે બંધ કર' એ અર્થમાં છે.


ઘણીવાર એવું બને છે કે, આવા ઝઘડા તરત શમી પણ જતા હોય છે. તેને, દૂધને ગરમ કરતાં જે ઉફાણા આવે તેની સાથે સરખાવવામાં આવે છે. એ અર્થમાં ચોવક પણ છે કે, 'ખીર વારા ઉફાંણ, સે કિતરી વાર?' ખીર એટલે દૂધ, 'ઉફાંણ'નો અર્થ થાય છે ઉફાણું અને 'કિતરી વાર' એટલે કેટલી વાર કે કેટલો સમય! દૂધમાં આવેલું ઉફાંણ કેટલીવાર ટકે? બસ એટલી વાર જ ઝઘડો ચાલ્યો.

સમયથી પહેલાં ઈશ્ર્વર પણ કંઈ આપતો નથી, પરંતુ માણસ કલ્પના કરીને સમયથી પહેલાં જ મેળવી લેવા હવાતિયાં મારે છે, અથવા તો 'મળી ગયાની' કલ્પના કરીને તેનો આનંદ લે છે. ચોવક છે: 'કપા કાલે મેં નેં ચોફાર જો જગડો' આવું ઘણી જગ્યાએ જોવા મળતું હોય છે.

અહીં ઉદાહરણ 'કાલાં' અને 'કપાસ'નું આપવામાં આવ્યું છે. કપાસ ઉગે પણ એ કાલામાં ભરાયેલો હોય! ઉગતા કપાસને જોઈને કલ્પનાના ઘોડા દોડવા લાગે કે મબલખ ઊતરશે તો આમ કરશું... તેમ કરશું! અહીં 'ચોફાળ' શબ્દનો ઉપયોગ થયો છે. તેનો અર્થ થાય છે 'ચોફાળ'... જે કપાસમાંથી જ બનતો હોય છે. તો આખી ચોવકનો અર્થ એ રીતે પણ થઈ શકે કે, કપાસ ઊગશે ઊતરશે, કાલાં ફોલાશે પછી... ઘરના સભ્યો વચ્ચે એવો ઝઘડો થાય કે, એ કપાસમાંથી મારો ચોફળ બનાવડાવીશ!

ચોવકોમાં ઊંડાણ હોય છે અને જેટલા ધારો એટલા અર્થ કાઢી શકાય છે. ઉદાહરણ આપું છું: 'અધમેં હારી, ને અધમેં આકાય' 'અધમેં' એટલે 'અડધામાં', 'હારી' એટલે કામ પર રાખેલો નોકર કે મજૂર. 'આકાય' એટલે પરિવાર હવે એ મજૂર કે નોકરનો ખોરાક એટલો હોય છે કે, એ એકલો જ અડધા પરિવાર જેટલું ખાઈ જાય છે! પણ આ ચોવકના વ્યાપક અર્થ અને પ્રયોગ થઈ શકે છે, અને થાય છે.





# વાળને લાંબા, સુંવાળા ને મજબૂત બનાવવામાં 'બાયોટિન' કેટલુંક અસરકારક ?

વાળ વધુ મનોહર અને સુંવાળા બને એ માટે લોકો વિવિધ પદાર્થોનું સેવન કરે છે. એમાં કેટલાક માને છે કે બાયોટિન વાળના વિકાસને વેગ આપવા માટે ફાયદાકારક છે.

હકીકતમાં આ બાયોટિન શું છે?બાયોટિન વિટામિન ૠ૭ ૡ્ર કે વિટામિન ૐ ધરાવતું દ્રવ્ય વિટામિન છે, જે કેરોટિન પ્રોટીનનું ઉત્પાદન વધારીને વાળને મજબૂત ઘટ્ટ અને ચમકદાર બનાવે છે. આજકાલ વાળ ખરવા, પાતળા થવા અને વૃદ્ધિ ઘટતી જવી એ સામાન્ય સમસ્યા બની ગઈ છે. બદલાતી જીવનશૈલી, તણાવ, ખરાબ આહારની આદતો અને વધતા પ્રદૂષણની અસર આપણા વાળ પર થઈ રહી છે... પરિણામે લોકો ઝડપી અને અસરકારક ઉકેલની શોધમાં છે, જેમાં આ 'બાયોટિન' ઝડપથી લોકપ્રિય બન્યું છે.

સોશ્યલ મીડિયા ઈન્ફ્લ્યુસરથી લઈને આરોગ્ય નિષ્ણાતો સુધી બાયોટિનને વાળના વિકાસ માટે આવશ્યક પોષક ગણે છે. જો કે પ્રશ્ન એ છે કે શું બાયોટિન ખરેખર વાળના વિકાસમાં ને વેગમાં એટલું અસરકારક છે જેટલું તેનો દાવો કરવામાં આવે છે કે પછી એ એક કામચલાઉ ટ્રેન્ડ છે? શું દરેકને ખરેખર બાયોટિનની જરૂર છે કે પછી ડોક્ટરની સલાહ લીધા વિના એનો ઉપયોગ વધી રહ્યા છે...?

જો તમે હાલમાં બાયોટિન લઈ રહ્યા છો - અથવા શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છો તો બાયોટિન વિશેની આવશ્યક માહિતી જાણી લેવી જરૂરી છે.

**બાયોટિન શું છે અને તે શા માટે મહત્ત્વપૂર્ણ છે?**

બાયોટિન એક ઉપયોગી વિટામિન તરીકે શરીર માટે ખાસ કરીને વાળ-નખ ત્વચા માટે ઉપયોગી છે. બાયોટિનની ઊણપ વાળ નબળા પાડી શકે છે અને તૂટવા-ખરવાની સંભાવના ધરાવે છે માટે આજે લોકો બાયોટિન સપ્લિમેન્ટ્સ લેવાનું શરૂ કરી રહ્યા છે. શું બાયોટિન ખરેખર વાળના વિકાસને વેગ આપે છે? જવાબ છે ના ! હા, એટલું ખરું કે એ એકંદરે વાળને વધુ તંદુરસ્ત બનાવે છે.

**બાયોટિન અને વાળને લગતું સંશોધન શું કહે છે?**

સંશોધન મુજબ બાયોટિન વાળ ખરતા અટકાવવામાં મદદ કરી શકે છે, પરંતુ આ ફાયદો મુખ્યત્વે એવી વ્યક્તિઓને થાય છે, જે બાયોટિનની ઊણપથી પીડાય છે. અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે જેમના શરીરમાં બાયોટિનનું સ્તર ઓછું હોય છે તેઓ વાળ ખરવાની સંભાવના વધારે હોય છે. આવા કિસ્સામાં બાયોટિન સપ્લિમેન્ટ્સ લેવાથી થોડો સુધારો થઈ શકે છે. જો કે જે વ્યક્તિઓમાં બાયોટિનની ઊણપ નથી તેમના માટે કોઈ નિર્ણાયક પુરાવા નથી કે ફક્ત બાયોટિન લેવાથી વાળ ખરવાનું બંધ થઈ જશે. વાળ ખરવાના અન્ય વિવિધ કારણ હોઈ શકે, જેમ કે હોર્મોનલ અસંતુલન (થાઈરોઈડ સમસ્યા), પોષણની ઊણપ (આયર્ન, ઝીંક, અથવા પ્રોટીન), ઝડપી વજન ઘટવું, અથવા આનુવંશિક પરિબળ.

બાયોટિન સપ્લિમેન્ટ્સને સામાન્ય રીતે સલામત માનવામાં આવે છે, કારણ કે બાયોટિન પાણીમાં દ્રાવ્ય વિટામિન છે; પરિણામે તે શરીરમાં વધુ પડતી માત્રામાં એકઠું થતું નથી. જોકે ખૂબ મોટી માત્રામાં (ઓવરડોઝ) લેવાથી અનિદ્રા, વધુ પડતી તરસ અને વારંવાર પેશાબ જેવી કેટલીક પ્રતિકૂળ અસરો થઈ શકે છે માટે બાયોટિન સપ્લિમેન્ટ્સ લેતા પહેલા ડોક્ટર અથવા ડાયેટિશિયનની સલાહ લેવી જરૂરી છે.

# હોઠની ખૂબસૂરતી તમારા જ હાથમાં

જો આપે ડાર્ક રંગની લિપસ્ટિક લગાવી હોય અને તમે તેને કાઢી નાખવા ઈચ્છતા હો, પરંતુ ડર હોય કે તેને કાઢતાં ચહેરાનો બેસ મેકઅપ ખરાબ ન થઈ જાય, તો થોડુંક વેસેલિન ભેળવીને હોઠો પર લગાવીને ઘસો, જેથી પહેલાવાળી લિપસ્ટિક નીકળી જશે અને આપના ચહેરાનો મેકઅપ પણ નહીં બગડે. જો હોઠોને મોઈશ્ચરાઈઝ કરવાની જરૂર હોય તો એક વિટામિન 'ઈ'ની કેપ્સૂલ તોડીને તે પ્રવાહીને હોઠો પર ઘસો, જેથી હોઠોને ભેજની સાથોસાથ પોષણ પણ મળશે અને હોઠ ચમકીલા પણ બનશે. કેટલીક વાર મેટ લિપસ્ટિક હોઠો પર લગાવ્યા પછી ધબ્બાવાળી (પેચી) દેખાય છે એ માટે લિપસ્ટિક લગાવ્યા પછી જેતુનના તેલને હળવે હાથે હોઠ પર લગાવી લિપસ્ટિકને બરોબર ફેલાવો. (પૂરક માહિત: શિવાલી, અસ્મિતા)



લિપસ્ટિક હોય કે ગ્લૉસ, એની પસંદગી કરતી

વખતે ધ્યાન રાખો કે તે લાંબા સમય સુધી ટકાઉ હોય.

- આજકાલ બજારમાં એવી બ્રાન્ડ ઉપલબ્ધ છે જે લાંબા સમય કે ૮-૯ કલાક સુધી ટકી રહેવાનો દાવો કરે છે.

તમે ઈચ્છો તો એવી લિપસ્ટિકનો ઉપયોગ કરી શકો છો.

જો આપનો સ્કિન ટૉન ફેર (ગૌર) હોય તો ક્યારેય પણ ડાર્ક લિપસ્ટિકની પસંદગી ન કરો.

ગોરા રંગ પર લાઈટ રંગ જ સારા લાગે છે. એવી રીતે શ્યામ. કાળા કે ઘઉંવર્ણ રંગ પર ડાર્ક રંગની લિપસ્ટિક જેવી કે રેડ (લાલ) પ્લમ કે ડાર્ક બ્રાઉન શેડ્સ વધુ મૅચ કરે છે.

પત્રની અત્યંત લોપ્રિય પૂર્તિમાંની લાડકી પૂર્તિની વાચક બહેન-દીકરીઓ આપના હોઠના શેડથી બે શેડ લાઈટ અને બે શેડના ડાર્કની પસંદગી ક્યારેય ન કરો. એમાંય જો જો તમે દિવસના સમયે મેકઅપ કરી રહ્યાં હોય તો એ વાતનું સવિશેષ ધ્યાન રાખો. ફૉર્મલ પ્રસંગ માટે સેમિ પરમેનેન્ટ (લાંબા સમય સુધી ટકે તેવી લિપસ્ટિક)ની પસંદગી કરો.

લિપસ્ટિકનો શેડ પસંદ કરતી વખતે તમારા હોઠના આકારને ધ્યાનમાં રાખીને પસંદ કરો. જો આપના હોઠ મોટા હોય તો લિપસ્ટિકનો શેડ ડાર્ક અર્થાત્ ઘેરો પસંદ કરો, કેમ કે લાઈટ શેડથી હોઠનો આકાર વધુ મોટો દેખાશે, જ્યારે ડાર્ક શેડથી હોઠ પાતળા દેખાશે.

લિપગ્લૉસ અને શિમરી લિપસ્ટિક લગાવવાથી હોઠોનો આકાર મોટો લાગે છે, જ્યારે મેટી શેડ્સથી હોઠોનો આકાર પાતળો દેખાશે.

જો આપનો નીચેનો હોઠ પાતળો હોય તો લિપસ્ટિક લગાવ્યા પછી હોઠના એકદમ વચમાં સિલ્વર કે ગોલ્ડ ટચથી હાઈલાઈટ કરો, જેનાથી હોઠ મોટા દેખાશે.

લિપસ્ટિક લગાવતાં પૂર્વે હોઠો પર સનસ્ક્રિન લગાવવું ભૂલશો નહીં.

જો તમારા હોઠ ફાટેલા હોય તો કોઈ પણ શેડ આપના હોઠોને ખૂબસૂરત બનાવી શકતો નથી!

એટલા માટે હંમેશાં હોઠોને મોશ્ચરાઈઝ કરતા રહો.

ઓરેન્જ અને રેડ લિપસ્ટિકથી દાંતોનું પીળાપણું ઊભરી આવે છે.

મેટ લિપસ્ટિક,

ગ્લૉસી લિપસ્ટિકની તુલનામાં વધુ સમય ટકે છે.

કોઈ અન્ય વ્યક્તિ પર ખૂબસૂરત દેખાતો શેડ જોઈને જ તમે તમારા માટે એ શેડની લિપસ્ટિક ખરીદવા તૈયાર ન થઈ જશો, કેમકે સ્કિનટૉન અનુસાર લિપસ્ટિકના શેડની અસર પણ દરેક ચહેરા પર અલગઅલગ થાય છે. શક્ય છે કે સામેવાળી વ્યક્તિ પર સુંદર લાગતો શેડ તમારા પર સુંદર ન પણ લાગે.

લિપસ્ટિક લાંબા સમય સુધી ટકી રહે એટલા માટે એકવાર લિપસ્ટિક લગાવ્યા પછી હોઠો પર બ્લોટિંગ પેપર મૂકો પૂછી ફરીથી લિપસ્ટિક લગાવો જેથી લિપસ્ટિક વધુ સમય સુધી ટકી રહેશે અને રંગ પણ પહેલાં કરતાં સારો આવશે.હોઠોને પેન્સિલથી આઉટલાઈન કર્યા પછી તેને હોઠો પર પણ લગાવો.જો આપે હોઠો માટે લિપસ્ટિક વાપરી હોય તો પણ આઉટલાઈન કરો છો તે પેન્સિપલનો ઉપયોગ કરો, એનાથી હોઠોનો રંગ આઉટલાઈનથી વધુ અલગ નહીં દેખાય.જ્યારે પણ લિપ પેન્સિલ લગાવો, તેને તીક્ષ્ણ અવશ્ય કરો જેથી હોઠોને સારો આકાર મળશે અને હોઠ ખૂબસૂરત દેખાશે.


મલકાટ

- સંજુ : અરે બિરજુ, તારે તો ઘરકામ કરવાવાળી બાઈ (નોકરાણી) છે તો પછી તું કેમ વાસણ ધોઈ રહ્યો છે?- બિરજુ : અરે ભાઈ સંજુ, થોડા દિવસ પહેલાં જ મેં એ નોકરાણી બાઈ સાથે લગ્ન કરી લીધાં છે.

# આજનાં જુવાન હૈયાંઓનું લીલું છમ્મ 'ઈલુ ઈલુ!'

આ જગતમાં એક માત્ર એવું માનવી અસ્તિત્વ ધરાવે છે, જેની પાસે બોલવાની ભાષા છે અને લખવાની લિપિ છે. એ પોતાના મનની વાત બોલીને-લખીને વ્યક્ત કરી શકે છે. એ વાત અલગ છે કે એ પોતાની અભિવ્યક્તિ ક્યા રૂપે-સ્વરૂપે ક્યા માધ્યમ દ્વારા રજૂ કરે છે. વહી જતા સમયની સાથે એ માધ્યમ પણ ક્રમશઃ બદલાતા રહે છે.અત્યારની વાત કરીએ તો આજના જોગ-સંજોગનો પ્રત્યક્ષ- પરોક્ષ પડઘો એમાં ઝીલાય છે. આજનો માનવી,એમાંય ખાસ કરીને, યુવા પેઢીની વિચારણસરણી એમાં ઝલકે છે. ઉદાહરણ તરીકે, વન નાઈટ સ્ટેન્ડ, પ્રેમ, તલ્લાક, ફીટનેશ, ફેશન, જોબ, સ્ટાર્ટઅપથી લઈને સોશિયલ મીડિયા અને પર્યાવરણ સુધ્ધાંની વાતમાં એ પેઢી પાછળ પાની કરતી નથી. એમને વાત-વિષયમાં કોઈ છોછ નથી. એમની પાસે નવીનતા છે-પ્રામાણિકતા છે.હવે તો યુવા પેઢી પાસે નવી ઓળખ, મૈત્રી, પ્રેમના સંદેશની આપ-લે માટે નવી નવી ઍપ્સ આવી ગઈ છે. કોરોના પછીની ઘરબંધીના માહોલમાં આવી બધી ઍપ્સનો વપરાશ ઘણો વધી ગયો છે. આમ છતાં જુવાન હૈયાં માટે જેટલો ગમતીલો વિષય પ્રેમ છે એટલી જ એ પેઢી ગંભીર છે પર્યાવરણ માટે એમને મન ઍન્વાયરમેન્ટ એટલે ઍવરીથીંગ -ઘણું બધુ. પ્રદૂષણ પર અંકુશથી લઈને પર્યાવરણની રક્ષા સુધી. જો કે, એમને મન પર્યાવરણ એટલે માત્ર વૃક્ષરોપણ કે વૃક્ષનું જતન જ નહીં. નવી પેઢી ધરતીને વધુ ને વધુ લીલીછમ્મ બનાવવા પણ ઈચ્છે છે.આજનું આ યંગિસ્તાન 'ઈલુ ઈલુ' એટલે કે 'આઈ લવ યુપ આઈ લવ યુ'ના ડેટિંગ મેસેજમાં પણ પ્રેમની સાથે પર્યાવરણને પણ લીલુંછમ્મ બનાવવાના સંદેશની આપ-લે કરે છે. સભાનતા સાથે થતી આ પ્રવૃત્તિ આજે 'કલાઈમેટ એકટિવિઝમ'ના નામે ઓળખાય છે. આ પ્રકારની કામગીરીમાં અમેરિકાની પેલી કિશોરી ગ્રીટા થમ્બર્ગનું નામ પણ સંકળાયેલું છે.





તમને યાદ હોય તો આ ગ્રીટા એટલે સ્વિડનની એ તરૂણી, જેણે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વિવાદાસ્પદ પર્યાવરણની નીતિ-રીતિ સામે રીતસરની જબરી ઝુંબેશ ઉપાડી હતી. તરુણ-તરુણીઓમાં આ ગ્રીટા ખાસ્સી લોકપ્રિય છે. એને પગલે 'ઓકે ક્યુપિડ' જેવી બહુ જાણીતી ડેટિંગ ઍપ પર્યાવરણની રક્ષા કરનારાની ચળવળને 'થમ્બગ'ગ'ના હુલામણા નામથી ઓળખાવે છે.પર્યાવરણની આ ઝુંબેશને બીજી અનેક જાણીતી ડેટિંગ ઍપ્સ 'ગ્રીન લવ' તરીકે પણ ઓળખાવે છે. એ બધી જ ડેટિંગ ઍપની દરેક યુવાનો સાથે પૂર્વ શરત એ જ હોય છે કે તમે ઉન્માદભર્યો રોમાન્સ ભલે કરો, પણ એની સાથે શુદ્ધ પર્યાવરણનોય પ્રચાર અને પ્રસાર કરો! 'ગ્રીન લવ' ઝુંબેશમાં આવા મેસેજની નિયમિત આપ-લે થાય છે, જેમ કેઃહું પર્યાવરણ શુદ્ધ રહે એ માટે ઈકો-બાઈસિકલ વાપરું છુ. મને કારનો વપરાશ પસંદ નથી. તું પણ આવી સાઈકલ વાપરે તો મને વધુ ગમે..!'

આ બીજો મેસેજ પણ જૂવોઃ

'તને જો આપણી આ ધરતીને પ્રદૂષણથી ઉગારવામાં રસ ન હોય તો મને પણ તારી સાથે સંબંધ આગળ વધારવામાં જરા પણ રસ નથી!'

આ જ રીતે, પ્રેમી યુગલ એકમેકને કેમિક્લ્સ-રાસાયણ રહિત શેમ્પુ-સાબુ-મેકએપની સામગ્રી વાપરવાની સલાહ પણ આપતાં રહે છે. કેટલાંક યુગલ કોફી કે પબમાં ડેટ પર જવાને બદલે માત્ર વેગન વાનગીઓ પીરસતી રેસ્ટોરાંમાં જવુ વધુ પસંદ કરે છે. વૃક્ષારોપણની ઝુંબેશની જેમ ઘણાં યુવા યુગલ એકબીજાંના શહેર કે વિસ્તારમાં એકમેકનાં નામ આપીને અનાથ વૃક્ષને અપનાવીને ઉછેરે પણ છે!

'આપણે જ ખુદ આ છેલ્લી જનરેશન છીએ, જે સતત પ્રદૂષણ સામે લડીને પૃથ્વીને બચાવી શકેપ' એવું દ્રઢપણે માનતી આજની યુવાપેઢી વાતાવરણને દૂષિત કરતાં મૂળ તત્ત્વો પર અંકુશ મેળવવા પ્રયત્નો પણ કરે છે. વધુ ને વધુ જંગલ કપાતાં અટકે એ સાથે નવાં વૃક્ષારોપણને લીધે વન્યસૃષ્ટિ વધુ લીલીછમ્મ થાય, જેથી એ કુદરતી આફતો સામે આપણું સુરક્ષા ચક્ર બની રહે. વૃક્ષોની સાથે વધુ વનસ્પતિ ઉગાડવાના પ્રયાસ સાથે લોકો વધુ સંખ્યામાં વેજિટેરિયન બને અને માંસાહાર ત્યાગી શાકાહાર તરફ વળે એવા પ્રયાસમાં આપણા યુવાનો રહે છે. કેટલાંક ગ્રૂપ-સંસ્થાઓ તો પર્યાવરણના રક્ષણ માટે એક અવનવી ફોર્મ્યુલા લઈ આવ્યાં છે, જે કજ્ઞાભફહ-ઘલિફક્ષશભ-ટયલયફિંશિફક્ષ – ઊફશિંક્ષલ અર્થાત કઘટઊના નામે જાણીતી છે. લોકલ એટલે સ્થાનિક ખોરાકપ તાજાં ફ્ળ ખાવ- ઑર્ગેનિક અર્થાત કૃત્રિમ ખાતર વગર તૈયાર કરલી વેજિટેરિયન ખાદ્ય સામગ્રી-વાનગી આરોગો.

## તંત્રી લેખ...-

સોમવાર, તા. ૧૩ એપ્રિલ ૨૦૨૬

# ઇરાન-અમેરિકા વાટાઘાટ નિષ્ફળ : દુનિયામાં ઉચાટ

અમેરિકા અને ઈરાન વચ્ચે ઈસ્લામાબાદમાં યોજાયેલી શાંતિ મંત્રણા સરિયામ નિષ્ફળ જતાં અખાતની લડાઇ ફરી ઉગ્ર બનવાની દહેશત સેવાઇ રહી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારથી જ તેહરાનને એક પછી એક ધમકીઓ આપી અને હોર્મુઝ ખાડી ખુલ્લી કરવા માટે ચેતવ્યું છે કે, તે માનશે નહીં તો અમેરિકા અભૂતપૂર્વ કાર્યવાહી કરવા અચકાશે નહીં. આ લખાય છે ત્યારે ઈરાન અને અમેરિકાના પ્રતિનિધિ મંડળ ઈસ્લામાબાદ છોડી ગયા છે. ઈરાની પ્રતિનિધિ મંડળે કહ્યું છે કે, અમેરિકા માત્ર પોતાનો અધિકાર અને શરતો થોપવા માગતું હતું. વળી યુદ્ધની ભીષણ સ્થિતિ હોય ત્યારે એક જ બેઠકમાં સમાધાનની આશા રાખી શકાય નહીં. ઈરાન પોતાની વાત પર મક્કમ હોવા છતાં એના શબ્દોમાં આવનારી ભીષણ સ્થિતિની ચિંતા વર્તી શકાય છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સે મંત્રણા વિફળ રહ્યાનું સ્વીકારતાં કહ્યું કે, બંને દેશ વચ્ચે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ એ સાચું છે, પણ ઈરાનને ફાઇનલ અને બેસ્ટ ઓફર આપી દેવામાં આવી છે જે માનવી કે ન માનવી એનો તેમના ઉપર મદાર છે. ઈરાને તેને ફાલતુ માંગ લેખાવી છે. વેન્સે એમ પણ કહ્યું કે, સમાધાન ન થવું એ અમેરિકા કરતાં ઈરાન માટે વધુ ગોઝારા સમાચાર છે. ચીન અને તુર્કીના પાછલા બારણે પ્રયાસોના ફળસ્વરૂપ પાકિસ્તાને શાંતિ મંત્રણા યોજવાના પ્રયત્ન આદર્યા ત્યારથી જ વાટાઘાટ વિફળ રહેવાની આશંકા હતી જ. હોર્મુઝ ખાડી અને ઈરાન પાસેના યુરેનિયમનો જથ્થો વાતચીત તૂટી પડવાના મુખ્ય કારણોમાંના એક હોવાનું મનાય છે. ઈરાને વાતચીત પહેલાં સ્પષ્ટ કહ્યું હતું કે, તેના પરમાણુ કાર્યક્રમ અને હોર્મુઝ ખાડી પર નિયંત્રણના મામલે કદી પીછેહટ નહીં કરે. ઈઝરાયલની ભૂમિકા પહેલેથી સંદેહાત્મક રહી હતી. ઈઝરાયલે વાટાઘાટનું સમર્થન કર્યા વિના લેબેનોન પર ભીષણ હુમલા ચાલુ રાખીને ઈરાનમાં બેચેની જગાવી રાખી હતી. અમેરિકા-ઈઝરાયલ યુદ્ધમાં એક હોવા છતાં યુદ્ધવિરામ અને શાંતિ મંત્રણામાં બંને દેશોનું વલણ સ્પષ્ટ રીતે જુદું પડે છે. ઈઝરાયલે શનિવારે ચાલુ મંત્રણાએ એલાન કર્યું હતું કે, અમુક લક્ષ્ય હાંસલ કરવાના બાકી હોવાથી તે ઈરાન સામે કાર્યવાહી જારી રાખશે. યુદ્ધ ઉન્માદી દેશોને વિનાશ અને જાનમાલની અપાર નુકસાનની પરવા નથી હોતી. હકીકતમાં આ યુદ્ધે દુનિયાની હાલત બગાડી નાખી છે. પખવાડિયાનો યુદ્ધવિરામ હવે ટકી રહે એમ જણાતું નથી. ઓસ્ટ્રેલિયાએ અપીલ કરી છે કે, અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ જાળવી રાખે, પરંતુ બધો મદાર ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર છે. અમેરિકાનો સ્પષ્ટ આગ્રહ છે કે, ઈરાન તેનો પરમાણુ કાર્યક્રમ પડતો મૂકે અને હોર્મુઝ ખાડી વિના શરતે ખુલ્લી મૂકે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ થકી ઈઝરાયલ આક્રમણ કરવા પ્રેરાયું છે અને અમેરિકાએ પણ તેમાં ઝુકાવી દેતાં બે મહિનાથી વિશ્વને ભયંકર વિનાશ જોવા મળ્યો છે. ભારત સહિત દુનિયા આખી યુદ્ધની આડઅસરથી પરેશાન છે. પેટ્રોલિયમ પેદાશો-ગેસના ભાવ આકાશને આંબવા લાગ્યા છે. સામાન્ય મોંઘવારી ભડકી ઊઠી છે. અનેક સેક્ટરમાં આયાત-નિકાસ ખોરવાતાં અને કાચો માલ અટકી પડતાં ફેક્ટરીઓ બંધ પડી છે. રોજગારીનો વિકરાળ પ્રશ્ન બેકાબૂ બન્યો છે. હવે શું ? એ પ્રશ્ન ડરામણો છે. પાકિસ્તાન ઘરઆંગણે મધ્યસ્થકારની ભૂમિકામાં રહ્યા પછી પોરસાઇ રહ્યું છે અને શાંતિના નોબેલની વાતો થઇ રહી છે. હકીકત એ છે કે, અશાંતિ અને આતંકના જન્મદાતા દેશની ઓરા જ એટલી નકારાત્મક છે કે, કોઇ સારું કામ ત્યાં થવું શક્ય જ નથી. મધ્ય-પૂર્વને ફરી વિનાશની આગમાં ધકેલાતું રોકવા માટે શાંતિ મંત્રણાની નવી તક ઊભી થવી જોઇએ. ભારતની ભૂમિકા માટે વ્યાપક અપેક્ષા અને અવકાશ હોય એ સ્વાભાવિક છે.

## ચૂંટણી કમિશનર સામે દેખાવો

પશ્ચિમ બંગાળની શેરીઓમાં ચૂંટણીપંચ અને કમિશનર સામે શરૂ થયેલી 'જેહાદ' હવે નવી દિલ્હીમાં ચૂંટણી કમિશનરનાં કાર્યાલયમાં પહોંચી છે. ચૂંટણીપંચે દેશભરમાં મતદારયાદીઓની ફેરતપાસ - ચકાસણી કરીને 'નકલી' નામ રદ કર્યાં છે, તેમાં બંગાળની યાદી મોખરે - સૌથી ઉપર રહી છે! લગભગ એક કરોડ ફર્જીનામ રદ થયાં પછી મમતાદીદીની ખુરશી ડગુમગુ થઈ રહી છે, તેથી એમના પક્ષના નેતાઓ ભુરાટા થયા છે અને કમિશનર ઉપર શાબ્દિક આક્રમણ કરી રહ્યા છે, પણ હવે મર્યાદાનો ભંગ કરી રહ્યા છે. કમિશનરની ઓફિસમાં તૃણમૂલ કોંગ્રેસના નેતાઓએ જે વર્તાવ કર્યો અને બૂમબરાડા પાડયા તે એમની હતાશા અને હારની 'ચાડી' ખાય છે - સંભવિત પરિણામ ભણી આંગળી ચીંધે છે. વાસ્તવમાં હજુ બે દિવસ પહેલાં જ રાજયસભાના અધ્યક્ષ અને લોકસભાના સ્પીકરે

ચૂંટણી કમિશનર સામે મહાભિયોગની દરખાસ્ત નામંજૂર કરી હોવાથી મમતાજીનું પ્રતિનિધિમંડળ કમિશનર જ્ઞાનેશકુમારને રૂબરૂમાં મળીને અવિશ્વાસ વ્યક્ત કરવા પહોંચ્યું હતું. સાત-આઠ મિનિટ ચાલેલી આ 'મુલાકાત' પછી બહાર નીકળીને રાજયસભામાં તૃણમૂલ કોંગ્રેસના નેતા ડેરેક ઓબ્રિયને પત્રકારો સમક્ષ બાકી રહેલો ઊભરો ઠાલવ્યો. ચૂંટણી કમિશનર સામે બૂમબરાડા પાડવામાં આવ્યા અને તેઓ ભાજપની તરફદારી કરે છે એવા આક્ષેપ થયા. આ મતદારયાદીમાં થયેલી કાપકૂપ ઉપરાંત રાજ્ય સરકારના માનીતા અધિકારીઓની બદલી કરવામાં આવી તેનાં પરિણામે આ હતાશા - બળાપો છે! હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ ચૂંટણીપંચની સત્તા સ્વીકારી અને સમર્થન આપ્યું છે. કમિશનર જ્ઞાનેશકુમારે તૃણમૂલ કોંગ્રેસના પ્રતિનિધિઓને સ્પષ્ટ કહ્યું કે, ચૂંટણી ભય અને ભ્રષ્ટાચારથી મુક્ત રહે અને અધિકારીઓ પ્રામાણિકતાથી ફરજ બજાવે તે ધ્યાનમાં રાખીને બદલી કરવામાં આવે છે. આ ખુલાસો નેતાઓને માન્ય ન હતો. સંસદમાં બૂમબરાડા પાડવા ટેવાયેલા નેતાઓએ કમિશનરની સામે 'એક્શન રિપ્લે' કરી બતાવ્યું અને ભાજપની તરફેણ થતી હોવાના આક્ષેપ કર્યા, ત્યારે કમિશનરે એમને 'બહાર જાવ' - ગેટ લોસ્ટ કહ્યું! સંવિધાન બચાવોના સૂત્ર પોકારતા રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓ હવે મમતાદીદીના વિરોધી હોવા છતાં ચૂંટણી કમિશનરની ટીકા કરે, તો તેની નવાઈ નથી. અગાઉ સંસદ ભવનનાં પ્રાંગણમાં ઊભા રહીને કેટલાક નેતાઓએ તત્કાલીન અધ્યક્ષના ચેનચાળા કર્યા હતા. વિરોધ પક્ષોની રક્તવાહિનીઓમાં જ આ આચરણ છે તેથી આશ્ચર્ય નથી, પણ લોકતંત્ર માટે આઘાત છે.

**ચૂંટણી કમિશનર સામે મહાભિયોગની દરખાસ્ત નામંજૂર કરી હોવાથી મમતાજીનું પ્રતિનિધિમંડળ કમિશનર જ્ઞાનેશકુમારને રૂબરૂમાં મળીને અવિશ્વાસ વ્યક્ત કરવા પહોંચ્યું હતું.**

**આંધ્રપ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, કેરલમ, તામિલનાડુ અને પંજાબમાં ભાજપ અને કોંગ્રેસ સિવાયના પક્ષોની સરકારો છે.**

# પ્રદેશવાદ સામે રાષ્ટ્રવાદ : ચૂંટણીપંચનો વિરોધ

## ઘૂસણખોરોની હકાલપટ્ટીને કોમવાદી કલર આપ્યો છે.

ઈરાન ઉપર અમેરિકા અને ઈઝરાયલનાં આક્રમણ પછી આપણું ધ્યાન હવે ચાર રાજ્યની વિધાનસભાઓની ચૂંટણી ઉપર છે. ચાર રાજ્ય - કેરલમ, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ અને આસામ ઉપરાંત કેન્દ્રશાસિત પુડુચેરીનાં પરિણામ રાષ્ટ્રીય રાજકારણ માટે મહત્ત્વનાં છે : માત્ર રાજ્ય સરકારો નહીં, કેન્દ્ર સરકાર માટે વિશેષ મહત્ત્વ છે. વડાપ્રધાન મોદી 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' માટે કૃતનિશ્ચયી છે. તેના અમલ માટે લોકશાહી - લોકતંત્ર ઉપર નાણાશાહીની પકડ ખતમ કરવા માટે નાગચૂડ તોડવા માટે આ રાજ્યોની ચૂંટણી મહત્ત્વની છે. પશ્ચિમ બંગાળ અને તામિલનાડુમાં ભાજપ - એનડીએને સારી સંખ્યામાં બેઠકો મળે તો 'રાષ્ટ્રવાદ'ને વ્યાપક સમર્થન મળે. ચૂંટણીમાં મુખ્ય વિવાદાસ્પદ મુદ્દો ચૂંટણીપંચની કાર્યવાહી સામે વિરોધનો છે. રાહુલ ગાંધીએ ઉઠાવેલા વિવાદ પછી મમતા બેનરજીએ તેનો ઉપયોગ શત્ર તરીકે કર્યો છે. સર્વોચ્ચ અદાલતમાં નિષ્ફળ ગયા પછી ચૂંટણી પ્રચાર અને મેદાનમાં વિવાદ ચગાવાયો છે. દેશભરમાં સૌથી વધુ નુકસાન મમતાદીદીને થયું છે. એમની વોટ બેન્ક ઉપર જ સીધી ધાડ પડી છે તેથી ધૂંધવાયાં છે, ઘાયલ થયાં છે અને ઘાતક - આક્રમક બન્યાં છે. ઘૂસણખોરોની હકાલપટ્ટીને કોમવાદી કલર આપ્યો છે. હકીકતમાં બાંગલાદેશી ઘૂસણખોરોની વોટ બેન્કના આધારે મમતા બેનરજી મુખ્યપ્રધાન બન્યાં. હવે હિન્દુ મતદારો જાગ્યા અને ઘૂસણખોરો પલાયન થવા લાગ્યા તેથી ડબલ નુકસાન થયું છે. તૃણમૂલ કોંગ્રેસના એક મુસ્લિમ નેતાએ બંગાળમાં બાબરી મસ્જિદ નિર્માણની હિલચાલ શરૂ કરી તેનો ફેક - નકલી વીડિયો વાયરલ કરીને પ્રચાર શરૂ થયો કે મસ્જિદ બાંધવાની હિલચાલ કરીને મુસ્લિમ વોટ તોડવાનો ભાજપનો વ્યૂહ છે ! અઈનો ઉપયોગ રાજકારણમાં કેવો થાય છે તેનો આ નમૂનો છે ! ચૂંટણીપંચના સુધારા, કોમવાદ ઉપરાંત ચૂંટણીમાં એક વધુ મુદ્દો, પ્રદેશવાદ, ભાષાવાદ પણ છે. આ ચાર રાજ્યમાં પ્રાદેશિક નેતાઓ સર્વેસર્વા - સુપ્રીમ છે અને પરિવારવાદ વધે છે. 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' હોય તો રાષ્ટ્રીય નેતા સર્વસ્વીકાર્ય સાબિત થાય અને પ્રાદેશિક નેતાઓ માટે શૂન્યાવકાશ હોય. આ ભય પારખીને પ્રાદેશિક નેતાઓને ભવિષ્યની ચિંતા છે. ચાર વિધાનસભાની ચૂંટણી ભાજપ માટે મહત્ત્વની છે. આસામમાં ભાજપની સરકાર છે અને ફરીથી બહુમતી મળશે જ એવો વિશ્વાસ છે. રાજ્યોમાં સત્તા મેળવે તો ભાજપ દેશવ્યાપી - રાષ્ટ્રીય પક્ષ બનશે. માત્ર હિન્દીભાષી રાજ્યો - બનિયા પાર્ટીની છાપ હવે રહી નથી, ત્યારે દક્ષિણ ભારતમાં બહુમતી મળે નહીં તો પણ બેઠક સંખ્યા વધવી જોઈએ. પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી સામે મુખ્ય વિપક્ષ ભાજપ છે. કોંગ્રેસ અને ડાબેરી પક્ષો હાંસિયામાં ધકેલાઈ ગયા છે. આ ચાર રાજ્યમાં બહુમતી અથવા સંખ્યાબળ વધે તો ૨૦૨૯માં લોકસભામાં આરામદાયક બહુમતી હશે. કોંગ્રેસી મોરચા માટે તો હવે અસ્તિત્વનો સવાલ છે. આમ પણ મોરચો વેરવિખેર છે અને ધારો કે બંગાળમાં મમતા બેનરજીના હાથમાં સત્તા આવી તો કોંગ્રેસ અને રાહુલ ગાંધીની નેતાગીરીનો અસ્ત થઈ શકે છે. કેરલમમાં કોંગ્રેસી મોરચાને બહુમતી મળે તો પણ તેમાં કોંગ્રેસની બેઠકો કેટલી હશે તે જોવાનું છે. તામિલનાડુમાં તો વધુ બેઠકો મેળવવા માટે ડીએમકે સાથે ઘણી ખેંચતાણ થઈ છે. હવે ડીએમકે સરકાર આવે તેમાં પણ કોંગ્રેસનનું સ્થાન 'નાના ભાઈ' જેવી હશે. ટૂંકમાં, આ ચૂંટણી પ્રદેશવાદ અને રાષ્ટ્રવાદ વચ્ચે છે. પ્રદેશવાદમાં પરિવારવાદ ભળ્યો છે! ૨૦૧૪ની ઐતિહાસિક ચૂંટણી પછી ભાજપ - એનડીએની સરકાર આવ્યા પછી પણ દક્ષિણમાં કેરલમ અને તામિલનાડુ તથા પશ્ચિમ બંગાળમાં પ્રાદેશિક પક્ષો સત્તામાં છે. એકમાત્ર આસામમાં ભાજપના હાથમાં સત્તા છે. પ્રાદેશિક પક્ષો અને પ્રશ્નો રાષ્ટ્રીય પક્ષ ભાજપ માટે અવરોધક છે : પ્રાદેશિક નેતાઓનું એકચક્રી શાસન છે તેમાં પરિવારવાદ પાંગરે છે. એકમાત્ર કેરલમમાં માર્ક્સવાદી પક્ષના ડાબેરી મોરચામાં પરિવારવાદ નથી, મુખ્યપ્રધાનનો કોઈ વારસદાર નથી. ભારતભરમાં જે અઢાર રાજ્ય માટે લોકસભાની વધુ બેઠકો છે, તેમાંથી નવ રાજ્યમાં ભાજપની સરકારો છે, માત્ર બે રાજ્યમાં

કોંગ્રેસના મુખ્યપ્રધાનો છે. બાકીનાં સાત રાજ્યમાં આંધ્રપ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, કેરલમ, તામિલનાડુ અને પંજાબમાં ભાજપ અને કોંગ્રેસ સિવાયના પક્ષોની સરકારો છે. બિહાર અને આંધ્રમાં ભાજપની મિત્રસરકારો છે. દેશભરમાં એકસાથે ચૂંટણીનો ક્રમ ઈન્દિરા ગાંધીએ તોડયો હતો. વિશેષ કરીને ઉત્તર ભારતનાં રાજ્યોમાં પ્રદેશ કોંગ્રેસના પ્રમુખો સર્વસત્તાધીશ હતા. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને બિહાર ઉપરાંત પશ્ચિમ બંગાળના અતૂલ્ય ઘોષ, મુંબઈના એસ. કે. પાટિલ, 'મદ્રાસ'ના કામરાજ વગેરેની બોલબાલા હતી. ૧૯૬૯નાં ભવ્ય ભંગાણ પછી ઈન્દિરા ગાંધીએ રાજ્યોમાં શક્તિશાળી નેતાઓને 'નિઃશત્ર' બનાવી દીધા, ત્યારથી રાજ્યોના કોંગ્રેસી નેતાઓ ઉપર નવી દિલ્હીનાં 'હાઈ કમાન્ડ' નિયંત્રણની શરૂઆત થઈ. કેન્દ્રમાં એનડીએની સરકાર આવ્યા પછી પણ રાજ્યોમાં મુખ્યપ્રધાનો બદલવામાં આવ્યા, પણ દિલ્હીની 'હાક' વગાડવા માટે નહીં, પક્ષની પ્રતિભા અને સત્તા બચાવવા માટે - 'પરિવર્તન' કરીને સત્તાનું 'પુનરાવર્તન' થાય છે ! જે રાજ્યોમાં પરિવર્તનની જરૂર છે, તેમાં કેરલમ, તામિલનાડુ, બંગાળ અને આસામ છે. કેરલમમાં ડાબેરી મોરચા સામે કોંગ્રેસી મોરચો છે. વારાફરતી સત્તા ભોગવે છે, પણ ડાબેરી મોરચો સતત બે ટર્મથી સત્તામાં છે. હવે કોંગ્રેસી મોરચાનો પડકાર છે, પણ ભાજપની લોકપ્રિયતા અને બેઠકોમાં વધારો થયો છે. અલબત્ત, બહુમતીની આશા નથી. તામિલનાડુમાં ડીએમકેના સ્ટાલીન ૨૦૨૧થી મુખ્યપ્રધાન છે. વિધાનસભાની ૨૩૪માંથી ૧૩૩ બેઠક મેળવી હતી. સામે ઓલ ઈન્ડિયા અન્ના ડીએમકેને ૬૬ બેઠક મળી હતી. હવે અન્ના ડીએમકેના મોરચા સાથે ભાજપ છે અને ત્રીજા ખૂણે લોકપ્રિય અભિનેતા વિજય છે. એમણે રાજકીય પક્ષ બનાવ્યો છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી ત્રણ ટર્મ - પંદર વર્ષથી સત્તા ભોગવે છે, પણ ભય, ભ્રષ્ટાચાર અને કોમવાદનાં કારણે એમનું શાસન બદનામ છે. ચૂંટણીપંચે મતદારોની યાદી ચકાસીને લગભગ એક કરોડ નામ રદ કર્યાં છે તેની સામે મમતા બેનરજી જંગે ચડયાં છે. ચૂંટણીપંચ સામે જેહાદ અને પૂર્વ બંગાળ - બાંગલાદેશીઓની ઘૂસણખોરીનો બચાવ એમને ભારે પડશે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે દેશના ખૂણેખૂણેથી નક્સલવાદીઓ તથા ઘૂસણખોરોને દેશનિકાલ કરવાનું લક્ષ્ય સિદ્ધ કરી રહ્યા છે. નક્સલવાદનો જન્મ બંગાળની નક્સલ બારીમાં થયો હતો અને બાંગલાદેશી ઘૂસણખોરો પણ બંગાળ સરહદથી આવ્યા છે : આ બંને જમાતના હવે છેલ્લા દિવસો ગણાય છે, ત્યારે મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ સરકારના દિવસો ગણાઈ રહ્યા છે. ચૂંટણીમાં ગળાંકાપ સ્પર્ધા છે. મમતાને કેટલીક વધુ બેઠકો મળે તો પણ એમની સરકાર અસ્થિર હશે. ચૂંટણીપંચ અને મતદારયાદીના પ્રશ્ને હિંસાચાર વધારવાના પ્રયાસ થાય તો આખરે રાષ્ટ્રપતિ શાસન આવવાની શક્યતા છે. તેથી જ મમતા બેનરજી અત્યારથી પરિણામ પામી ગયાં છે અને કેન્દ્ર સરકાર સામે આંદોલન જગાવે છે, પણ તેઓ નક્સલવાદ નહીં જગાવી શકે !

**ફ્યુચર ટ્રેન્ડ : તો જ ભવિષ્યમાં જોબ માટે યુવા તૈયાર કરી શકાશે**

# દરેક જોબ ટેકનોલોજી જોબ બનશે

**■ ક્યાં સેક્ટરમાં સૌથી વધારે જોબ રહેશે તે અંગે સવાલ કરનાર યુવાનોને ટેકનોલોજી-સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની તાકીદની જરૂર**

દરેક યુવાના મનમાં હાલમાં એક સવાલ છે કે ક્યા સેક્ટરમાં સૌથી વધારે જોબ ભવિષ્યમાં રહેનાર છે. આ સવાલના જવાબમાં નિષ્ણાંતો કહે છે કે આવનાર દશકમાં દરેક જોબમાં ટેકનોલોજી મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરનાર છે. જેથી ટેકનોલોજી પર આધારિત તમામ બાબતોને વહેલી તકે જાણવા માટેની તમામ માટે જરૂર છે. આવી સ્થિતીમાં ગળા કાપ સ્પર્ધાના સમયમાં કેરિયરમાં ટકી રહેવા માટે આપને સ્કિલ્સ પર અથવા તો કુશળતા વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર દેખાઇ રહી છે. ભવિષ્યમાં દરેક જોબ ટેકનોલોજી જોબ બનનાર છે. ફ્યુચર ટ્રેન્ડના સંબંધમાં કંપનીઓને સલાહ આપનાર થોમસ ફ્રે કહે છે કે આવનાર સમયમાં દરેક જોબમાં ટેકનોલોજીની સૌથી મોટી ભૂમિકા રહેનાર છે. આમાનવી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની લડાઇ રહેનાર નથી. બલ્કે મશીનોની સાથે કામ કરવાની કલા તરીકે રહેનાર છે. ભવિષ્યમાં ઓટોમેશનના કારણે કેટલાક જોબ ખતમ થઇ જશે. આવી સ્થિતીમાં લોકોને કેરિયરમાં ટકી રહેવા માટે સ્કીલ્સને મજબુત કરવાની જરૂર દેખાઇ રહી છે. હાલમાં બ્લોકચેન, ક્રિપ્ટોકરેન્સી, રોબોટિક્સ અને ઓટોનોમસ વ્હીકલ્સ ઉભરતી ટેકનોલોજી તરીકે છે. આવનાર સમયમાં આ ટેકનોલોજી મુખ્ય પ્રવાહની ટેકનોલોજી બની જનાર છે. ભવિષ્યમાં એવા લોકોની પણ ખુબ જરૂર પડનાર છે જે એપ્સને ડિઝાઇન કરી શકે છે. ડેટાના મુલ્યાંકન અને સ્ટ્રકચર તૈયાર કરનાર લોકોને પણ ખુબ મહત્વ મળનાર છે. ખાસ એનાલિસ્ટ, ડિઝાઇનર તેમજ એન્જિનિયર્સની પણ જરૂર પડનાર છે. ભવિષ્યમાં કેવા પ્રકારની ટેકનોલોજી જોબની જરૂર રહેશે તેની વાત કરવામાં આવે તો કેટલાક જોબ સપાટી પર આવે છે. જેમાં એક સાઇબર સિક્યોરિટી એક્સપર્ટસની બાબત પણ છે. ભવિષ્યમાં દુનિયા વર્તમાન કરતા વધારે કનેક્ટેડ થઇ જશે. પર્સનલ ડિવાઇસ, મશીન્સ, એપ્લાયન્સ, ઓટો મોબાઇલ સહિતની દરેક ચીજો ઇન્ટરનેટ સાથે જોડાયેલી રહેનાર છે. આના કારણે સાયબર અપરાધની સંખ્યામાં વધારો થવાના સંકેત દેખાઇ રહ્યા છે. આવી સ્થિતીમાં એવા કુશળ લોકો માટે જોબ વ્યાપક પ્રમાણમાં રહેનાર છે જે સંભવિત ખતરા અંગે માહિતી મેળવીને તેમના ઉકેલ શોધી કાઢવામાં એક્સપર્ટ રહી શકે છે. ઇલેક્ટ્રિસિટી ગ્રિડ, વોટર સપ્લાય સિસ્ટમ, ટ્રાફિક લાઇટ્સ પારસ્પરિક રીતે જોડાયેલા રહેશે. કોઇ નાનકડી ટેકનિકલી રીતે ચેડા કરવાની સ્થિતીમાં શહેરી જીવન અસ્તવ્યસ્ત થઇ જશે. દેશમાં હજારો સિક્યુરિટી એક્સપર્ટસની જરૂર રહેશે. આ એક્સપર્ટ એવી સિસ્ટમ વિકસિત કરનાર છે જે ખતરાને ધ્યાનમાં રાખશે. સાથે

સાથે અટેકને રોકવામાં મદદરૂપ થનાર છે. હાલમાં તો સાયબર અટેક કોમ્પ્યુટર્સ અને વેબસાઇટ્સ પર જ થઇ રહ્યા છે. ભવિષ્યમાં કનેક્ટેડ ડિવાઇસેસ પણ ખતરામાં પડી શકે છે. સાયબર સિક્યુરિટી એક્સપર્ટસની જેમ જ ભવિષ્યમાં ડેટા ડ્રાઇવર્નાી બોલબાલા રહેશે. આવનાર સમયમાં સોલ્યુશન આધારિત આર્ટિફિશયલ ઇન્ટેલિજન્સ અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ સામાન્ય બાબત રહેશે. આવા લોકોની મોટા પાયે દેશને અને કંપનીઓને જરૂર રહેશે જે એઆઇથી જનરેટ થનાર ડેટાને મેનેજ કરી શકે. જેમ જેમ માનવી મશીન ઇન્ટરફેસ અને એઆઇના અનુપ્રયોગ વધનાર છે તેમ તેમ ડેટા ટેગિંગ, ક્લીનિંગ, લેબલિંગ પર કામ કરનાર લોકોની માંગ વધનાર છે. ડેટાને એનાલીસીસ કરનાર ડિઝાઇનિંગ સિસ્ટમની જરૂર રહી શકે છે. વર્ષ ૨૦૩૦ સુધી ૫૦૦ અબજ ડિવાઇસ ઇન્ટરનેટ સાથે કનેક્ટડ થઇ જશે. આનાથી મળનાર ડેટાનુ મુલ્યાંકન કરીને બિઝનેસ સાથે જોડાયેલા નિર્ણય લેવા માટે વૈજ્ઞાનિકોની જરૂર પડનાર છે. જેના કારણે સેન્સર્સ ડિઝાઇન કરનાર લોકોની માંગમાં વધારો થનાર છે. દરેક જગ્યાએ ટેકનોલોજી રહેનાર છે. તેની બોલબાલા રહેશે. ભવિષ્યમાં પણ વકીલ અને તબીબો રહેશે પરંતુ આજોબ ટેક જોબ્સની સાથે મર્જ થઇ જનાર છે. એચઆર જેવા રોલ્સ વર્તમાનમાં નોન ટેકનિકલ છે. ભવિષ્યમાં તે ટેક જોબમાં ફેરવાઇ જશે. ઓફિસમાં રોબોટિક્સ પ્રોસેસ, ઓટોમેશન અને બોટ્સ નજરે પડનાર છે. આપની પાસે દરેક પ્રકારના સ્પેશિયલ પ્રોડક્ટસ રહેનાર છે. હાલમાં અમે સામાન્ય શુઝ ખરીદીએ છીએ પરંતુ ભવિષ્યમાં આપની પાસે સ્માર્ટ ગોલ્ફ શુઝ અને ઇન્જરી મેનેજ કરનાર શુઝ રહેનાર છે. દરેક ક્ષેત્રમાં સ્પેસિફિક ટેકનોલોજીના લોકો રહેનાર છે. હાલમાં અમારી યુનિવર્સિટીમાં ચોક્કસ સ્કિલ્સ શિખવાડવામાં આવે છે. જેમાં કેટલીક બેઝિક ટેક સ્કિલ્સ હોય છે. આ ટ્રેન્ડને બદલવાની જરૂર દેખાઇ રહી છે. જો આવુ થશે તો જ ભવિષ્યની જોબ માટે યુવા તૈયાર કરી શકાશે.

**આશાજીના નિધન સાથે હિંદી ફિલ્મોમાં પાર્શ્વગાયનના સુવર્ણયુગનો છેલ્લો સ્તંભ પણ તૂટી ગયો.**

# આશા ભોસલે, પાર્શ્વગાયનના સુવર્ણ યુગનો અંતિમ સ્તંભ તૂટ્યો

## મોહમ્મદ રફી, કિશોરકુમાર અને મુકેશ એ ત્રણ મહાન પુરૂષ ગાયકો તો બહુ પહેલાં વિદાય થઈ

રવિવારે મહાન પાર્શ્વગાયિકા આશા ભોસલેએ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા એ સાથે જ ભારતીય ફિલ્મ સંગીતનો એક યુગ પૂરો થયો. ૯૨ વર્ષનાં આશાતાઈને હાર્ટ એટેક આવતાં શનિવારે સાંજે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં પણ તેમના પરિવારે ચિંતાનું કોઈ કારણ નહી હોવાનું કહેલું. આશાતાઈનાં પૌત્રી જનાઈ ભોસલેએ કહેલું કે, આશાજીને થાક અને છાતીમાં તકલીફ છે પણ બહુ જલદી સ્વસ્થ થઈ જશે. કમનસીબે આ વાત સાચી ના પડી અને રવિવારે તેમના નિધનના સમાચાર આવતાં આખા દેશને આંચકો લાગી ગયો.

આશાજીના નિધન સાથે હિંદી ફિલ્મોમાં પાર્શ્વગાયનના સુવર્ણયુગનો છેલ્લો સ્તંભ પણ તૂટી ગયો. મોહમ્મદ રફી, કિશોરકુમાર અને મુકેશ એ ત્રણ મહાન પુરૂષ ગાયકો તો બહુ પહેલાં વિદાય થઈ ગયેલા પણ લતા અને આશા જીવંત હતાં તેથી પાર્શ્વગાયનના સુવર્ણ યુગની યાદો તાજી થયા કરતી. સવા ચાર વરસ પહેલાં ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ના આશાજીનાં મોટાં બહેન અને મહાન ગાયિકા લતા મંગેશકરનું નિધન થતાં આ જોડી ખંડિત થઈ હતી. હવે આશાજીની પણ વિદાય થતાં સંપૂર્ણ શૂન્યાવકાશ થઈ ગયો છે, સંગીતના સુવર્ણયુગનાં તમામ પાત્રો વિદાય થઈ ગયાં છે. આશા ભોસલેએ હિંદી ફિલ્મ સંગીતમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું. આશા ભોસલેની છાપ મસ્તીભર્યા ડાન્સ નંબર્સ અને કેબરે ટાઈપનાં ગીતો ગાનારાં ગાયિકા તરીકેની છે પણ વાસ્તવમાં આશાજીએ તમામ પ્રકારનાં ગીતો ગાયાં છે. કાજલનાં મેરે ભૈયા મેરે ચંદા, મેરે અનમોલ રતન જેવાં આંખોમાં આંસુ લાવી દે એવાં ગીતોથી માંડીને ઓ નિર્મોહી જેવું ભક્તિભાવપૂર્ણ ગીત પણ આશાજીએ ગાયું છે. કજરા મોહબ્બતવાલા ગાનારાં આશા ભોસલેએ ગાંધીજી પર રચાયેલું દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ, સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ પણ ગાયું છે ને ઉમરાવજાનની સહરીયારે લખેલી બેનમૂન ગઝલો પણ ગાઈ છે. આશા ભોસલે વધારે જાણીતાં તેમના તીણા અને માદક અવાજમાં ગવાયેલાં ગીતોના કારણે બન્યાં અને ૧૯૬૦ના દાયકાની સાધના, આશા પારેખ, બબિતા વગેરે સ્ટાઈલિશ એક્ટ્રેસીસના અવાજ તરીકે જાણીતાં બન્યાં પણ વાસ્તવમાં નૂતન અને મધુબાલા જેવી અભિનેત્રીઓ માટે પણ આશાજીએ પોતાનો અવાજ આપ્યો છે. નૂતન માટે આશા ભોસલેએ ગાયેલું છોડ દો આંચલ અને મધુબાલા માટે ગાયેલું અચ્છા જી મૈં હારી ચલો માન જાઓ ના ગીતો સાંભળો તો આશા ભોસલેના અવાજના ફેન થઈ જાઓ. આશા ભોસલેની સફળતામાં ઓ.પી. નય્યર, રવિ અને રાહુલ દેવ બર્મન એ ત્રણ સંગીતકારોનું યોગદાન મોટું છે. નય્યરે ગમે તે કારણસર લતા મંગેશકર પાસે તેમની કારકિર્દીમાં કદી એક પણ ગીત ના ગવડાવ્યું પણ આશા ભોસલે પાસે પુષ્ક ગવડાવ્યું. ગાયકોમાં મોહમ્મદ રફી અને ગાયિકાઓમાં આશા ભોસલે નય્યરના ફેવરિટ હતાં. બલકે નય્યરે જ આશા ભોંસલેને નવી ઓળખ આપી. ૧૯૫૦ના દાયકાની શરૂઆત સુધીમાં લતા મંગેશકર હિન્દી ફિલ્મોમાં શ્રેષ્ઠ ગાયિકા તરીકે સ્થાપિત થઈ ગયાં હતાં જ્યારે આશા ભોસલે સંઘર્ષ કરતાં હતાં. ગીતા દત્ત અને સમશાદ બેગમની પણ બોલબાલા હતી જ્યારે આશા ભોસલેને રડ્યાંખડ્યાં ગીતો મળતાં. એ વખતે ૧૯૫૨માં નય્યરે છમ છમા છમ ફિલ્મમાં આશા ભોસલે પાસે એક સાથે ૧૦ ગીતો ગવડાવીને મોટો બ્રેક આપેલો. આ ગીતો બ્લોકબસ્ટર નહોતાં પણ આશાના અવાજની તેના કારણે નોંધ લેવાઈ. નય્યરે આશા પાસે ગીતો ગવડાવવાનું ચાલુ રાખ્યું અને ૧૯૫૭માં આશા ભોસલેને જે સફળતાની જરૂર હતી એ નયા દૌરના સંગીતે આપી. ઉડે જબ જબ ઝુલ્ફેં તેરી અને માંગ કે સાથ તુમ્હારા જેવાં ગીતોની લોકપ્રિયતા પછી આશાએ કદી પાછું વળીને જોવું ના પડ્યું. નય્યર માટે ૧૯૬૦નો દાયકો જબરદસ્ત સફળતાનો હતો. આ દરેક ફિલ્મમાં નય્યરે આશાને યાદગાર સોલો અને મોહમ્મદ રફી સાથે ડ્યુએટ્સ આપ્યાં. રવિએ પણ આશા ભોસલેની સફળતામાં મોટું યોગદાન આપ્યું. રવિએ આશા ભોસલેને પહેલી તક ૧૯૫૫માં વચન ફિલ્મમાં આપી. વચનની લોરી ચંદા મામા દૂર કે.....આશા ભોસલેએ ગાઈ હતી ને આ ગીત અમર થઈ ગયું. વચનમાં ૮ ગીત હતાં ને બધાંમાં આશા ભોસેનો અવાજ હતો. રફી સાથેનું જબ લિયા હાથ મેં હાથ, નિભાના સાથ તો લવર્સનું પ્રતિજ્ઞાપત્ર જ બની ગયેલું ને આજેય છે. રવિ બી.આર. ચોપરાના માનીતા સંગીતકાર હતા ને છેક ૧૯૮૦ના દાયકા સુધી રવિએ ચોપરાની ફિલ્મોમાં સંગીત આપ્યું. ચોપરાની વક્ત, આદમી ઔર ઈન્સાન, ઈત્તેફાક, ધુંધ વગેરે ફિલ્મોમાં આશાએ યાદગાર ગીતો ગાયાં છે. રાહુલ દેવ બર્મન સાથે આશાએ ૧૯૮૦માં બીજાં લગ્ન કર્યાં એ પહેલાંથી બંનેની જોડી સંગીતની દુનિયામાં ધૂમ મચાવી ચૂકી હતી. નય્યરની જેમ આર.ડી.એ પણ આશા ભોસલેને નવી ઓળખ આપી. આપણે શરૂઆતમાં જ વાત કરી એ આશાની કેબરે ડાન્સનાં ગાયિકા તરીકેની ઓળખ ઊભી કરવામાં પંચમદાનું યોગદાન મોટું છે. પિયા તુ અબ તો આજા (કારવાં), દમ મારો દમ (હરે રામ હરે કૃષ્ણ) અને દુનિયા મેં લોગોં કો ધોખા કભી હો જાતા હૈ (અપના દેશ) એ ત્રણ ગીતોએ આશાજીને આ ઓળખ આપી. આ ત્રણેય ગીત પંચમદાએ કમ્પોઝ કરેલાં. પંચમે આશા પાસે બીજાં પણ ઘણાં સુંદર ગીતો ગવડાવ્યાં પણ લોકોને વધારે યાદ આ ગીતો જ રહ્યાં છે એ હકીકત છે. આશા ભોસલેની કારકિર્દીના વાત કરીએ ને ખય્યામની વાત ના કરીએ તો ના ચાલે કેમ કે આશાની કારકિર્દીનું સુવર્ણ શિખર ઉમરાવજાન ખય્યામના સંગીતથી મઢેલું છે. ખય્યામ છેક ૧૯૫૦થી આશા પાસે ગીતો ગવડાવતા અને બંનેએ ઘણા લોકપ્રિય ગીતો આપ્યાં પણ ઉમરાવજાનમાં ખય્યામે કમાલ કરી નાંખેલી. સહરીયારની ઈન આંખો કી મસ્તી કે, યે ક્યા જગા હૈ દોસ્તોં, દિલ ચીઝ ક્યા હૈ આપ મેરી જાન લિજિયે, જુસ્તજુ જિસ કી થી ઉસ કો તો ના પાયા હમ ને અને જબ ભી મિલતી હૈ મુઝે અજનબી લગતી ક્યોં હૈ એ પાંચ ગઝલોએ આશા ભોસલેને કાકકિર્દીમાં કદી ના મળી હોય એવી પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા અપાવી દીધી. લતા મંગેશકરના પડછાયામાં રહેલાં આશા ભોસલેને લતા મંગેશકરની હારોહાર લાવીને ઉભાં કરી દીધાં.સંચિનદેવ બર્મન, ભપ્પી લાહિરી, એ.આર. રહેમાન, શંકર જયકિશન, જયદેવ વગેરે સંગીતકારોએ પણ આશા ભોસલેના અવાજનો બખૂબી ઉપયોગ કરીને યાદગાર ગીતો સર્જ્યાં. આ ગીતોની સંખ્યા એટલી બધી છે કે એક લેખમાં તેનો ઉલ્લેખ પણ શક્ય નથી પણ આ ગીતો સાંભળશો તો આશાજી કેવાં મહાન ગાયિકા હતાં તેનો અંદાજ ચોક્કસ આવશે. આશાજી નથી રહ્યાં પણ તેમનો અવાજ આપણી સાથે છે, તેમનાં ગીતો આપણી સાથે છે તેથી આપણે કદી તેમને ભૂલી શકવાના તો નથી જ.



# ‘યેહ પ્રેમ મોલ લિયા’માં હિમેશ રેશમિયાએ સૂરજ બરજાત્યા માટે ૭ મધુર ગીતો તૈયાર કર્યા

સૂરજ બડજાત્યાની ફિલ્મો માત્ર બ્લોકબસ્ટર કમાણી, પરિવારિક વિષય, કાસ્ટિંગ અને ભાવનાઓ માટે જ નહીં, પરંતુ તેમના ગીતો માટે પણ જાણીતી હોય છે. તેથી તેમની આગામી ફિલ્મના મ્યુઝિક અંગે અપેક્ષાઓ ખૂબ ઊંચી છે. હવે તેમની આયુષ્માન ખુરાના અને શર્વરી અભિનીત ફિલ્મ વિશે એક રસપ્રદ માહિતી સામે આવી છે.સુત્રોએ જણાવ્યું, ‘‘હિમેશ રેશમિયાએ આ ફિલ્મ માટે સંગીત આપ્યું છે. તેમણે અને સૂરજ બડજાત્યાએ અગાઉ ૨૦૧૫ની ફિલ્મ ‘પ્રેમ રતન ધન પાયો’માં સાથે કામ કર્યું હતું અને તે અનુભવ તેમને ખૂબ ગમ્યો હતો. સૂરજજીએ જાણ્યું હતું કે જે પ્રકારના ગીતો તેમને જોઈએ છે, તેના માટે હિમેશ યોગ્ય પસંદગી છે. હિમેશ પણ આ પ્રોજેક્ટ સાથે જોડાવા માટે ખુબ ખુશ હતા.’’સુત્રએ આગળ કહ્યું, ‘‘હિમેશ રેશમિયાએ આ ફિલ્મ માટે કુલ ૭ મધુર ગીતો તૈયાર કર્યા છે. સૂરજજીએ સ્પષ્ટ કહ્યું હતું કે દરેક ગીત સરળ, હૃદયસ્પર્શી અને જનસામાન્યને ગમે તેવું હોવું જોઈએ. તેમની ઈચ્છા હતી કે ગીતો માત્ર શહેરી દર્શકોમાં જ નહીં, પરંતુ ગ્રામ્ય વિસ્તારો અને આંતરિક ભાગોમાં પણ લોકપ્રિય બને. હિમેશ આવા ગીતોમાં નિષ્ણાત છે અને તેમણે તે પ્રમાણે કામ કર્યું છે.’’રસપ્રદ વાત એ છે કે આયુષ્માન ખુરાનાની ફિલ્મ માટે હિમેશ રેશમિયા પહેલીવાર સંગીત આપી રહ્યા છે. અગાઉ એવી માહિતી પણ મળી હતી કે ફિલ્મના ટાઈટલમાં ફેરફાર થઈ શકે છે. હાલમાં તેનું વર્કિંગ ટાઈટલ ‘યેહ પ્રેમ મોલ લિયા’ છે, પરંતુ અંતિમ ટાઈટલ હજી નક્કી થયું નથી. ટાઈટલ ફાઈનલ થયા પછી નિર્માતાઓ સત્તાવાર જાહેરાત કરશે.આ રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મનું નિર્માણ રાજશ્રી પ્રોડક્શન્સ અને મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગયા મહિને મળેલી માહિતી મુજબ, ફિલ્મનું શૂટિંગ ૧ નવેમ્બર, ૨૦૨૫થી શરૂ થયું હતું અને હવે તે એક મહિનામાં પૂર્ણ થવાની શક્યતા છે. સુત્રોની માહિતી મુજબ, ‘‘અંતિમ શીડ્યુલ એપ્રિલના છેલ્લાં અઠવાડિયામાં અથવા મેના પ્રથમ અઠવાડિયામાં થશે, ત્યારબાદ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થઈ જશે. આ શીડ્યુલમાં બંને મુખ્ય કલાકારો — આયુષ્માન ખુરાના અને શર્વરી — હાજર રહેશે.’’



# અક્ષય મને ૩૯ વર્ષ પહેલાં બાઈક પર ડાન્સ ક્લાસ માટે લઈ જતો હતો : તબુ

તબુ અને અક્ષય કુમારે પહેલી વાર સ્ક્રીન પર ૧૯૯૬ની ફિલ્મ ‘તું ચોર મૈં સિપાહી’માં સાથે કામ કર્યું હશે, પરંતુ તેમની મિત્રતા તે પહેલાંથી જ છે. ‘ભૂત બંગલા’ના ટ્રેલર લોન્ચ દરમિયાન અક્ષયએ જણાવ્યું કે તે તબુને લગભગ ૪ દાયકાથી ઓળખે છે અને તબુએ કહ્યું કે વર્ષો દરમિયાન તેમાં કોઈ બદલાવ આવ્યો નથી.તબુને પૂછવામાં આવ્યું કે અક્ષયમાં કોઈ ફેરફાર આવ્યો છે કે નહીં, તો તેણે કહ્યું, ‘‘તે એવો ને એવો જ છે; તે આજે પણ સવારે ૪ વાગ્યે ઊઠે છે અને ૫ વાગ્યે જોગિંગ કરવા માટે આગ્રહ કરે છે. તે આજે પણ કહે છે કે આ ખાશો નહીં, તે ખાશો નહીં. તેનામાં જરાય ફેર પડ્યો નથી.’’ તેણે એ પણ ઉમેર્યું કે તેણે પ્રિયદર્શન સાથે આઠ ફિલ્મોમાં કામ કર્યું છે, છતાં તેમાં પણ કોઈ ફેર પડ્યો નથી.અક્ષયએ પણ ખુલાસો કર્યો કે તે તબુને ૩૯ વર્ષ પહેલા મળ્યો હતો, જ્યારે તેઓ સાથે ડાન્સ અકેડેમીમાં જતા હતા. તેણે કહ્યું, ‘‘હું તમને બધાને મારી અને તબુ વિશે કંઈક કહેવા માગું છું. હું તબુને ૩૯ વર્ષથી ઓળખું છું. અમે સાથે ડાન્સ શીખવા માટે અકેડેમીમાં જતાં હતાં.’’ ત્યારે તબુએ ઉમેર્યું, ‘‘તે મને બાઈક પર લેવા આવતો હતો.’’તબુ અને અક્ષયએ ત્યારબાદ ૨૦૦૦ની ફિલ્મ ‘હેરા ફેરી’માં સાથે કામ કર્યું, જે પ્રિયદર્શન દ્વારા નિર્દેશિત હતી. હવે તેમણે ૨૬ વર્ષ પછી ‘ભૂત બંગલા’ માટે ફરી સાથે કામ કર્યું છે.



# હું સ્કૂલમાં ત્રણ વખત નાપાસ થયો હતો : અક્ષય

બોલિવૂડ એક્ટર અક્ષય કુમારે તાજેતરમાં પોતાનાં શો ‘વ્હીલ ઑફ ફોર્ચ્યુન’ના એપિસોડ દરમિયાન પોતાનાં બાળપણની મસ્તીઓ વિશે ખુલાસો કર્યો હતો. તેણે પ્રેક્ષકોમાં બેઠેલા પોતાનાં બાળપણના મિત્ર જીનેશનો દર્શકોને પરિચય કરાવ્યો અને બંનેએ સાથે ગાળેલા દિવસોની યાદો તાજી કરી હતી.

કન્ટેસ્ટન્ટ્સ સાથે વાતચીત દરમિયાન અક્ષય કુમારે જણાવ્યું કે તેનો મિત્ર જીનેશ દર્શકોમાં હાજર છે. તેણે કહ્યું કે તેમની મિત્રતા બાળમંદિરથી શરૂ થઈ હતી અને સૌને આશ્ચર્યમાં મૂકી દેતાં કહ્યું, ‘‘અમે લોકો કેજીથી સાથે છીએ અને દ્રવ્યથી ૯મા ધોરણ વચ્ચે અમે ત્રણ-ત્રણ વખત નાપાસ થયા છીએ.’’ જ્યારે અક્ષયે જીનેશને પૂછ્યું કે તે કેમ વારંવાર ફેલ થતો હતો, ત્યારે તેણે મજેદાર જવાબ આપ્યો: ‘‘હું તારી સાથે ટાઈમ પાસ કરતો હતો, એટલા માટે!’’ આ પછી અક્ષયે મજાક આગળ વધારીને કહ્યું કે જીનેશનો મનપસંદ શોખ સાયકલ પર શહેરમાં ફરવું અને છોકરીઓને જોવોનો હતો. પરંતુ જીનેશે તરત જ મજાકને પલટાવી દીધી અને કહ્યું, ‘‘શું લાગે છે, હું આ બધું જોતો હતો?’’ આ સાંભળીને ત્યાં હાજર બધા જ લોકો હસી પડ્યાં હતાં.



# માત્ર ૧૦ વર્ષની વયે ઝાડ નીચે લટકતા માઈક પર ગાયું હતું પ્રથમ ગીત, જાણો આશાજીનો સંઘર્ષ

ભારતીય સંગીત જગતનો એક સુવર્ણ યુગ આજે આથમી ગયો છે. સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોસલેનું ૯૨ વર્ષની વયે મલ્ટીપલ ઓર્ગન ફેલિયરના કારણે નિધન થયું હતું. ગઈકાલે રાતે ઈન્ફેક્શનના કારણે તેમને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા. લતા મંગેશકરના નાની બહેન આશાજીના નિધનથી સમગ્ર કલા જગતમાં શોકની લહેર પ્રસરી ગઈ છે. ૮ દાયકાથી વધુ લાંબી કારકિર્દીમાં તેમણે ૧૨ હજારથી વધુ ગીતો ગાઈને અનેક પેઢીઓના દિલ જીત્યા છે.

આશા ભોસલેની સફર સંઘર્ષ અને મક્કમતાની મિસાલ રહી છે. તેમણે માત્ર ૧૦ વર્ષની ઉંમરે વર્ષ ૧૯૪૩માં કારકિર્દીનું પ્રથમ ગીત રેકોર્ડ કર્યું હતું. આશ્ચર્યની વાત એ છે કે તેમનું પ્રથમ ગીત હિન્દી નહીં પણ મરાઠી ફિલ્મ ‘માઝા બાલા’ માટેનું ‘ચલા ચલા નવ બાલા’ હતું. પોતાની મોટી બહેન લતાજીની સફળતા વચ્ચે આશાજીએ પોતાની આગવી ઓળખ ઊભી કરવા માટે ઘણો પરિશ્રમ કર્યો હતો. તેમનું પ્રથમ હિન્દી ગીત ‘સાવન આયા’ વર્ષ ૧૯૪૮માં ફિલ્મ ‘ચુનરિયા’ માટે રેકોર્ડ થયું હતું.તેમના પ્રથમ ગીતના રેકોર્ડિંગનો કિસ્સો આજે પણ અદ્ભુત માનવામાં આવે છે. આશાજીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે તે સમયે કોઈ આલીશાન સ્ટુડિયો નહોતા. અંધેરીના મોહન સ્ટુડિયોમાં ભીડ હોવાને કારણે તેમણે ખુલ્લામાં એક ઝાડ નીચે ઊભા રહીને ગીત ગાવું પડ્યું હતું. માઈક ઝાડની ડાળી પર લટકાવેલું હતું અને ઓર્કેસ્ટ્રા અંદર બેઠું હતું. માત્ર ૧૦ વર્ષની ઉંમરે ગીત ગાતી વખતે તે સમયે આશાજી ધ્રૂજી રહ્યા હતા, પરંતુ એ રેકોર્ડિંગ બાદ તેમને વિશ્વાસ બેઠો કે તેઓ પણ દીદીની જેમ ગાઈ શકે છે.

આશાજીએ યાદ કર્યું હતું કે વહેલી સવારે ૪ વાગ્યા સુધી રેકોર્ડિંગ ચાલતું હતું, જેમાં કાગડાઓનો અવાજ, રસ્તા પર પસાર થતી ગાડીઓ અને ટ્રેનનો ઘોંઘાટ સતત ખલેલ પહોંચાડતો હતો. જ્યારે પણ કોઈ બહારનો અવાજ આવે ત્યારે રેકોર્ડિંગ અટકાવી ફરીથી શૂન્યથી શરૂઆત કરવી પડતી હતી.

# આશા ભોસલેનો અંતિમ વીડિયોઃ સફેદ સાડી અને હસતા ચહેરે જોવા મળ્યા હતા ’તાઈ’

બોલીવુડના લિજેન્ડરી ગાયિકા આશા ભોસલેના નિધનથી દુનિયાભરના સંગીતપ્રેમીઓને સૌથી મોટો આંચકો લાગ્યો છે. ચાહકોમાં ’તાઈ’ (મોટી બહેન) તરીકે ઓળખાતા આશા ભોસલે ૯૨ વર્ષની ઉંમરે પણ યુવાન જેવો તરવરાટ ધરાવતા હતા. તેઓ ઘણા કાર્યક્રમોમાં હાજરી આપતા હતા. તેમની પૌત્રી જનાઈ હંમેશાં તેમની સાથે રહેતી હતી.

આશા ભોંસલે છેલ્લે ક્રિકેટર સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકરના લગ્નમાં જોવા મળ્યા હતા. તેમણે ખૂબ જ આનંદપૂર્વક લગ્નમાં હાજરી આપી હતી. હંમેશની જેમ, તેઓ સુંદર સફેદ સાડી, મોતીનો હાર અને વાળમાં એક મોટું ફૂલ લગાવીને જોવા મળ્યા હતા. તેમના હસતા ચહેરાએ બધાનું ધ્યાન ખેંચ્યું હતું.આશા તાઈએ મીડિયા સામે હાથ જોડીને બધાનું અભિવાદન કર્યું. તેમનો આ છેલ્લો વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આશા ભોંસલેએ અત્યાર સુધીમાં તેમની કરિયરમાં બાર હજારથી વધુ ગીતો ગાયા છે. આશા તાઈને પદ્મ વિભૂષણ, મહારાષ્ટ્ર ભૂષણ, ફિલ્મફેર, મહારાષ્ટ્ર સરકારના ૧૫થી વધુ પુરસ્કાર અને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર જેવા ઘણા પ્રતિષ્ઠિત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.આશા તાઈની અણધારી વિદાયને સેંકડો સેલિબ્રિટીઝે દુખ વ્યક્ત કર્યું છે, ત્યારે શાહરુખ ખાન સાથે આશાતાઈનો એક વીડિયો આજે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આશા ભોસલે સાથે ૨૦૨૩માં ક્રિકેટ વર્લ્ડ કપ ફાઈનલ મેચ એન્જોય કરતા જોવા મળ્યા હતા. વાયરલ વીડિયોમાં શાહરુખ આશાજી સાથે હસતા-બોલતા જોવા મળે છે. થોડા સમય પછી આશાતાઈના પીધેલા ચાના કપને ઊચકીને જાય છે.

# બંને બહેનો વચ્ચે અબોલા રહ્યા પણ લતાજી અને આશાતાઇનાં નિધનમાં સર્જાયો અનોખો સંયોગ?

બોલીવુડના દિગ્ગજ ગાયિકા આશા ભોંસલેનું ૯૨ વર્ષની વયે અવસાન થયું છે. નિધન બાદ, બોલીવુડ કોરિડોરથી લઈને રાજકીય ક્ષેત્ર સુધી, સમગ્ર મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજું ફરી વળ્યું છે. લતા મંગેશકર પછી તેઓ મંગેશકર પરિવારના એક મોટા મોભી તરીકે હતા. આશા ભોંસલે અને લતા મંગેશકરના નિધન અંગે એક નોંધપાત્ર સંયોગ ઊભરી આવ્યો છે.આશા ભોંસલે લતા મંગેશકરની નાની બહેન હતી.બન્નેની ગાયિકીમાં એક સામ્યતા જોવા મળી હતી પણ બન્નેના ઝોન એકબીજાથી ખૂબ જ અલગ હતા.બન્ને બહેનોએ એટલા ભવ્ય ગીતો ગાયા કે તેમને આવનારી પેઢીઓ સુધી યાદ રાખવામાં આવશે. આ બે બહેનોના નિધન ઉપર પણ સંયોગ વિશે બહુ ઓછા લોકો જાણતા હશે.લતા મંગેશકરનું ફેબ્રુઆરી ૨૦૨૨ માં અવસાન થયું, તે સમયે તેમની ઉંમર ૯૨ વર્ષની હતી. આશા ભોંસલેએ પણ ૯૨ વર્ષની ઉંમરમાં અંતિમ શ્વાસ લીધા. આમ બન્ને બહેનોએ ધરતી પરથી ૯૨ વર્ષની ઉંમરે વિદાય લઈ લીધી. લતાજી અને આશાજીની ઉંમર



વચ્ચે પણ ચાર વર્ષનો ગેપ છે. લતાજીનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૨૯ના રોજ થયો હતો જ્યારે આશાજીનો જન્મ તા.૮ સપ્ટેમ્બર ૧૯૩૩ના રોજ થયો હતો. લતાજી અને આશાજી વચ્ચેની કડવાશના વાવડ પણ ખૂબ ચર્ચામાં રહ્યા. આ પાછળનું કારણ આશાજીના ગણપત રાવ સાથે લગ્ન માનવામાં આવે છે. ગણપત રાવ લતાજીના સેક્રેટરી હતા. તેમણે પરિવારની વિરૂદ્ધમાં જઈને લગ્ન કર્યા હતા. આ કારણે લતાજી અને આશાજી વચ્ચે વર્ષો સુધી અબોલા રહ્યા. આર.ડી.બર્મનના પ્રયાસથી બન્ને બહેનોના સંબંધો સુધર્યા.પછીથી આશાજીએ આર.ડી.બર્મન સાથે લગ્ન કરી લીધા. પોપ્યુલારિટીની વાત કરવામાં આવે તો લતાજી અને આશાજીનો એક અલગ વર્ગ હતો. બન્ને વચ્ચે ફેન્સ ભલે કોમન હોય પણ સંગીતના ઝોન ઘણા અંશે અલગ પડી રહ્યા હતા. ગાયનમાં અખતરા કરવાની વાત આવે ત્યારે આશાજી કાયમ એક રિસ્ક લેતા. લતાજી જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી તેમણે પોતાના ઝોન છડ્યા નથી માત્ર ગાયિકીમાં ફેરફાર કર્યા.


## કારકિર્દીમાં એકએકથી ચઢિયાતા હજારો ગીતો ગાયા

જાણીતા ગાયિકા આશા ભોસલેએ તેમની કારકિર્દીમાં એકએકથી ચઢિયાતા હજારો ગીતો ગાયા છે. તેમ છતાં કલાકાર તરીકે તેમનામાં વધુ સારું કામ કરવાની ભૂખ ક્યારેય ઓછી થઇ નહોતી. તેમણે પોતે થોડા દિવસો પહેલા અફસોસ વ્યક્ત કર્યો હતો કે એક ગીત તેઓ ગાવા માંગતા હતા, પણ તેમની ઈચ્છા પૂરી ન થઇ. થોડા દિવસ પહેલા, એક ઇન્ટરવ્યુમાં આશા ભોસલેએ પોતાના મનની વાત જણાવી હતી કે તેમની કયું ગીત ગાવાની ઈચ્છા અધૂરી રહી ગઈ. ચાલો જાણીએ, તેમણે શું જણાવ્યું.

મારો સ્વભાવ ખૂબ જ કડક અને અલગ છે. કારણ કે જ્યારે હું કોઈ વસ્તુ નક્કી કરી લઉં પછી તેને પૂરી કર્યા વિના ન રહું. જોકે, ક્યારેક હું ઘરે અથવા ટ્રેનમાં મુસાફરી કરતી વખતે વસ્તુઓ સહન કરી લઉં છું. એક વાત એવી છે કે જ્યારે આપણે ટ્રેનમાં બેસીએ છીએ, જો કોઈની પાસે સીટ ન હોય, તો આપણે તેમને થોડી જગ્યા આપીએ છીએ. જેમ આપણે ટૂંકા સમય માટે આપણી સાથે મુસાફરી કરતી વ્યક્તિ સાથે એડજસ્ટ થઈએ છીએ, તેવી જ રીતે આપણે આપણા જીવનમાં પણ લોકો સાથે એડજસ્ટ થવાનું શીખવું જોઈએ, આશા ભોસલેએ એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું.

જો કોઈ તલવાર છે, તો કોઈએ મ્યાન હોવી જોઈએ. મેં મારા જીવનને દરેક સાથે આ રીતે ગોઠવ્યું છે. જોકે, મેં મારા ગીતોમાં કે મારા કામમાં કોઈને બોલવા દીધા નથી. "મારું ગાયન મારું જીવન છે, મારો શ્વાસ છે, અને હું ગાતી રહીશ, આશા ભોસલેએ કહ્યું હતું.

## આરસીબી સામે મુંબઈનો ૧૮ રને પરાજય



રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુની ટીમે વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૧૮ પરાજય આપી સીઝનની ત્રીજી જીત મેળવી હતી. આરસીબીએ પ્રથમ બેટિંગ કરતાં ૪ વિકેટ ગુમાવી ૨૪૦ રન બનાવ્યા હતા. જેના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ૨૦ ઓવરના અંતે ૫ વિકેટ ગુમાવી ૨૨૨ રન બનાવી શકી હતી. આ જીત સાથે આરસીબીના ૬ પોઈન્ટ થઈ ગયા છે અને તે ત્રીજા સ્થાને છે. રાજસ્થાન રોયલ્સ ચારેય મેચમાં જીત મેળવી ૮ પોઈન્ટ સાથે પ્રથમ ક્રમે અને પંજાબ કિંગ્સ ચાર મેચમાં ૭ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે.


પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ ઓપનર ફિલ સોલ્ટ અને વિરાટ કોહલી વચ્ચે નોંધાયેલી શતકીય ભાગીદારી તેમજ કેપ્ટન રજત પાટીદારની તોફાની અર્ધીસદી તથા ટિમ ડેવિડના ૧૬ બોલમાં આક્રમક અણનમ ૩૪ રનની મદદથી મુંબઈ ઈન્ડિયન્સ સામે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરના અંતે ચાર વિકેટ ગુમાવી ૨૪૦ રનનો જંગી સ્કોર કર્યો હતો.

૨૪૧ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સની ટીમની શરૂઆત સારી રહી હતી. ઓપનર રિકલ્ટન અને રોહિતે પ્રથમ વિકેટ માટે ૫૭ રન જોડ્યા હતા. તે સમયે રોહિત રિટાયર્ડ હર્ટ થઈ પેવેલિયન પરત ફર્યો હતો. તેણે ૧૯ રન બનાવ્યા હતા. જોકે, રિકલ્ટન અને તિલક વર્માને આઠમી ઓવરમાં આઉટ કરી ડબલ ઝટકા આપ્યા હતા. સૂર્યકુમારે ત્યારબાદ કેપ્ટન હાર્દિક સાથે મળી સ્કોરબોર્ડ ફરતુ રાખ્યું હતું. જોકે, ૧૨૧ રનના સ્કોરે સૂર્યકુમાર આઉટ થયા બાદ હાર્દિક પણ ૧૪૫ રનના સ્કોરે આઉટ થતાં મુંબઈ ઈન્ડિયન્સની મુશ્કેલી વધી ગઈ હતી. અંતિમ ૫ ઓવરમાં જીત માટે ૯૪ રનની જરૂરત હતી ત્યારે રૂથરફોર્ડે તોફાની બેટિંગ કરતાં ૩૧ બોલમાં અણનમ૭૧ રન બનાવી ટીમની જીત માટે પ્રયાસ કર્યો હતો પરંતુ રનરેટ ઘણો ઊંચો હોવાથી મુંબઈની ટીમ ૨૦ ઓવરના અંતે પાંચ વિકેટ ગુમાવી ૨૨૨ રન બનાવી શકી હતી. મુંબઈનો ચોથી મેચમાં આ ત્રીજો પરાજય હતો.

# ચેન્નાઈ-દિલ્હી ઋતુરાજ ગાયકવાડ અને નીતિશ રાણાને દંડ ફટકારાયો

### અમ્પાયર સાથે દલીલ કરવા બદલ નીતિશ રાણાને અને સ્લો ઓવરરેટ બદલ ઋતુરાજને દંડ

શનિવારે રમાયેલી ચેન્નઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચ બાદ નીતિશ રાણા અને ઋતુરાજ ગાયકવાડને બે અલગ અલગ કારણોસર દંડ ફટકારવામાં આવ્યો હતો. રાણાને અમ્પાયર સાથે દલીલ કરવા અને અયોગ્ય ભાષાનો ઉપયોગ કરવા બદલ સજા કરવામાં આવી હતી, જ્યારે ગાયકવાડને ધીમા ઓવર રેટ માટે દંડ ફટકારવામાં આવ્યો હતો.





મેચ દરમિયાન સૌથી મોટો વિવાદ દિલ્હીની ઈનિંગની ૧૯મી ઓવરમાં થયો હતો, જ્યારે બેટ્સમેન ટ્રિસ્ટન સ્ટબ્સે પરસેવાને કારણે પોતાના ગ્લોવ્ઝ બદલવાની પરવાનગી માંગી હતી. ચેન્નાઈની ગરમીમાં આ એક સામાન્ય માંગ હતી, પરંતુ ચોથા અમ્પાયરે તેને ફગાવી દીધી હતી. પરિસ્થિતિ વધુ વણસી ગઈ, અને સ્ટબ્સને આઉટ કરતાની સાથે જ, નીતિશ રાણાએ અમ્પાયર સાથે દલીલ કરી હતી. IPLએ આ વર્તનને આચારસંહિતાનું ઉલ્લંઘન માન્યું. IPLના એક નિવેદન અનુસાર, ‘‘નીતીશ રાણાને તેની મેચ ફીના ૨૫ ટકા દંડ અને એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે.’’ તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘રાણાએ IPL આચારસંહિતાની કલમ ૨.૩નું ઉલ્લંઘન કર્યું છે, જે મેચ દરમિયાન અપમાનજનક ભાષાના ઉપયોગથી સંબંધિત છે.’’ જોકે, રાણાએ પોતાની ભૂલ સ્વીકારી અને મેચ રેફરીના નિર્ણયનો સ્વીકાર કર્યો.

બીજી તરફ, ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને પણ કાર્યવાહીનો સામનો કરવો પડ્યો. તેમની ટીમ નિર્ધારિત સમયમાં ઓવરો પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી, જેના પરિણામે રૂ.૧.૨ મિલિયનનો દંડ ફટકારવામાં આવ્યો. IPL અનુસાર, ‘‘આ ટીમનો સિઝનનો પહેલો ગુનો હતો, તેથી ગાયકવાડને રૂ. ૧.૨ મિલિયનનો દંડ ફટકારવામાં આવ્યો. IPLમાં સ્લો ઓવર રેટને એક ગંભીર મુદ્દો માનવામાં આવે છે અને જો ભૂલ વારંવાર કરવામાં આવે તો સજા વધુ ગંભીર હોઈ શકે છે.

# ૧૭ બોલરો જેમણે તેમની આઈપીએલ કારકિર્દીના પહેલા બોલે વિકેટ લીધી

### દિલ્હી સામે ચેન્નઇનો ગુર્જપનીતસિંહ અક્ષરને આઉટ કરી આ લિસ્ટમાં સામેલ થયો

IPLના ઈતિહાસમાં ઘણા બોલરો એવા રહ્યા છે જેમણે તેમની IPL કારકિર્દીની શાનદાર શરૂઆત પહેલા જ બોલે વિકેટ લઈને કરી હતી. આ યાદીમાં કુલ ૧૭ બોલરોનો સમાવેશ થાય છે. જેમાં ચેન્નાઈ સુપર કિંગ્સના ફાસ્ટ બોલર ગુર્જપનીત સિંહ ઇન્ડિયન પ્રીમિયર લીગમાં તેમની કારકિર્દીના પહેલા બોલે વિકેટ લેનાર ૧૭મો ખેલાડી બન્યો છે. દિલ્હી કેપિટલ્સની ઈનિંગ્સની સાતમી ઓવરમાં ગુર્જપનિત સિંહ બોલિંગમાં આવ્યો હતો. તેણે અક્ષર પટેલને તેની આઈપીએલ કારકિર્દીના પહેલા જ બોલ પર સરફરાઝ ખાન દ્વારા કેચ કરાવ્યો હતો.



આ સાથે, ગુર્જપનિત સિંહ તેની આઈપીએલ કારકિર્દીના પહેલા બોલ પર વિકેટ લેનાર ૧૭મો ખેલાડી બન્યો હતો. ગુર્જપનીત સિંહ પહેલા, જેમણે તેમના IPL કારકિર્દીના પહેલા બોલ પર સફળતા મેળવી છે તેમાં ઈશાંત શર્મા (૨૦૦૮, કોલકાતા નાઈટ રાઈડર્સ), વિલ્કિન મોટ્ટા (૨૦૦૮, કિંગ્સ ઈલેવન પંજાબ), એસ વિદ્યુત (૨૦૦૮, ચેન્નાઈ સુપર કિંગ્સ), રવિ તેજા (૨૦૦૮, ડેક્કન ચાર્જર્સ), શેન હાર્વુડ (૨૦૦૯, રાજસ્થાન રોયલ્સ), અમિત સિંહ (૨૦૦૯, રાજસ્થાન રોયલ્સ), ચાર્લ લેંગેવેલ્ડ (૨૦૦૯, કોલકાતા નાઈટ રાઈડર્સ), કેવિન પીટરસન (૨૦૦૯, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર), અલી મુર્તઝા (૨૦૧૦, મુંબઈ ઈન્ડિયન્સ), ટીપી સુધીન્દ્ર (૨૦૧૨, ડેક્કન ચાર્જર્સ), એડમ ગિલક્રિસ્ટ (૨૦૧૩, કિંગ્સ ઈલેવન પંજાબ), હનુમા વિહારી (૨૦૧૩, સનરાઈઝર્સ હૈદરાબાદ), અલઝારી જોસેફ (૨૦૧૯, મુંબઈ ઈન્ડિયન્સ), ડેવાલ્ડ બ્રુઈસ (૨૦૨૨, મુંબઈ ઈન્ડિયન્સ), મથિશા પથિરાના (૨૦૨૨, ચેન્નાઈ સુપર કિંગ્સ) અને અશ્વિની કુમાર (૨૦૨૫, મુંબઈ ઈન્ડિયન્સ). ગિલક્રિસ્ટ, બ્રેવિસ અને પીટરસન આ યાદીમાં આશ્ચર્યજનક નામો છે, કારણ કે તેઓ નિયમિત બોલર નથી. વિકેટકીપર ગિલક્રિસ્ટે તેની આઈપીએલ કારકિર્દીમાં ફક્ત એક જ બોલ ફેંક્યો હતો, તેની સાથે એક વિકેટ લીધી હતી અને એક અનોખો રેકોર્ડ બનાવ્યો હતો.

# ગુજરાત ટાઇટન્સનો લખનૌ સામે સાત વિકેટે ‘જાયન્ટ’ વિજય

### લખનૌ સુપર જાયન્ટ્સ ૧૬૪/૮, ગુજરાત ટાઇટન્સ ૧૬૫/૩, પ્રસિદ્ધ કૃષ્ણાની ચાર વિકેટ

ગુજરાત ટાઈટન્સ લયમાં આવ્યું હોય તેમ લખનૌ સુપર જાયન્ટ્સ સામે સાત વિકેટે જીસ સાથે આ સીઝનમાં સતત બીજો વિજય મેળવ્યો હતો. રવિવારે અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં લખનૌ સુપર જાયન્ટ્સની ટીમે ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૧૬૪ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સે ૧૮.૪ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી લક્ષ્યાંક મેળવી લીધો હતો. ગુજરાત ટાઈટન્સની આ સતત બીજી જીત છે. આ પહેલાં દિલ્હી સામેની દિલધડક મેચમાં એક રને વિજય થયો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી લખનૌ સુપર જાયન્ટ્સની ટીમના ખેલાડીઓ ગુજરાત ટાઈટન્સના બોલરો સામે સંઘર્ષ કરી રહ્યા હોય તેમ જોવા મળ્યું હતું. ટીમમાં ટોપ સ્કોરર ઓપનર એડન માર્કરમ રહ્યો હતો તેણે ૩૦ રન બનાવ્યા હતા.



ગુજરાત ટાઈટન્સ તરફથી પ્રસિદ્ધ ક્રિષ્ણાએ વેધક બોલિંગ નાખતાં ચાર ઓવરમાં ૨૮ રન આપી ચાર વિકેટ ઝડપી હતી જ્યારે સિરાજે ૪ ઓવરમાં માત્ર ૧૯ રન આપી એક વિકેટ પોતાના નામે કરી હતી. ઝડપી બોલર અશોક શર્માને પણ બે સફળતા મળી હતી. કંગિસો રબાડાને એક વિકેટ મળી હતી પરંતુ તે ખર્ચાળ સાબિત થયો હતો. તેણે ચાર ઓવરમાં ૫૪ રન આપ્યા હતા. ૧૬૫ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ગુજરાત ટાઈટન્સની ટીમે ઓપનર સાંઈ સુદર્શન અને શુભમન ગીલે આક્રમક શરૂઆત અપાવી પાંચ ઓવરમાં ૪૫ રન જોડ્યા હતા.

સુદર્શન ૧૫ રનના અંગત સ્કોરે આઉટ થયા બાદ ગીલ અને જોશ બટલરે લખનૌના બોલરો સામે તોફાની બેટિંગ કરતાં ૫૮ બોલમાં ૮૪ રન જોડી ટીમની જીતનો પાયો નાખ્યો હતો. ૧૨૯ રનના સ્કોરે ગીલ ફિફ્ટી પૂર્ણ કરી આઉટ થયા બાદ બટલર પણ અંગત ૬૦ રન બનાવી શમીનો શિકાર બન્યો હતો. ૧૩૫ રનના સ્કોરે ત્રીજી વિકેટ ગુમાવ્યા બાદ વોશિંગ્ટન સુંદર અને રાહુલ તેવટિયાએ ચોથી વિકેટ માટે ૩૦ રન જોડી ટીમને વિજય અપાવ્યો હતો.

## અમદાવાદમાં રિવરફ્રન્ટ પર ઓર્થોપેડિક વોકેથોનનું આયોજન

### ૩ કિમી, ૫ કિમી, અને ૭ કિમીની નોર્મલ વોકમાં અલગ અલગ ઉંમરના ૧૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો


અમદાવાદમાં રિવરફ્રન્ટ ઉપર ઓર્થોપેડિક વોકેથોનનું રવિવારે આયોજન હતું. જેમાં ૩ કિમી, ૫ કિમી, અને ૭ કિમી, એમ ત્રણ પ્રકારના નોર્મલ વોક યોજાઈ હતી. જેમાં અલગ અલગ ઉંમરના આશરે ૧૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે એએમટીએસના પૂર્વ ચેરમેન

ધર્મસિંહ દેસાઈ, બારકાઉન્સિલના ચેરમેન જે.જે. પટેલ તથા શાયોના ગ્રૂપના ચેરમેન સુરેશભાઈ પટેલ, એક્ટર પ્રશાંત બારોટ હાજર રહ્યા હતા. આ દોડમાં સામેલ તમામ ઉંમરની વ્યક્તિને એક સર્ટિફિકેટ, ટીશર્ટ, અને મેડલ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમના આયોજનમાં મૂનોટ હેલ્થ કેર ફાઉન્ડેશન, તથા બોનીટેકનો સહયોગ રહ્યો હતો. લોકોની હેલ્થ સારી રહે અને ની રિપ્લેસમેન્ટ કરવાનો વખત ના આવે એને જાગૃત કરવા માટે આ પ્રકારનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે ભારતના અગ્રણી પગ અને પગની ઘૂંટીના નિષ્ણાત અને મુંબઈના ડૉ. પ્રદીપ મૂનોટે કહ્યું હતું કે ‘‘દરરોજ ચાલવા જેવી સરળ છતાં ખૂબ જ અસરકારક કસરત તમારાં હાડકાં અને સાંધાના સ્વાસ્થ્યને નોંધપાત્ર રીતે સુધારી શકે છે.

બોનટેક એક વિશ્વ કક્ષાનું ઓર્થોપેડિક ઈમ્પ્લાન્ટ ઉત્પાદક છે જે ટ્રોમા, સ્પાઈન, આર્થોસ્કોપી અને સાંધાઓની સંપૂર્ણ શ્રેણી ધરાવે છે.





# બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપ આયુષ શેટ્ટીને સિલ્વર મેડલ

### ફાઇનલમાં શી યુકી સામે ૨૧-૮, ૨૧-૧૦થી પરાજય મળ્યો પરંતુ ઇતિહાસ રચ્યો

ભારતના ૨૦ વર્ષીય શટલર આયુષ શેટ્ટીને બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપમાંની રવિવારે રમાયેલી ફાઈનલમાં ચીનના શી યુકી સામે પરાજય થતાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. મેચ ૪૨ મિનિટ ચાલેલી મેચમાં શી યુકીએ ૨૧-૮, ૨૧-૧૦થી પરાજય આપ્યો હતો. ૨૦ વર્ષીય આયુષ શેટ્ટી સમગ્ર મેચમાં લય મેળવી શક્યો નહોતો અને ચાઈનીઝ ખેલાડી સામે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. શી યુકીએ મેચમાં શાનદાર પ્રદર્શન કરતાં ભારતીય ખેલાડીને મેચમાં વાપસીની એકેય તક આપી નહોતી.

આ હાર છતાં આયુષે ઈતિહાસ રચ્યો હતો. તે ૫૯ વર્ષમાં આ ટુર્નામેન્ટની સિંગલ્સ ફાઈનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય અને ઈતિહાસમાં બીજો ભારતીય બન્યો હતો. આ પહેલાં દિનેશ ખન્નાએ વર્ષ ૧૯૬૫માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

આયુષ ફાઈનલમાં પહોંચ્યો પરંતુ તે ઈતિહાસનું પુનરાવર્તન કરી શક્યો ન હતો અને તેણે સિલ્વર મેડલ જીત્યો હતો. તે ૫૯ વર્ષમાં પુરુષોની સિંગલ્સ સ્પર્ધામાં મેડલ જીતનાર બીજો ભારતીય ખેલાડી પણ છે.



૨૦૧૮માં, એચ.એસ. પ્રણોયે ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ટુર્નામેન્ટમાં ભારતનો છેલ્લો મેડલ ૨૦૨૩માં આવ્યો હતો, જ્યારે સાત્વિક અને ચિરાગે પુરુષોની ડબલ્સનો ખિતાબ જીત્યો હતો.

જોકે, ટુર્નામેન્ટમાં અન્ય સ્ટાર ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. પીવી સિંધુ બીજા રાઉન્ડમાં બહાર થઈ ગઈ, જ્યારે લક્ષ્ય સેન પહેલા રાઉન્ડમાં હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો.


વિશ્વમાં ૨૫મો ક્રમાંક ધરાવતા આયુષ શેટ્ટીએ ટુર્નામેન્ટમાં સારો દેખાવ કર્યો હતો. તેણે ક્વાર્ટર ફાઈનલમાં વિશ્વના ૪મા ક્રમાંકિત જોનાથન ક્રિસ્ટીને ૨૩-૨૧, ૨૧-૧૭થી હરાવ્યો હતો જ્યારે ચાઈનીઝ તાઈપેઈના ચિન યુ જેન અને ચીનના લી શી ફેંગ જેવા મજબૂત ખેલાડીઓને પણ હરાવ્યા. સેમિફાઈનલમાં, આયુષે વિશ્વના પ્રથમ ક્રમાંકિત કુનલાવુત વિતિદસારનને ૭૫ મિનિટ ચાલેલી મેચમાં ૧૦-૨૧, ૨૧-૧૯, ૨૧-૧૭થી હરાવ્યો હતો.

તેણે પહેલો સેટ ગુમાવવા છતાં બાણ હેઠળ શાનદાર પ્રદર્શન કરી ફાઈનલમાં જગ્યા બનાવી હતી. જોકે, ફાઈનલમાં હાર મળતાં સિલ્વર મેડલ મળ્યો હતો.

# આશાજીના નિધન પર આઈપીએલ મેચમાં શોક છવાયો : ખેલાડીઓએ શ્રદ્ધાંજલિ આપી

મુંબઈ: ક્રિકેટના ધુરંધરો અને ધુંઆધાર બેટસમેનોથી શોરગુલ રહેનાર વાનખેડે સ્ટેડીયમ જાણે ગમગીન બની ગયું હતું. ક્રિકેટની પ્રશંસક આશા ભોસલેના નિધનથી ખેલાડીઓ અને દર્શકો બન્ને શોકમગ્ન હતા.

સ્ટેડીયમમાં દર્શકો અને ખેલાડીઓએ આશાજીના નિધન પર એક મિનિટનું મૌન રાખીને શ્રદ્ધાંજલી આપી હતી. મુંબઈ ઈન્ડિયન્સની ટીમ મહાન ગાયિકાના નિધન પર શોક વ્યક્ત કરવા માટે કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઉતરી હતી.આઈપીએલ ટુર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડીયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે મેચની શરૂઆત પહેલા આશા ભોસલેને યાદ કરવામાં આવ્યા હતા. આરસીબીની ઈનીગમાં સ્ટેડીયમ સાઉન્ડ સીસ્ટમ પર મેચ દરમિયાન મળનારા બ્રેક સમયે આશા ભોસલેના જાણીતા ગીતો વગાડાયા હતા.








# સિનિયર સિટીઝન કમિટી દ્વારા હસો હસાવો નીરોગી રહો કાર્યક્રમ યોજાયો

## શ્રી સુરતી મોઢ વણિક સમસ્તપંચ દ્વારા પદ્મશ્રી યઝદી કરંજિયાનું સન્માન



સુરત, તા.૧૩

હસો હસાવો નિરોગી રહો ના વિષય પર કાર્યક્રમનું આયોજન શ્રી સુ મો વ સમસ્ત પંચ ના સી સી કમિટી એ કર્યું હતું .નીતિન ગાંધી કન્વીનર એ સમસ્ત પંચના પ્રમુખ ધર્મેશ તમાકુવાલા , મુખ્ય વક્તા પદ્મશ્રી યઝદીભાઈ કરંજિયા , સમસ્ત પંચના હોદ્દેદારો , દાનવીરો તેમજ સિનિયર સિટીઝન સભ્યોને હૃદય પૂર્વક આવકાર્યા હતા .

ધર્મેશ તમાકુવાલા એ કાર્યક્રમ અનુરૂપ વક્તવ્ય રજૂ કર્યું હતું. મહેમાનોનું સ્વાગત કન્વીનર નીતિન ગાંધી નરેશ મંકોડીવાલા , અનુરાધા જરીવાલા, મીતાબેન ગાંધી, શાંતિભાઈ દવાવાળા , કૈલાસબેન રાંદેરીયા , રમેશ લાઈન્સવાલા વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.પદ્મશ્રી યઝદીભાઈ કરંજિયા નો પરિચય નીતિન ગાંધીએ આપ્યો હતો . સમસ્ત પંચના પ્રમુખ ધર્મેશ તમાકુવાળા, શ્રીવાસ ઘીવાલા, અનિલ દલાલ, મુકેશ વરિયાવા, દીપક અનાજવાલા, તેમજ નીતિન ગાંધી એ પદ્મ શ્રી યઝદીભાઈ કરંજિયા નું સાલ ઓઢાડી સન્માન પત્ર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. પદ્મશ્રી યઝદીભાઈ કરંજિયા એમની હાસ્ય સ્વરૂપમાં એમનું વક્તવ્ય રજૂ કર્યું હતું. ૯૦ વર્ષના યઝદીભાઈ કરંજિયા એ સતત ૪૫ મિનિટ સુધી ઉભા રહીને સિનિયર સિટીઝન સભ્યોને હસાવી આનંદ આપી તેમજ પોતાનું સ્વાસ્થય કાયમ હાસ્ય રાખી જીવન જીવવું જોઈએ એવી એમની શૈલીમાં જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ૩૦૦ જેટલા સિનિયર સિટીઝન સભ્યોએ ભાગ લીધો હતો.કાર્યક્રમનો પ્રતિભાવ મુકેશ વરિયાવાએ આપ્યો હતો .આભાર વિધિ અનુરાધાબેન જરીવાળા એ કરી હતી .કાર્યક્રમનું સંચાલન નરેશ મંકોડીવાલા એ કર્યું હતું.

# અંકલેશ્વર પોલીસે પાંચ મહિનાથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો

## દારૂના ગુનાનો આરોપી પાંચ મહિથી છૂપાતો ફરતો હતો

અંકલેશ્વર, તા.૧૩

પાંચ મહિનાથી પ્રોહિબિશનના ગુનામાં ફરાર રહેલો આરોપી આખરે પોલીસના હાથે ઝડપાયો છે. અંકલેશ્વર શહેર 'છ' ડિવિઝન પોલીસ દ્વારા હાથ ધરાયેલા ખાસ ઓપરેશનમાં હાલોલ -પંચમહાલ ખાતે છુપાયેલા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ આરોપી વિરુદ્ધ અંકલેશ્વર શહેર 'છ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આરોપી ગુનો નોંધાયા બાદથી જ ફરાર થઈ ગયો હતો અને છેલ્લા પાંચ મહિનાથી પોલીસની પકડથી દૂર હતો.પોલીસ ઈન્સ્પેક્ટર પી.જી. ચાવડાની આગેવાનીમાં એક વિશેષ ટીમ બનાવી આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપી હાલોલ ખાતે હોવાની માહિતી મળતાં જ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી તેને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીનું નામ વિશાલ અનિલભાઈ શાની હોવાનું સામે આવ્યું છે, જે મૂળ કુંડલા (તા. વાપી, જી. વલસાડ)નો રહેવાસી છે.




# પારડી ઝાંખરી ગામ પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ ઉજવાયો

## આચાર્ય રમેશ પટેલનો નિવૃત્તિ અવસરે સન્માન કરાયું

સુરત, તા.૧૩

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ઓલપાડની પારડીઝાંખરી પ્રાથમિક શાળાનાં આચાર્ય રમેશભાઈ ભવાનભાઈ પટેલનો નિવૃત્તિ સન્માન સમારોહ અત્રેની શાળાનાં પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વાલીજનો, કરંજ કેન્દ્ર સંલગ્ન પ્રાથમિક શાળાઓનાં શિક્ષક ભાઈ-બહેનો, તેમનાં પરિવારજનો, ગામનાં સરપંચ અને ગ્રામ પંચાયતનાં સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. શાળાનાં ઉપશિક્ષક કલ્પેશ ભાલીયાએ સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ કિરીટ પટેલનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં શાળા પરિવારે રમેશભાઈને સન્માનપત્ર તથા સ્મૃતિભેટ અર્પણ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવ પટેલ, બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, કેન્દ્રાચાર્યા મિનાક્ષી પટેલ, ઈન્ચાર્જ સી.આર.સી. કો-ઓર્ડિનેટર રાકેશ પટેલ, ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીનાં સેક્રેટરીઓ મહેશ પટેલ, ભરત પટેલ સહિત શુભચિંતકોએ રમેશભાઈની શિક્ષણયાત્રાને યાદ કરી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. રાત્રિનાં આહલાદક વાતાવરણમાં યોજાયેલ આ કાર્યક્રમ સાથે શાળાનાં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાનાં બાળકોએ અવનવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી દર્શકોનાં મન મોહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુભાષ આહિરે કર્યું હતું. શાળાનાં સાયન્સ ટીચર શીતલ ડુમસીયાએ નામી અનામીનો આભાર વ્યક્ત કર્યા બાદ રમેશભાઈ પટેલે પોતાનાં પ્રતિભાવમાં ફરજકાળ દરમિયાનનાં તેમનાં અનુભવોને વાગોળતાં જણાવ્યું હતું કે મારી સામે બેઠેલા બાળકોનો પ્રેમ અને લાગણી જ મારી સાચી સંપતિ છે. બાળકો થકી જ હું ઉજળો છું એવી સાચી અનુભૂતિ આજરોજ મને થઈ છે. કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં ઉપશિક્ષિકા અનામિકા પટેલ, જશુ પટેલ સહિત બાળકોએ ભારે જહેમત ઉઠાવી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.



**સુરત મહાનગર પાલિકાની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આજે ઉમેદવારી પત્રકની ચકાસણી ચૂંટણી અધિકારી દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. અઠવાલાઈન્સ જિલ્લા સેવા સદનના એ બ્લોકના ત્રણ, ચાર અને પાંચમા માળ પર મોટાભાગના વોર્ડના ચૂંટણી અધિકારીઓની કચેરીઓ હોવાથી ઉમેદવારોના ફોર્મની ચાકસણી પ્રક્રિયા ક્રમ મુજબ શરૂ કરવામાં આવી છે. ચૂંટણી અધિકારી કચેરીની બહાર ઉમેદવારો તથા તેમના સમર્થકો મોટી સંખ્યામાં હાજર હોવાનું આ તસ્વીરમાં જણાય છે. (તસવીર : હનીફ મલેક)**

## નવી સિવિલ હોસ્પિટલ ખાતે

# અમરનાથ યાત્રાએ જનારાઓ માટે મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ આપવાની શરૂઆત

## કેસબારી, તબીબો, લેબોરેટરી રૂમ તથા ઇ.સી.જી. ની અલાયદી વ્યવસ્થા અને એક છત નીચે તમામ સુવિધા

સુરત, તા.૧૩

પવિત્ર અમરનાથ યાત્રા જવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે જરૂરી હેલ્થ સર્ટિફિકેટ માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે તા:૧૩/૦૪/૨૦૨૬ના રોજથી જૂનું મેડિકલ કોલેજ બિલ્ડીંગ, શેટ્ટી કેન્ટીનની બાજુમાં, વોલીબોલ ગ્રાઉન્ડની સામે, બેંક ઓફ બરોડા નજીક, જૂની આરએમઓ ઓફિસની બિલ્ડીંગની સામે મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ આપવાની કામગીરી કરવામાં આવશે. જે કામગીરી હોસ્પિટલ કામકાજનાં ચાલુ દિવસોમાં સવારે ૯:૩૦ થી બપોરે ૧.૩૦ વાગ્યા દરમિયાન થશે. યાત્રીઓને અગવડતા ન રહે તે હેતુથી કેસબારી, તબીબો, લેબોરેટરી રૂમ તથા ઇ.સી.જી. ની અલાયદી વ્યવસ્થા અને એક છત નીચે તમામ સુવિધા ઉભી કરવામાં આવી છે.

પવિત્ર અમરનાથ યાત્રા આ વર્ષે ૩ જુલાઈથી ૨૮મી ઓગસ્ટ સુધી યોજાનાર છે. યાત્રામાં જવા માટે ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત છે, ત્યારે યાત્રાળુએ નંગ-૪(ચાર) પાસપોર્ટ સાઈઝ ફોટા, આઈ.ડી. પ્રૂફ (આધાર કાર્ડ, વોટીંગ કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાન કાર્ડ પૈકી કોઈપણ એક) અસલ તથા ઝેરોક્ષ નકલ તેમજ કમ્પલસરી હેલ્થ સર્ટીફિકેટ ફોર્મ (બે નકલમાં) સાથે રૂબરૂમાં આવવાનું રહેશે. અમરનાથ યાત્રાળુઓને તકલીફ ના પડે તે માટે ૬ મેડીકલ ઓફિસર, ફિઝીશ્યન, બે લેબોરેટરી ટેકનિશીયન, બે ECG ટેકનિશીયન સહિતના કર્મચારીઓ ફરજ બજાવશે. સિવિલમાં થતી જરૂરી તપાસ અને સર્ટિફિકેટ વિનામૂલ્યે આપવામાં આવશે. સરકારના પ્રવર્તમાન પરિપત્ર/ગાઈડલાઈન અનુસાર ૧૩ વર્ષથી નીચેના અને ૭૦ વર્ષ ઉપરનાં વ્યક્તિઓ, છ અઠવાડિયા કે તેથી વધુ સમયની ગર્ભવતી મહિલાઓ, હૃદયની બાયપાસ સર્જરી અને સ્ટેન્ટ મુકવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓને મેડિકલ સર્ટિફિકેટ ઈસ્યુ કરવામાં આવશે નહી તેમ વહીવટી તંત્રની યાદીમાં જણાવાયું છે.

# આંતરરાષ્ટ્રીય સમુદાય યુદ્ધવિરામ કરાર શરતભંગ, ઇન્ટરનેશનલ કોર્ટમાં પડકારી શકાય!

આંતરરાષ્ટ્રીય સમુદાય યુદ્ધવિરામ કરાર શરત ભંગને રોકવા માટે નીચેની ભૂમિકાઓ ભજવી શકે છેઃ યુદ્ધ વિરામ ભંગ એટલે યુદ્ધ અથવા સંઘર્ષ દરમિયાન બંને પક્ષો વચ્ચે થયેલા કરારનું ઉલ્લંઘન! આ કરારમાં સામાન્ય રીતે લોહિયાળી બંધ કરવી, કેદીઓની મુક્તિ, અને સહાય પૂરી પાડવી જેવી શરતો હોય છે

યુદ્ધ વિરામ ભંગના પરિણામોઃ લોહિયાળી વધવીઃ યુદ્ધ વિરામ ભંગને કારણે લોહિયાળી વધી શકે છે. સહાય બંધ થવીઃ યુદ્ધ વિરામ ભંગને કારણે સહાય બંધ થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોઃ યુદ્ધ વિરામ ભંગને કારણે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાગી શકે છે. શાંતિ પ્રક્રિયા અટકવીઃ યુદ્ધ વિરામ ભંગને કારણે શાંતિ પ્રક્રિયા અટકી શકે છે. તદુપરાંત...! રાજકીય હેતુઓઃ કોઈ પક્ષ યુદ્ધવિરામ કરાર શરત ભંગ કરીને રાજકીય લક્ષ્યો હાંસલ કરવા માંગે છે. સૈન્ય લક્ષ્યોઃ કોઈ પક્ષ યુદ્ધવિરામ કરાર શરત ભંગ કરીને સૈન્ય લક્ષ્યો હાંસલ કરવા માંગે છે. આંતરિક સંઘર્ષઃ કોઈ પક્ષમાં આંતરિક સંઘર્ષ હોવાને કારણે યુદ્ધવિરામ કરાર શરત ભંગ થઈ શકે છે. બાહ્ય દબાણઃ કોઈ બાહ્ય શક્તિ યુદ્ધવિરામ કરાર શરત ભંગ કરવા માટે દબાણ કરી શકે છે. અસમર્થતાઃ કોઈ પક્ષ યુદ્ધવિરામ કરાર શરતોનું પાલન કરવા માટે અસમર્થ હોઈ શકે છે. અવિશ્વાસઃ કોઈ પક્ષ યુદ્ધવિરામ કરાર શરતોનું પાલન કરવા માટે અવિશ્વાસ હોઈ શકે છે. એ વાસ્તે પણ...! આંતરરાષ્ટ્રીય સમુદાયની ભૂમિકાઃ આંતરરાષ્ટ્રીય સમુદાય યુદ્ધવિરામ કરાર શરત ભંગને રોકવા માટે ભૂમિકા ભજવી શકે છે. શાંતિ પ્રક્રિયાને મજબૂત કરવીઃ શાંતિ પ્રક્રિયાને મજબૂત કરીને યુદ્ધવિરામ કરાર શરત ભંગને રોકી શકાય છે. સહાય પૂરી પાડવીઃ સહાય પૂરી પાડીને યુદ્ધવિરામ કરાર શરત ભંગને રોકી શકાય છે. આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલનઃ આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરીને યુદ્ધવિરામ કરાર શરત ભંગને રોકી શકાય છે. સંવાદ અને વાટાઘાટોઃ સંવાદ અને વાટાઘાટો દ્વારા યુદ્ધવિરામ કરાર શરત ભંગને રોકી શકાય છે. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ભૂમિકાઃ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેમ કે સંયુક્ત રાષ્ટ્રસંઘ યુદ્ધવિરામ કરાર શરત ભંગને રોકવા માટે ભૂમિકા ભજવી શકે છે. અને / અથવા પેચીદો મામલો અત્રે જણાવેલ ઈન્ટરનેશનલ કોર્ટમાં પડકારી શકાય છે!ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ એ સંયુક્ત રાષ્ટ્રસંઘની મુખ્ય ન્યાયિક સંસ્થા છે. તેની સ્થાપના ૧૯૪૫ માં કરવામાં આવી હતી અને તેનું મુખ્ય મથક નેધરલેન્ડના હેગમાં છે. ICJ ના કાર્યોઃ આંતરરાષ્ટ્રીય કાયદાનું અર્થઘટનઃ ICJ આંતરરાષ્ટ્રીય કાયદાનું અર્થઘટન કરે છે અને તેના પર વિવાદોનું નિરાકરણ કરે છે. આંતરરાષ્ટ્રીય વિવાદોનું નિરાકરણઃ ICJ આંતરરાષ્ટ્રીય વિવાદોનું નિરાકરણ કરે છે, જેમાં સરહદી વિવાદો, આંતરરાષ્ટ્રીય સંધિઓનું અર્થઘટન, અને માનવ અધિકારોના ઉલ્લંઘનનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને સલાહઃ ICJ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને આંતરરાષ્ટ્રીય કાયદા પર સલાહ આપે છે. ICJ ના સભ્યોઃ ૧. ૧૫ જજોઃ ICJ માં ૧૫ જજો છે, જેઓ સંયુક્ત રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બલી અને સિક્યુરિટી કાઉન્સિલ દ્વારા નિયુક્ત કરવામાં આવે છે. ૨. ૯ વર્ષનો કાર્યકાળઃ ICJ ના જજોનો કાર્યકાળ ૯ વર્ષનો હોય છે. ICJ ના નિર્ણયોઃ ૧. બંધનકારીઃ ICJ ના નિર્ણયો બંધનકારી હોય છે અને તેનું પાલન કરવું જરૂરી છે. ૨. અંતિમ નિર્ણયઃ ICJ ના નિર્ણયો અંતિમ હોય છે અને તેની વિરુદ્ધમાં કોઈ અપીલ નથી. ICJ ની ભૂમિકા આંતરરાષ્ટ્રીય કાયદાના વિકાસ અને આંતરરાષ્ટ્રીય વિવાદોના નિરાકરણમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો૯૪૨૭૮ ૩૧૨૧૩**

### મધ્ય પૂર્વમાં યુદ્ધનું

**પહેલા પાનાનું ચાલુ**

અને તેના કારણે ભારત સહિત દુનિયાભરના દેશોને સપ્લાઇ ચેઇનની સમસ્યા ઉભી થવાની ભીતિ વ્યક્ત થવા લાગતા ગભરાટ વકર્યો હતો.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈરાનનું યુધ્ધ હવે કેવા વળાંક લે છે તેના પર જ માર્કેટના નવા ટ્રેન્ડનો આધાર રહેશે. હોર્મુઝ ખાડીને કારણે સપ્લાઇ ચેઇન કેટલા અંશે પ્રભાવિત થાય છે અને ભારતમાં પેટ્રોલીયમ સહિતની ચીજવસ્તુઓમાં કેટલા અંશે અસર પડે છે તેના પર ભાવિ ચાલનો સંપૂર્ણ આધાર રહેવાનું માનવામાં આવે છે.

મુંબઇ શેરબજારનો સેન્સેક્સ પ્રારંભિક કામકાજમાં જ ૧૮૦૦ પોઇન્ટ ગગડી ગયો હતો. ૧૫૩૬ પોઇન્ટના ઘટાડાથી ૭૬૦૧૪ સાંપડ્યો હતો જે ઉંચામાં ૭૬૩૩૯ તથા નીચામાં ૭૫૮૬૮ હતો. નીફટી ૪૫૮ પોઇન્ટ ઘટીને ૨૩૫૯૨ હતો જે ઉંચામાં ૨૩૬૯૯ તથા નીચામાં ૨૩૫૫૫ થયો હતો.

યુધ્ધની અસરે ક્રુડતેલમાં જબરી તેજી થઇ ગઇ હતી અને ભાવ ફરી વખત ૧૦૦ ડોલરની સપાટી કુદાવી ગયા હતા. ડબલ્યુટીઆઇ ક્રુડ ૧૦૪.૭૭ ડોલર તથા બ્રેન્ટ ક્રુડ ૧૦૨.૧૬ ડોલર સાંપડ્યું હતું જેમાં ૮-૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો પણ ધરાશાયી થઇ ગયો હતો. યુધ્ધ અને અર્થતંત્ર પર સંભવિત અસરના ગભરાટ હેઠળ ડોલર સામે રૂપિયો ૬૨ પૈસા ઘટીને ૯૩.૩૫ સાંપડ્યો હતો. સોના-ચાંદીમાં ગાબડા હતા. વિશ્વ બજારમાં સોનુ ઘટીને ૪૭૨૫ ડોલર સાંપડ્યું હતું. સોનુ વાયદામાં ૮૦૦ રૂપિયા ઘટ્યું હતું. ચાંદી ૫૦૦૦ના ઘટાડાથી ૨૩૮૧૭૫ હતી.

### સાઉદી અને કતાર

**પહેલા પાનાનું ચાલુ**

આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે દેશના વિદેશી મુદ્રા ભંડારનો મોટો ભાગ પહેલાથી જ અન્ય દેશોની મદદ પર નિર્ભર છે. આ દેવું પાકિસ્તાનને અલગ-અલગ સમયે મળ્યું હતું. UAE એ ૨૦૧૮ માં ૨ અબજ ડોલરની લોન આપી હતી, જેને વારંવાર લંબાવવામાં આવી હતી. ૨૦૨૩ માં વધુ ૧ અબજ ડોલર આપવામાં આવ્યા હતા, જેથી પાકિસ્તાન IMF ની શરતો પૂરી કરી શકે.

### નોઈડામાં કામદારોનું

**પહેલા પાનાનું ચાલુ**

કર્મચારીઓએ કહ્યું, અમારા પગારમાં ૨૫૦ થી ૩૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવી રહ્યો છે, જ્યારે એક દૈનિક વેતન મજૂર ૭૦૦ રૂપિયા પ્રતિ દિવસ કમાય છે. લઘુત્તમ વેતન વધારવું જોઈએ. અમે નવા સુધારેલા શ્રમ કાયદાને રદ કરવા અને લઘુત્તમ વેતન ૨૬,૦૦૦ રૂપિયા કરવા પર મક્કમ છીએ, જેથી કર્મચારીઓ આ મોંઘવારીની પરિસ્થિતિમાં તેમના પરિવારોનું ગુજરાન ચલાવી શકે.

### મહિલા અનામત બિલ ૫

**પહેલા પાનાનું ચાલુ**

આમાં બધા પક્ષો અને ઘણી પેઢીઓના પ્રયાસો સામેલ છે. દરેક પક્ષે આ વિચારને પોતાની રીતે આગળ ધપાવ્યો છે. જ્યારે ૨૦૨૩માં આ કાયદો રજૂ કરવામાં આવ્યો ત્યારે બધા પક્ષોએ સર્વાનુમતે તેને પસાર કર્યો. એવી પણ સર્વાનુમતે માંગ કરવામાં આવી હતી કે તેને ૨૦૨૯ સુધીમાં લાગુ કરવામાં આવે. વડાપ્રધાન મોદી સોમવારે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં 'નારી શક્તિ વંદન સંમેલન'ને સંબોધન કર્યું. આ સંમેલન 'નારી શક્તિ વંદન અધિનિયમ, ૨૦૨૩'ને લાગુ કરવા માટે પ્રસ્તાવિત સુધારાના સમર્થનમાં કરવામાં આવી રહ્યું છે. PM મોદીએ કહ્યું કે આ કાર્યક્રમ સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓની ભાગીદારી વધારવાના વિષય પર ચર્ચાને આગળ વધારશે. PMO મુજબ, સંમેલનમાં સરકાર, શિક્ષણ, વિજ્ઞાન, રમતગમત, ઉદ્યોગસાહસિકતા, મીડિયા, સમાજ સેવા અને સંસ્કૃતિ જેવા ક્ષેત્રોના પ્રતિનિધિઓ એકસાથે એકઠા થશે. નોંધનીય છે કે સપ્ટેમ્બર ૨૦૨૩માં, સંસદે 'નારી શક્તિ વંદન અધિનિયમ' પસાર કર્યો હતો, જે અંતર્ગત લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક-તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની જોગવાઈ છે.

### નેતાજી સુભાષ ચંદ્ર

**પહેલા પાનાનું ચાલુ**

કાર્તિકાએ ખેડૂતોના ખેતરોમાં પ્રચાર કર્યો. પ્રચાર દરમિયાન, તેમણે ખેતમજૂરો સાથે વાતચીત કરી અને તેમની સમસ્યાઓ વિશે જાણ્યું.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે તમિલનાડુના શ્રીરંગમમાં શ્રી રંગનાથ સ્વામી મંદિરની મુલાકાત લીધી. તેમણે સવારે પવિત્ર 'વિશ્વરૂપા દર્શન'માં ભાગ લીધો અને ભગવાન રંગનાથને પૂજા કરી અને તેમના આશીર્વાદ માંગ્યા. સોમવારે, પશ્ચિમ મિદનાપુરમાં, ભાજપના સાંસદ પ્રતાપ ચંદ્ર સારંગીએ કહ્યું કે મમતા બેનર્જી પાસે કોઈ જાગીર નથી અને દેશભરમાં સમાન કાયદા લાગુ પડશે. તેમણે આરોપ લગાવ્યો કે મમતા બેનર્જી બંગાળને ભારતનો ભાગ માનતા નથી, જેનો વિરોધ ભાજપે રાષ્ટ્રવાદનો નારો લગાવ્યો છે. સારંગીએ ચેતવણી આપી હતી કે બંગાળને દેશથી અલગ કરવાનો કોઈપણ પ્રયાસ મમતા બેનર્જીનો રાજકીય અંત સાબિત થશે.

### પદયાત્રી સંઘ પર ટ્રક ફરી

**પહેલા પાનાનું ચાલુ**

જાલુબેન મસાભાઇ મુંધવા, રાણીબેન મંગાભાઇ લાંબરીયા, અને વજીબેન વીભાભાઇ મુંધવા સહિત કુલ ૭ લોકોના પ્રાણ પંખે ઉડી ગયા હતા. અકસ્માતને પગલે યાત્રાળુઓની કણ ચીસોથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. ઘટનાની જાણ થતા જ લખતર પોલીસ કાફલો ત્વરિત ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે લખતર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાની જાણ થતા ગેડીયા મહંત સહિત વિવિધ સમાજના અગ્રણીઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા. ભરવાડ સમાજના એકસાથે ૭ સભ્યોના મોતથી સમગ્ર માલધારી સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

લખતર-વિરમગામ હાઈવે પર આવેલા છારદ અને ભાસ્કરપરા ગામ વચ્ચે ગતરાત્રે ડમ્પરની અડફેટે અકસ્માતની એક ભયાનક ઘટના સામે આવી છે. રાજકોટથી મેરા જઈ રહેલા ભરવાડ સમાજના યાત્રાળુઓના સંઘને આ ગોઝારો અકસ્માત નડ્યો હતો. રાજકોટથી નીકળેલા આ પદયાત્રીઓ જ્યારે છારદ અને ભાસ્કરપરા વચ્ચે પહોંચ્યા, ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રકે તેમને હડફેટે લીધા હતા. ભીષણ અકસ્માતનો ભોગ બનનારા તમામ કમનસીબ મૃતકો ભરવાડ સમાજના મુંધવા પરિવારના સભ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ પદયાત્રીઓ પોતાની આસ્થાના પ્રતીક સમાન રાજકોટના ગઢકા ગામે સ્થિત મંદિરે સંઘ લઈને જઈ રહ્યા હતા. આજે સવારે મંદિરે આ સંઘની ધજા ચઢવાની હતી તે દરમિયાન લખતર-વિરમગામ માર્ગ પર કાળમુખા ટ્રકે તેમને પોતાની અડફેટે લીધા હતા. આ દુર્ઘટનામાં ૫ મહિલાઓ અને ૨ પુરુષો એમ કુલ ૭ સભ્યો કાળનો કોળિયો બની જતાં પરિવાર પર વજ્રઘાત થયો છે.

આ અકસ્માતમાં મસાભાઇ કરશનભાઈ મુંધવા, જાલુબેન મસાભાઇ મુંધવા, રાણીબેન મંગાભાઇ લાંબરીયા અને વજીબેન વીભાભાઇ મુંધવા સહિત કુલ ૭ લોકોના કણ મોત નિપજ્યા હતા.

### એઆઈ ડ્રિવન

**પેજ-૨ પાનાનું ચાલુ**

નવી દિશાઓ ખુલી શકે છે. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપકકુમાર શેઠવાલાએ જણાવ્યું હતું કે, કોન્કલેવ દરમિયાન ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો વચ્ચે ફેસ ટુ ફેસ બિઝનેસ મિટિંગ્સનું આયોજન કરવામાં આવશે, જેમાં ૩૦—૩૦ મિનિટના ત્રણ અલગ અલગ રાઉન્ડ યોજાશે. દરેક રાઉન્ડમાં જુદી જુદી કેટેગરીના ઉદ્યોગકારો અને વ્યવસાયિકો સાથે મુલાકાત કરવાની તક મળશે, જેથી કોન્કલેવમાં ભાગ લેનારાઓને તેમના બિઝનેસ, પ્રોડક્ટ્સ તથા સેવાઓને વ્યાપક રીતે રજૂ કરવાની મહત્વની તક મળશે. આ સમગ્ર પ્રક્રિયા દ્વારા દરેક ઉદ્યોગ સાહસિક, આશરે ૨૧ જેટલા વિવિધ બિઝનેસમેન સમક્ષ પોતાના બિઝનેસને રજૂ કરી બિઝનેસને વધારી શકશે. આ સમગ્ર પ્રક્રિયાનું સંચાલન ડિજિટલી ઓનલાઈન કરાશે.

SGCCI બિઝનેસ કનેકટના ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આ સમગ્ર કોન્કલેવ એઆઈ આધારિત હોવાથી ફેસ ટુ ફેસ દરેક બિઝનેસ મિટિંગ્સને વધુ સ્માર્ટ અને અસરકારક બનાવવા માટે દરેક ટેબલ પર કયૂઆર કોડની વ્યવસ્થા કરવામાં આવશે. ભાગ લેનાર ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને જેઓની સાથે બિઝનેસ કરવામાં રસ હશે, તેઓ કયૂઆર કોડ સ્કેન કરીને પોતાની રૂચિ દર્શાવશે. આ ડિજિટલ પ્રક્રિયા દ્વારા બિઝનેસ સંબંધિત તમામ માહિતી તુરંત જ સિસ્ટમમાં નોંધાઈ જશે અને તેનું લાઈવ ડિસ્પ્લે સ્ક્રીન પર જોવા મળશે, જેથી બિઝનેસ નેટર્વકિંગ વધુ પારદર્શક, ઝડપી અને પરિણામકારક બનશે.

SGCCI બિઝનેસ કનેકટના એડવાઈઝર શ્રી તપન જરીવાલાએ જણાવ્યું હતું કે, AI આધારિત સ્પીડ બિઝનેસ નેટર્વકિંગની પ્રક્રિયા વ્યવસાયિક મુલાકાતોને વધુ કાર્યક્ષમ અને પરિણામકારક બનાવશે. પરિણામે, આ કોન્કલેવ સુરતના ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રમાં નવી ઊર્જા પ્રેરિત કરીને સમગ્ર બિઝનેસ ઈકોસિસ્ટમને વધુ સશક્ત, ગતિશીલ અને સ્પર્ધાત્મક બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. કોન્કલેવ ઈન્ચાર્જ શ્રી વિશાલ બક્ષીએ જણાવ્યું હતું કે, આ કોન્કલેવમાં નિષ્ણાત વક્તાઓ તરીકે મુંબઈના શ્રી અમિત પાઠક અને સુરતના શ્રી વિશાલ શાહ ઉપસ્થિત રહેશે. આ બંને વકતાઓ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને આધુનિક ટેકનોલોજી, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા બિઝનેસ ગ્રોથ કેવી રીતે મેળવી શકાય તેની વિગતવાર છણાવટ કરી માર્ગદર્શન આપશે.

### ચેમ્બર દ્વારા

**પેજ-૨ પાનાનું ચાલુ**

યોગ્ય કદર કરે જ છે અને તેને કારણે અન્યોને પણ પ્રોત્સાહન મળે છે. સમારોહના મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવનારા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ તથા એસ્ટ્રલ લિમિટેડના સ્થાપક, ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર શ્રી સંદીપ એન્જિનિયરે જણાવ્યું હતું કે, તેમની કારકિર્દીની શરૂઆત પણ સુરતમાંથી જ થઈ હતી અને આ શહેરે તેમને ઘણું શીખવ્યું છે. તેમણે SGCCI ગોલ્ડન જ્યુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા વિવિધ ઉદ્યોગ અને વ્યવસાય ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કાર્ય કરનાર ઉદ્યોગ સાહસિકોને એવોર્ડ આપી પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિને ખૂબ સરાહનીય ગણાવી હતી. આ પ્રકારની પહેલ ઉદ્યોગ જગતમાં નવી પ્રેરણા પૂરું પાડે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી એન્જિનિયરે જણાવ્યું હતું કે, આ ઉત્તમ પ્રવૃત્તિથી પ્રેરણા લઈને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પણ આવી જ રીતે એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવશે. સાથે જ તેમણે ચેમ્બરને એમએસએમઇ, સ્ટાર્ટઅપ અને આંત્રપ્રિન્યોરશિપ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સ્તરે એક—બે નવા એવોર્ડનો સમાવેશ કરવા અનુરોધ કર્યો હતો.

SGCCI ગોલ્ડન જ્યુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે એન્વાયરો કન્ટ્રોલ પ્રા.લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર ડો. નિમેષ વશીને 'સ્પેશ્યલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે ડો. નિમેષ વશીએ જણાવ્યું હતું કે, આ એવોર્ડ માત્ર સન્માન નહીં પરંતુ આશિર્વાદ છે. તેમણે જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે પર્યાવરણનું સંરક્ષણ એક ગંભીર અને પડકારજનક વિષય બની રહ્યો છે, ત્યારે પર્યાવરણના રક્ષણ માટે કાર્યરત વ્યક્તિઓ અને સંસ્થાઓને ચેમ્બર દ્વારા એવોર્ડ આપી પ્રોત્સાહિત કરવાની પહેલ અત્યંત પ્રશંસનીય છે, જે વધુ ઉત્તમ કાર્ય માટે પ્રેરણા પૂરું પાડે છે.

ડો. વશીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં સુરત સહિત કુલ ૪૫ શહેરોમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે, જેમાં સુરતના પ્લાન્ટને ભારત સરકાર દ્વારા પ્રથમ ક્રમાંક આપવામાં આવ્યો છે. સુરતમાં નિવાસ કરતા હોવાને કારણે તેમને ગર્વની લાગણી થાય છે કે, સુરત શહેરનું વોટર મેનેજમેન્ટ ક્ષેત્ર વૈશ્વિક સ્તરે ઓળખ મેળવી રહ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, 'બ્રાન્ડ સુરત'ને આગળ વધારવા માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેશે.

SGCCI ગોલ્ડન જ્યુબિલી ટ્રસ્ટના ચેરમેન શ્રી રજનિકાંત મારફતિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૩૬ વર્ષથી ટ્રસ્ટ દ્વારા એવોર્ડ આપવામાં આવે છે. ટ્રસ્ટ દર વર્ષે દક્ષિણ ગુજરાત વિસ્તારમાં વિવિધ ક્ષેત્રે યોગ્યતાના આધારે એવોર્ડ્સનું વિતરણ કરે છે. ટ્રસ્ટના એવોર્ડ સન્માનિત એવોર્ડ તરીકે ગણાતા હોય એ ટ્રસ્ટ અને ચેમ્બર ઓફ કોમર્સ માટે ગૌરવની વાત છે. ગોલ્ડન જ્યુબીલી એવોર્ડ?સ યોગ્ય વ્યકિતઓને મળે તે માટે જાણીતા ઉદ્યોગ નિષ્ણાંત, શિક્ષણશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકરોની જ્યુરી તરીકે સેવા લેવામાં આવી હતી. આ વર્ષે ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૪—૨૫ માટે ૧૫ કેટેગરીમાં એવોર્ડસ આપવામાં આવ્યા હતા.

### ટેકનિકલ ટેકસટાઈલ

**પેજ-૨ પાનાનું ચાલુ**

ધોરણોને અનુસરવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મક સ્થાન પ્રાપ્ત કરી શકાય છે. તેમણે ઉદ્યોગકારોને રિસર્ચ અને ડેવલપમેન્ટ પર ભાર મૂકવા, આધુનિક મશીનરી અપનાવવા અને સ્કિલ ડેવલપમેન્ટ તરફ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો.

નિષ્ણાંત વકતા તરીકે કોન્સેપ્ટ્સ એન સ્ટ્રેટેજિસની સિનિયર કન્સલ્ટન્ટ સુશ્રી અંબિકા કુમારી દ્વારા ઉદ્યોગકારોને ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે જરૂરી વ્યૂહરચના, બજાર અભ્યાસ અને પ્રોડક?ટ ડેવલપમેન્ટ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે તેમણે સરકારની વિવિધ સહાય યોજનાઓ, એક્ષ્પોર્ટ પ્રોત્સાહન અને કલસ્ટર ડેવલપમેન્ટ પહેલોનો લાભ લઈ ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ ક્ષેત્રમાં મજબૂત સ્થાન બનાવવા માટે પ્રેરણા આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, યોગ્ય વ્યૂહરચના અને બજાર સમજ સાથે સુરત આ ક્ષેત્રમાં દેશ—વિદેશમાં આગેવાની લઈ શકે તેમ છે.ચેમ્બરના જીએફઆરઆરસીના કો—ચેરમેન શ્રી અમરીષ ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કરી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની ટેકિનકલ ટેક્ષ્ટાઇલ્સ કમિટીના ચેરમેન શ્રી પરેશ ઠુંમરે વક્તાઓનો પરિચય આપ્યો હતો. આ સેશનમાં ઉદ્યોગકારો તથા ટેક્ષ્ટાઇલ્સ ક્ષેત્રના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ

# સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભરાયેલા ૧૦૬૦ ફોર્મની ચકાસણી શરૂ

## ઉમેદવારોના ફોર્મ માન્ય કરવા અથવા રદ કરવાની પ્રક્રિયા મોડી બપોર સુધી ચાલશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના ધમધમાટ વચ્ચે આજે ઉમેદવારોના ફોર્મની ચકાસણીનો દિવસ છે. આજે સવારે ૧૦.૩૦ કલાકની તમામ વોર્ડના ચૂંટણી અધિકારીઓ દ્વારપા ઉમેદવારોની ઉપસ્થિતિમાં ફોર્મની ચકાસણી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે જે મોડી બપોર સુધી ચાલુ રહેવાની શક્યતા છે.

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ગત શનિવારના રોજ કુલ ૩૦ વોર્ડની ૧૨૦ બેઠકો માટે કુલ ૧૦૬૦ ફોર્મ ભરવામાં આવ્યા હતા. ભાજપમાંથી સત્તાવાર ઉમેદવારો ઉપરાંત ડમી સહિતના કુલ ૫૧૨ ફોર્મ ભર્યા હતા. આજ પ્રમાણે કોંગ્રેસમાંથી ૧૮૮, આપમાંથી ૧૮૫ અને અન્ય પક્ષો તથા અપક્ષો દ્વારા કુલ ૧૭૫ ફોર્મ ભરવામાં આવ્યા હતા.

ચૂંટણીપંચના કાર્યક્રમ મુજબ આજે સવારે ૧૦.૩૦ કલાકથી ફોર્મ ચકાસણી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે અને ફોર્મમાં ભરેલી વિગતોની ખરાઈ બાદ ઉમેદવારોના ફોર્મ માન્ય કરશે અથવા કોઈ ઉમેદવારના ફોર્મમાં ગંભીર પ્રકારની ટેકનીકલ ભૂલ હશે તો આના ફોર્મ ચૂંટણી અધિકારી રદ ઠરાવી દેશે.

સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ ફોર્મ ચકાસણી પ્રક્રિયામાં ભાજપ, કોંગ્રેસ, આપ તથા અન્ય ઉમેદવારોની હાજરપીમાં ફોર્મની ચકાસણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને આ પ્રક્રિયા મોડી બપોર સુધી ચાલવાની શક્યતા છે.

### તા.૧૫મીએ ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયામાં આજે ફોર્મની ચકાસણી પ્રક્રિયા તમામ વોર્ડના ચૂંઠણી અધિકારીઓ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. અને આવતીકાલે તા.૧૪મી એપ્રિલ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની જાહેર રજા બાદ તા.૧૫મી એપ્રિલ બુધવારના રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની આખરી તારીખ છે.

રાજકીય પક્ષના ઉમેદવારોને નડતરરૂપ બનનારા બળવાખોરોએ કેટલાક વોર્ડમાં ઉમેદવારી નોંધાવી છે. આવા ઉમેદવારોને સમજાવી લેવાના પ્રયાસો શરૂ કરી દેવાયા છે અને ખાસ કરીને કોંગ્રેસના મજબૂત ગણાતા ઉમેદવારો જે તે વોર્ડમાં લઘુપતિ કોમના ઉમેદવારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. આવા ઉમેદવારોને સમજાવીને ફોર્મ પરત ખેંચી લેવડાવવાના પ્રયાસો શરૂ કરી દેવાયા છે.



પવિત્ર અમરનાથ યાત્રા જવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે ફીટને સર્ટીફીકેટ ફરજિયાત બનાવી દેવાનું છે. નવી સિવિલ હોસ્પિટલમાં મેડીકલ કોલેજ બિલ્ડિંગમાં અમરનાથ યાત્રીઓને ફીટ નેસ સર્ટીફીકેટ આપવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. યાત્રાએ જવા ઈચ્છતા લોકો મોટી સંખ્યામાં આરોગ્યની તપાસ અર્થે પહોંચી ગયા હતા અને નવી સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા ફિટનેસ સર્ટીફીકેટ આપવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હોવાનું આ તસ્વીરમાં જણાય છે. (તસવીર : હનીફ મલેક)



આવતીકાલે તા.૧૪મી એપ્રિલ યુગપુરુષ, ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની સુરતમા ભવ્ય ઉજવણી કરવામાં આવશે. નિલગીરી વૃધ્ધ વિહાર ખાતે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાની સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હોવાનું આ તસ્વીરમાં જણાય છે.

# બુંદીના પ્રસાદમાં ઝેર : હત્યાના ષડયંત્ર અંગે શકમંદોની તપાસ

## ઉત્રાણના શાલીગ્રામ હાઈટ્સના સીસીટીવી ફૂટેજની તપાસ કરતી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

ઉત્રાણમાં ઘરના દરવાજે બુંદીના લાડુનો પ્રસાદ ઝેર ભેળવી એક થેલીમાં મુકી જનાર અજાણ્યા ઈસમ સામે ઉત્રાણ પોલીસ દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટનામાં ગોરધનભાઈ ડોંડા સહિત પરિવારના ત્રણ સભ્યોની તબિયત બગડતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા.

આ કૃત્ય કરનાર ઈસમની તપાસ સીસીટીવી કેમેરાને આધારે તેમજ નજીકના સગા સંબંધીઓ તેમજ પરિવારના સભ્યોના નિવેદનો લઈ કરવામાં આવી રહી છે. કોઈ અદાવત કે અન્ય કોઈકારણ સર પ્રસાદમાં ઝેર ભેળવી દરવાજે પ્રસાદ મુકી દેવાયો હોય આખી ઘટના અનેક શંકા ઉપજાવી રહી છે. આ મામલે ઉત્રાણ પોલીસ મથકના પીઆઈ ધાધલે જણાવ્યું હતું કે, ઉત્રાણની શાલીગ્રામ હાઈટ્સમાં રહેતા ગોરધનભાઈ ડોંડા ગઈ તા.૧૦મીના રોજ ઘરે હાજર હતા ત્યારે તેમના દરવાજે કોઈ પ્રસાદ મુકી ગયું હતું. ગોરધનભાઈ તેમની પત્ની અને પુત્રવધુએ પ્રસાદ ખાતા ત્રણેયની તબિયત બગડી હતી. આ પ્રકરણમાં પોલીસ દ્વારા હાલ સીસીટીવી ફુટેજને આધારે શાલીગ્રામ હાઈટ્સના એન્ટ્રી એક્ઝીટના ફુટેજ આસપાસના રસ્તાઓ નજીક લાગેલા કેમેરા ચેક કરવા ઉપરાંત પાંચ શકમંદોની તપાસ કરાઈ રહી છે. ઘર પરિવાર તેમજ નજીકના સંબંધીઓના પણ નિવેદનો લેવાયા છે.

# વોર્ડ નં.૧૨ના કોંગ્રેસના ઉમેદવાર ભૂપેન્દ્ર પટેલનું ફોર્મ રદ કરાયું

## ઉમેદવારી પત્રકના પાંચ નંબરના પાના પર ઉમેદવાર કોંગ્રેસ પાર્ટીનું નામ લખવાનું જ ભૂલી ગયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

સુરત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ગરમાયેલા માહોલ વચ્ચે સુરત વોર્ડ નંબર ૧૨ના કોંગ્રેસના ઉમેદવાર ભુપેન્દ્ર પટેલનું અધુરી વિગતના કારણે ફોર્મ રદ થયું હોવાની વિગતો સાંપડી છે. હાલ કોંગ્રેસની લીગલ ટીમ ટેકનિકલ ખામીને અવગણીને ફોર્મ મંજૂર કરી લેવા ચૂંટણી અધિકારીને રજૂઆત કરી રહી હોવાનું પણ જાણવા મળે છે. આ વોર્ડના એક ઉમેદવારનું ફોર્મ રદ થવું એ આખી પેનલના સમીકરણો બગાડી દેશે અને અન્ય પાર્ટીના ઉમેદવારોને સીધો ફાયદો થશે.

હાલ સુરત ચૂંટણી કમિશ્નરની ટીમ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવારોના ફોર્મની ચકાસણી ચાલી રહી છે, જ્યારે કોંગ્રેસના એક ઉમેદવારનું ઉમેદવારી ફોર્મ રદ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વોર્ડ નંબર ૧૨(નાણાવટ-સૈયદપુરા-કુબેરનગર-મહિધરપુરા)ના કોંગ્રેસમાંથી ઉમેદવાર ભુપેન્દ્ર છગન પટેલે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ઉમેદવાર ભુપેન્દ્ર પટેલ ફોર્મ નંબર પાંચમાં કોંગ્રેસ પાર્ટીનું નામ લખવાનું જ ભૂલી ગયા હતા. જેથી ચૂંટણી અધિકારી દ્વારા તેમનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. જોકે હાલ કોંગ્રેસની ટીમ દ્વારા આ ભૂલ અવગણીને ફોર્મ મંજૂર કરવા દલીલો કરી રહી છે.

# યુવતી પર લગ્નનું દબાણ કરી દુપટ્ટો ખેંચી કરાયેલી છેડતી

## સોયેબ ઉર્ફે ડમા વિરૂદ્ધ યુવતીએ ફરિયાદ નોંધાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

શહેરમાં યુવતી સાથે છેડતી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ મામલે પીડિતાએ પોલીસમાં ફરીયાદ નોંધાવતા અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, તા. ૦૮/૦૪/૨૦૨૬ના રોજ સાંજે અંદાજે ૧૯:૩૦ થી ૨૧:૧૫ વાગ્યાના સમય દરમિયાન સુરત શહેરમાં આ ઘટના બની હતી. આરોપી તરીકે સોયેબ ઉર્ફે ડમા નામનો યુવક સામે આવ્યો છે, પરંતુ તેના સંપૂર્ણ નામ અને સરનામાની માહિતી હજુ સુધી સ્પષ્ટ થઈ નથી.

ફરિયાદમાં જણાવાયું છે કે આરોપીએ યુવતી પર લગ્ન કરવા માટે દબાણ કર્યું હતું. યુવતીએ વિરોધ કરતા આરોપીએ તેને અશ્લીલ ભાષામાં ગાળો આપી અપમાનિત કરી હતી. ત્યારબાદ આરોપીએ યુવતીનો દુપટ્ટો ખેંચી તેની સાથે છેડતી કરી હતી, જેના કારણે યુવતી ગભરાઈ ગઈ હતી.

આ ઉપરાંત આરોપીએ યુવતીને ધમકી આપી હતી કે જો તે પોલીસમાં ફરિયાદ કરશે તો તેને જાનથી મારી નાખશે. આ ધમકીને કારણે યુવતી ભયભીત થઈ ગઈ હતી અને થોડા દિવસો બાદ હિંમત કરીને ફરિયાદ નોંધાવી હતી.

# સગીર છોકરીના ઘરમાં વારંવાર યુવક દ્વારા કરાતો બળાત્કાર

## સગીર છોકરીને ગર્ભ રહી જતા બળાત્કારનો મામલો પ્રકાશમાં આવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

સુરત શહેરમાં સગીર બાળકી સાથે થયેલા શારીરિક શોષણનો ગંભીર બનાવ સામે આવતા ચકચાર મચી છે. આ મામલે ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ, આ બનાવ ગત તા. ૧૩/૦૮/૨૦૨૫ થી ૨૫/૦૨/૨૦૨૬ દરમ્યાન સુરત શહેરમાં અલગ અલગ સમયે બન્યો હતો. આરોપી આદિત્ય ઉર્ફે સેન્ટી (ઉ.વ.૨૬), રહેતા સત્યનારાયણ નગર, બમરોલી રોડ, પાંડેસરા, સુરત, જે મૂળ ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના રહેવાસી છે, તેણે સંબંધનો દુરુપયોગ કરીને ફરીયાદીની સગીર દિકરી સાથે વારંવાર જબરદસ્તીથી શારીરિક સંબંધ બાંધ્યા હોવાનું સામે આવ્યું છે.

ફરિયાદમાં જણાવાયું છે કે આરોપી મોટાભાગે રાત્રિના સમયે, ખાસ કરીને બે વાગ્યા બાદ, પીડિતાના રૂમમાં જઈ તેની સાથે દુષ્કર્મ કરતો હતો. આ દરમિયાન સગીર બાળકી ગર્ભવતી બની હોવાની જાણ હોવા છતાં આરોપીએ શોષણ ચાલુ રાખ્યું હતું, જે ઘટનાની ગંભીરતા વધુ વધારી દે છે.

આ બનાવ અંગેની ફરિયાદ તા. ૧૨/૦૪/૨૦૨૬ના રોજ સાંજે નોંધાઈ હતી. પોલીસ દ્વારા તરત જ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે. સાથે સાથે પીડિતાને જરૂરી તબીબી અને કાનૂની સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

# સચિન પોલીસ મથકમાં રીઢા વાહન ચોરનું શંકાસ્પદ મોત

## ગોધરાથી લવાયેલા વાહન ચોરના મોતનું કારણ જાણવા પોલીસે ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરાયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

સુરતના સચિન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીના આરોપીનું મોત થતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ગોધરાથી લાવવામાં આવેલા આધેડવયના આરોપીના મોત પર પોલીસ સામે સવાલો ઉઠી રહ્યા છે.



સુરતના સચિન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીના ગુનામાં લાવવામાં આવેલા એક આરોપીનું શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજતા ચકચાર મચી ગઈ છે. લોકઅપમાં પૂછપરછ દરમિયાન જ આરોપીનું મોત થતા પોલીસ તંત્ર દોડતું થઈ ગયું છે, અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસનો ધમધમટ શરૂ કરવામાં આવ્યો છે.

ઘટનાની મળતી માહિતી મુજબ, સચિન પોલીસ સ્ટેશનની ટીમ વાહન ચોરીના એક ગુનામાં તપાસ કરી રહી હતી. આ ગુનાના તાર ગોધરા સુધી લંબાયા હતા, જ્યાંથી પોલીસ દ્વારા આધેડ વયના રીઢા આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી. આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે ગોધરાથી સુરત લાવવામાં આવ્યો હતો.

સુરત લાવ્યા બાદ પોલીસ મથકમાં જ્યારે આરોપીની પૂછપરછ ચાલી રહી હતી, ત્યારે અચાનક જ તેનું મોત નિપજ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી રીઢો ગુનેગાર હતો, પરંતુ તેના મોતનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. આરોપીએ પોતે ઝેરી દવા પીને આત્મહત્યા કરી છે કે, મોત પાછળ અન્ય કોઈ કારણ જવાબદાર છે, તે દિશામાં એફએસએલ (FSL) અને પોસ્ટ મોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

પોલીસ સ્ટેશનની અંદર જ આરોપીનું મોત થતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

# ફિલ્મ પ્રોડકશનમાં રૂા.૫.૮૦ કરોડનું મૂડી રોકાણ કરાવવા છેતરપિંડી કરાઈ

## જંગી રકમ પડાવી લીધી અને ફિલ્મ બનાવવાનું કામ લાંબા સમય સુધી શરૂ નહીં થતા મામલો પોલીસમાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

સુરત શહેરમાં ફિલ્મ પ્રોડક્શનના નામે કરોડો રૂપિયાની છેતરપિંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ડિંડોલી વિસ્તારમાં રહેતા હિતેશકુમાર રમેશભાઈ પટેલ (ઉ.વ.૪૭, ધંધો નોકરી)એ આ મામલે પોલીસમાં ફરીયાદ નોંધાવતા બે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે કેસ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, આરોપી (૧) ચેતનકુમાર ચંપકભાઈ મૈસુરીયા (રહે. ગજાનંદ સોસાયટી, કબીલપોર, નવસારી) અને (૨) રમેશભાઈ માધુભાઈ ગાંગાણી (રહે. સાગર સોસાયટી, વરાછા, સુરત)એ પૂર્વનિયોજિત કાવતરું રચી ફરિયાદીને આર્થિક લાભની લાલચ આપીને ફસાવ્યા હતા. બંનેએ પોતાની ઓળખ ફિલ્મ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો તરીકે આપી અને સાઉથ ઇન્ડિયન ફિલ્મના પ્રોડક્શનમાં રોકાણ કરાવવાની વાત કરી હતી.

આરોપીઓએ ફરિયાદીને ફિલ્મ નિર્માણમાં ભાગીદાર બનાવવાનો વિશ્વાસ અપાવી મોટો નફો મળશે તેવી લાલચ આપી હતી. આ લાલચમાં આવી ફરિયાદીએ તા. ૦૬/૦૧/૨૦૨૨ થી ૨૦/૦૩/૨૦૨૩ દરમ્યાન ડિંડોલી વિસ્તારમાં આવેલા "મધુરમ મલ્ટીપલેક્ષ", મધુરમ આર્કેડ ખાતે અનેક વાર મુલાકાતો દરમિયાન કુલ રૂ. ૫,૮૦,૦૦,૦૦૦ જેટલી રકમ રોકડ તેમજ બેંક મારફતે ચૂકવી હતી.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે રકમ મેળવ્યા બાદ આરોપીઓએ કોઈ ફિલ્મ પ્રોજેક્ટ શરૂ કર્યો નહોતો અને સમય પસાર કરતા રહ્યા હતા. બાદમાં ફરિયાદીએ રૂપિયા પરત માંગતા આરોપીઓ ટાળટૂળ કરતા રહ્યા અને અંતે રૂપિયા પરત આપવાનું નકાર્યું હતું. જેના કારણે ફરિયાદીને મોટા આર્થિક નુકસાનનો સામનો કરવો પડ્યો છે.

# ઠગ ટોળકીએ ૫૦ લોકો પાસેથી લાયસન્સ માટે પૈસા પડાવ્યા હતા

## નકલી લાયસન્સ કૌભાંડ કેસમાં ટોળકી વિરૂદ્ધ છેતરપિંડીની કલમનો ઉમેરો કરાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

કાપોદ્રામાંથી ડુપ્લીકેટ લાઈસન્સ બનાવવાના કૌભાંડમાં એસઓજીની તપાસમાં ચોકાવનારી વિગતો પણ સામે આવી હતી. આ કૌભાંડીઓએ ૫૦ લોકો પાસેથી ડ્રાઈવિંગ લાઈસન્સ બનાવી આપવા પૈસા પણ લીધા હતા, પરંતુ તેઓને લાઈસન્સ નહિ બનાવી આપી વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગેની ફરિયાદ પણ તેમની સામે રજીસ્ટર થઈ હોવાનું એસઓજી તરફથી જાણવા મળ્યું હતું.

કાપોદ્રા ડુબલીકેટ લાયસન્સ બનાવવાના પ્રકરણમાં સુરત એસ ઓ જી એ પ્રજેશ ઉર્ફે રઘુ જગદીશ માણીયા, ધર્મેન્દ્ર વિઠ્ઠલ શેખડિયા, પ્રફુલ ઉર્ફે RTO વિપુલ પટેલ, રવિ જેઠા ગાંગડીયાની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓની પુછપરછ દરમ્યાન તેઓએ જણાવ્યું હતું કે કે, તેઓ અલગ અલગ વોટ્સએપ્પ ગૃપમાંથી અલગ-અલગ મોબાઈલ નંબરો મેળવતા હતા, ત્યારબાદ તે મોબાઈલ નંબર પર ફોન કરી ડ્રાઈવિંગ લાયસન્સ બનાવવા ઈચ્છુક વ્યક્તિઓને પોતે આર.ટી.ઓ. એજન્ટ તરીકે કામ કરતા હોવાની ઓળખ આપતા હતા. તેમની પાસેથી એક ડ્રાઈવીંગ લાયસન્સ બનાવવાના રૂ.,૭ થી ૧૦ હજાર જેટલી રકમ નક્કી કરી તે વ્યક્તિના જરૂરી ડોક્યુમેન્ટ તથા પૈસા ઓનલાઈન મેળવ્યા બાદ આર.ટી.ઓ.ની એમ.પરીવહન એપ્લીકેશનમાં લાયસન્સ અંગેનુ ઓનલાઈન ફોર્મ ભરતા હતા, પરંતુ તેની ફી તથા ડોક્યુમેન્ટ અપલોડ નહી કરી અધુરૂ ઓનલાઈન ફોર્મ ભરી આરોપીઓ પોતાના મોબાઈલ ફોનમાં WPS Application મારફતે એડીટીંગ કરી તે વ્યક્તિનુ બનાવટી લન'ગ ડ્રાઈવીંગ લાયસન્સ બનાવતા હતા અને તે બનાવટી લાયસન્સ ઈચ્છુક વ્યક્તિને મોકલી આપતા હતા. આ કૌભાંડીઓ આ ગેર પ્રવૃત્તિ છેલ્લા ૭ મહિનાથી આચરે છે. આજદિન સુધી ૩૦ જેટલા ડુપ્લીકેટ ડ્રાઈવીંગ લાયસન્સ બનાવ્યા હોવાનું જાણવા મળે છે. તેમજ આશરે ૫૦ જેટલી વ્યક્તિઓ પાસેથી પૈસા લઈ તેઓને ડ્રાઈવીંગ લાયસન્સ બનાવી નહી આપી છેતરપીડી આચરી છે. આરોપીઓ વિરૂધ્ધમાં કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરવામા આવ્યો છે.


## પશ્ચિમ રેલવે ઉધના ⇌ માલદા ટાઉન વચ્ચ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૦૧૩ | ઉધના - માલદા ટાઉન | ૧૭/૦૪/૨૦૨૬ અને ૨૪/૦૪/૨૦૨૬ | ૧૪:૩૦ કલાકે (શુક્રવાર) | ૦૫:૧૦ કલાકે (રવિવાર) |
| ૦૯૦૧૪ | માલદા ટાઉન - ઉધના | ૧૯/૦૪/૨૦૨૬ અને ૨૬/૦૪/૨૦૨૬ | 08:10 કલાકે (રવિવાર) | ૨૩:૪૫ કલાકે (આગામી દિવસ) |

**હોલ્ટ્સ:** નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, પટના, બખ્તિયારપુર, મોકામા, કિયૂલ, અભાઈપુર, જમાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બરહરવા અને ન્યુ ફરક્કા સ્ટેશન બંને દિશામાં.

**રચના:** એસી - 3 ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૯૦૧૩ માટે બુકિંગ ૧૩/૦૪/૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકીટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.